# વચનામૃત માર્ગદર્શિકા - ૨

(વચનામૃત સમજવા માટે ઉપયોગી માર્ગદર્શન)



સંકલન કર્તા : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૬૨

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંત:શત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

## અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના
સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત
કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,
અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને
ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ
કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ
સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું
સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય
**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના
ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# વચનામૃત માર્ગદર્શિકા-૨

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૬૨

: સંસ્થાપક:

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄


©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ



(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

ઈન્કમટેક્ષ એક્ષેમ્પશન u/s 80(G)5

***પ્રથમ આવૃત્તિ***

પ્રત : ૨૦૦૦

૨૦૦૭, ૧૬, ફેબ્રુઆરી

સં. ૨૦૬૩ મહા વદ ચૌદશ

***સેવા મૂલ્ય*** : રૂ.૨૦/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦

E-mail : info@shriswaminarayandivinemission.com

Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***

મુદ્રણ સંસ્કાર;

મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઑફસેટ

આંબલી ગામ

# નિવેદન

જીવાત્માની આધ્યાત્મિક ઉત્ક્રાંતિની ચરમસીમા સર્વાવતારી પરમાત્માના દિવ્યસ્વરૂપમાં અનાદિમુક્તની-કૈવલ્યમુક્તની આત્યંતિક સ્થિતિ છે. એ સ્થિતિ પ્રાપ્ત કરાવવાના કેવળ કરુણાસભર ઉદ્દેશ્યથી સર્વોપરી પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રગટ થઈ મુમુક્ષુઓની વિવિધ કક્ષાઓને લક્ષ્યમાં રાખી ઉપદેશામૃતની વર્ષા કરી. એ ઉપદેશામૃતને સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ. ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી, સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી, સ. ગુ. શ્રી શુકાનંદ સ્વામી જેવા મહાન સદ્‌ગુરુઓએ ગ્રંથસ્થ કરી 'વચનામૃત' ગ્રંથ તૈયાર કરી સમગ્ર માનવકુળને ઉપકૃત કર્યું છે. એમાં રહેલા ગહન આધ્યાત્મિક રહસ્યોને સમજાવવા માટે શ્રીહરિના સંકલ્પથી પ્રગટ થયેલા અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીએ 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા' રચી પ્રભુના કાર્યમાં અદ્વિતીય ફાળો આપી અભિવૃદ્ધિ કરીને સારા ય સત્સંગને બદલો ન વાળી શકાય એવો ઋણી બનાવી દીધો છે.

શ્રીમુખ વાણી વચનામૃત તથા તેની રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાના નિત્યપઠન અને અભ્યાસ વખતે ઉદ્‌ભવતા કેટલાક પ્રશ્નો જેમ કે કેટલાક શબ્દોના અર્થ, શાસ્ત્રોક્ત રીતે વર્ણવેલ બ્રહ્માંડની રચના, આધ્યાત્મિક સ્તરો, કેટલાક આધ્યાત્મિક રહસ્યો-વગેરે અનેક મુદ્દાઓ સરળતાથી સમજી શકાય એવા મહત્ત્વના હેતુને ધ્યાનમાં રાખી અ. મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈએ સેવકો પાસે પોતાના માર્ગદર્શન હેઠળ એક માર્ગદર્શિકા તૈયાર કરાવેલી. તેના આધારે 'વચનામૃત

માર્ગદર્શિકા' શીર્ષક હેઠળ આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. એનો ઉદ્દેશ્ય કેવળ અભ્યાસુની સરળતા માટે છે. આ ગ્રંથને વાચકની સગવડતા ખાતર ત્રણ વિભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે.

દ્વિતીય વિભાગમાં દરેક વચનામૃતમાં રહેલા શાસ્ત્રના શ્લોકો તથા એ વખતની મધ્યકાલીન ગુજરાતી ભાષાના કેટલાક શબ્દો વગેરેનું સંક્ષિપ્ત વિવરણ અને તેનો વર્ણાનુક્રમ આપેલાં છે.

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન સંસ્થાના રજત જયંતિ પ્રસંગના ઉપલક્ષે પ્રકાશિત થયેલ આ માર્ગદર્શિકા વચનામૃતનો તલસ્પર્શી અભ્યાસ કરવાની જિજ્ઞાસાવાળા મુમુક્ષુઓને ચોક્કસપણે આવશ્યક ભાથું પૂરું પાડશે એવી અમારી શ્રદ્ધા અસ્થાને નહિ ગણાય.

અંતમાં પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન, પરમકૃપાળુ બાપાશ્રી, મહાન સદ્‌ગુરુશ્રીઓ તથા સંસ્થાના પ્રેરણામૂર્તિ વાત્સલ્યમૂર્તિ સદ્‌ગુરુવર્ય અ. મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈની સદાય વરસતી કૃપાવર્ષા આપણ સૌને નવપલ્લવિત કરતી રહે એવી હાર્દિક પ્રાર્થના!

સં. ૨૦૬૩, મહા વદ-૧૪ **પ્રકાશન સમિતિ**
ઈ. સ. ૨૦૦૭, ૧૬ ફેબ્રુઆરી **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# વિષયાનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાન નંબર |
|---|---|---|
| I | **વિવરણમાં સમજાવેલા શબ્દોનો વર્ણાનુક્રમ** | ૧ |
| II | **વિવરણ** | ૩૯ |
| | ૧. પરથારો | ૪૦ |
| | ૨. ગઢડા પ્રથમ પ્રકરણ | ૪૯ |
| | ૩. સારંગપુર પ્રકરણ | ૯૨ |
| | ૪. કારિયાણી પ્રકરણ | ૯૯ |
| | ૫. લોયા પ્રકરણ | ૧૦૫ |
| | ૬. પંચાળા પ્રકરણ | ૧૧૯ |
| | ૭. ગઢડા મધ્ય પ્રકરણ | ૧૨૪ |
| | ૮. વરતાલ પ્રકરણ | ૧૪૩ |
| | ૯. અમદાવાદ પ્રકરણ | ૧૪૯ |
| | ૧૦. અશ્લાલી પ્રકરણ | ૧૫૧ |
| | ૧૧. જેતલપુર પ્રકરણ | ૧૫૨ |
| | ૧૨. ગઢડા છેલ્લું પ્રકરણ | ૧૫૪ |

# વચનામૃત
## માર્ગદર્શિકા-૨

# વિવરણમાં સમજાવેલા શબ્દોનો વર્ણાનુક્રમ

## (અ)

અક્ષિવિદ્યા- ગ.પ્ર.૪૬, લો.૧૫
અખતર ડાયા - ગ.મ.૬૫
અગણોતેરાની સાલ - ગ.મ.૬૩
અગોચર - ગ.પ્ર.૭૮, કા.૧, લો.૭, પં.૪
અગ્નિને અજીર્ણ થયું - ગ.મ.૧૦
અગિયાર પ્રકારનું મદ્ય - ગ.પ્ર.૭૮
અચ્યુત - ગ.પ્ર.૧૩
અચ્યુત, નિરંશ, નિર્વિકાર - પં.૨
અટંટ - ગ.પ્ર.૫૬
અઢાર પુરાણ - ગ.પ્ર.૧૮
અણિમાદિક સિદ્ધિઓ - ૫૨.
अत्र सर्गो विसर्गश्च - વ.૧
अथो विभूतिं - ગ.પ્ર.૪૩
અધિકારી પર - ગ.પ્ર.૧
અધિદૈવ - લો.૧૫, ગ.મ.૧૦
અધિભૂત - લો.૧૫, ગ.મ.૧૦
અધોગતિ - ગ.મ.૪૫
અધ્યાત્મ - લો.૧૫, ગ.મ.૧૦
અધ્યાત્મવાર્તા - ગ.પ્ર.૭
અનળપક્ષી - સા.૧૭

અનાદર - લો.૧૭
અનાદિમુક્ત - ગ.પ્ર.૫
અનુગ્રહ - ગ.પ્ર. ૧
અનુવર્તી - લો.૧૦
અનુસ્યૂત - સા.૬, લો.૧
अनेक जन्म संसिध्ध - ગ.પ્ર.૧૫, સા.૧૧, ગ.મ.૧, ગ.મ.૮, ગ.મ.૧૬
અન્નમય-મનોમય-વિજ્ઞાનમય-આનંદમય બ્રહ્મ - લો.૭
अन्यक्षेत्रे कृतं पापं - ગ.પ્ર.૧, ગ.મ.૩
અન્વયપણે - ૫૨. ગ.પ્ર.૭
અન્વયવ્યતિરેકપણું - ગ.પ્ર.૩૩
अपरेयमित स्त्वन्यां - લો.૭
अपरिमिता ध्रुवास्तनुभुतो - લો.૧૩
અભિચાર - ૫૨.
અભિલાષા - કા.૩
अमायया - પં.૭
અયોધ્યાવાસીને ઘેર - ગ.મ.૪૩, ગ.મ.૪૫
અરણાપાડા - ગ.પ્ર.૨૯
અરૂપ - ગ.પ્ર.૬૬
અરૂપપણે - ગ.પ્ર.૬૪
અર્ચિમાર્ગે - ગ.પ્ર.૭, ગ.પ્ર.૨૧
અર્જુનસોતા - કા.૮
અર્થમાત્રનો આશ્રય - ગ.પ્ર.૧૨
અલૌકિક - ગ.પ્ર.૭૧
અલિંગ - લો.૮

अवजानंति मा मूढा - લો.૧૮, પં.૭
અવધિ - લો.૫
અવરાઈ ગયો હોય - ગ.મ.૨૯
અવસ્થા - સા.૬
અવાંતર - ગ.પ્ર.૬૫, પં.૨
અવિદ્યા - ગ.પ્ર.૧૨
અવિદ્યારૂપ - ગ.છે.૧૯
અશરીરી - ગ.પ્ર.૬૪
અષ્ટસિદ્ધિ - ગ.પ્ર.૪૭
અષ્ટાવરણ - ગ.મ.૪૨
અષ્ટાવરણે વેષ્ટિત - ગ.પ્ર.૩૩
અષ્ટાંગયોગ - ગ.પ્ર.૨૫
અસલાલી - અશ.૧
અસાધારણ કારણ - ગ.પ્ર.૫૭
अहो अमी देववरामरार्चितं - વ.૧૨
अहं ब्रह्मास्मि - લો.૭
अहो ! भाग्यमहो ! भाग्यं नंदगोप - ગ.છે.૨૮
અહંમમત્વના ઘાટ - ગ.પ્ર.૪૪
अहं वैश्वानरो भूत्वा - પં.૪
અહંબુદ્ધિ - ગ.પ્ર.૮
અંગરખું - ગ.પ્ર.૨૩
અંગૂષ્ઠમાત્ર પરિમાણ - ગ.છે.૩૧
અંડજ - ગ.પ્ર.૧૩
अंते या मति - ગ.પ્ર.૧૪
અંતરાય - ગ.પ્ર.૫૭, ગ.પ્ર.૭૩

અંતર્ધાન - પર.
અંતર્ભાવ - ગ.પ્ર.૭૨
અંતર્યામીપણે - ગ.પ્ર.૭
અંત:કરણ - ગ.પ્ર.૮
અંધધંધ - સા.૬
અંશકળા - લો.૪

(આ)

આઠવલું - ગ.પ્ર. ૫૬
આત્મા-અનાત્માનો વિચાર - ગ.પ્ર.૫૮
आत्मारामाश्च मुनयो - પં.૨, ગ.છે. ૩
આદર - ગ.મ.૧
આદ્યે - ગ.પ્ર. ૪૧
આદ્ય દૈને - ગ.પ્ર.૪૨
આધાર-આધેય - ગ.પ્ર.૨૧
આધારાદિક છો ચક્ર - પર.
આધુનિક - લો.૭, ગ.મ.૪૯
આધુનિક ઈશ્વર - અ.૮
આપદા - પર.
આપોપું - ગ.પ્ર. ૫૧, જે.૧
आमयो येन - ગ.મ.૧૧
આરબની બેરખ - ગ.પ્ર.૭૦
આરું - ગ.મ.૧
આરોપણ - અ.૪
आर्त्तो जिज्ञासुरर्थार्थी - લો.૭
આલોચ - ગ.પ્ર. ૭૮

આવળના પાટા - ગ.પ્ર.૭૩
આવરણ- ગ.પ્ર.૧
आसामहो चरणरेणु - ગ.છે. ૨૮
આસુરી -ગ.પ્ર. ૩૧
આહાર - ગ.પ્ર.૧૮
આંટી - ગ.મ.૫૯

(ઇ)

ઇડા-પિંગળા નાડી - ગ.પ્ર.૬૫
ઇદં - સા.૩
इदं हि विश्वं - પં.૨
ઇશક - કા.૧૦
ઇંડકટાહ - કા.૮
ઇંદ્રિયો - ગ.પ્ર.૮
ઇંદ્રિયોના ગોલક - સા.૧૨, ગ.મ.૬૨
ઇંદ્રિયોની વૃત્તિ લોમ થઈ - વ.૨૦

(ઉ)

ઉચ્છેદ - ૫૨.
ઉત્કૃષ્ટપણું - ગ.પ્ર.૭૪
ઉદર - ગ.પ્ર.૬૫
ઉદ્‌ભિજ - ગ.પ્ર.૧૩
ઉન્માને - ગ.પ્ર.૫૬
ઉન્મત્ત - કા.૧, વ.૧૭
ઉન્મત્તપણું - સા.૨
ઉપવાસનો ખાંગો - ગ.છે.૩૨
ઉપશમ - ગ.પ્ર.૬૫, લો.૮

ઉપાધિ - ગ.પ્ર.૩૩, ગ.પ્ર.૬૨, કા.૮, અ.૨
ઉપાસના - ગ.પ્ર.૨૬
ઉરુકાળ - ગ.પ્ર.૯
ઉસીકું - વ.૫

(ઊ)

ઊપન્યો - કા.૩
ઊર્ધ્વપુંડ્ર - ૫૨.
ઊર્ધ્વરેતા - ગ.પ્ર.૫૬

(એ)

એકકાળાવચ્છિન્ન - કા.૧
એકડમલ - ગ.મ.૯
એકડમલ વિમુખ - લો.૬
એકદેશસ્થ - કા.૧
એકદેશસ્થપણું - ગ.પ્ર.૫૨
एक मेवाद्विितीयंबह्म - લો.૧૩
એક પાડમાં - ગ.મ.૫૫
એકાંતિક - ગ.પ્ર.૩૮
એકાંતિક ધર્મ - ૫૨.
एकोडहं बहुस्याम् - ગ.પ્ર.૪૧
एतदीशनमीशस्य - લો.૧૩

(ઐ)

ઐશ્વર્ય - ૫૨., ગ.પ્ર.૧, ગ.પ્ર.૮

(ઓ)

ઓગણાતેરા કાળમાં - ગ.પ્ર.૬૮
ઓછ્પ - ગ.મ.૪

ઓથ - ગ.પ્ર.૭૭
ઓરા - ગ.પ્ર.૩૯
ઓશિયાળા - ગ.છે.૨૧

(ક)

કટી - ગ.પ્ર.૧૩
કમાન ખેંચતો આળસી જાય - ગ.છે.૧૮
કમંડળું - ૫૨.
કનિષ્ઠ - ગ.પ્ર.૨
કરતલ - લો.૬
કરડાં વર્તમાન - ગ.મ.૨૨
કરામત - ગ.છે.૧૨
કરાર - ગ.મ.૨
કરી - ગ.મ.૧૬
કરોડ - ૫૨.
कर्मणो हि अपि - લો.૭
कर्मण्य कर्म - ગ.મ.૧૧
कर्मयोगी - ગ.પ્ર.૧૭
ક્લેશ - ગ.પ્ર.૩૪
કલત્ર - ગ.છે.૪
કલ્પ - ગ.મ.૪૯
કષાયલાપણું - ગ.પ્ર.૧૨
કશ્યપ - ગ.પ્ર.૧૩
કસણી - ગ.પ્ર.૬૧
કસર - ગ.પ્ર.૨૦, ગ.પ્ર.૬૩, કા.૧૦, જે.૫
કસાઈ - લો.૧

કસાયેલું - કા.૧
કળાઈ આવે - વ.૫
કળિયુગ - ગ.પ્ર.૭૭
કંચન - ગ.પ્ર.૬૦
કંઠપ્રાણ - લો.૩
કંઠદેશ - ગ.મ.૨૧
કંદર્પ - ૫૨.
ક્ષર-અક્ષર - ૫૨.
કાકવિષ્ટા - વ.૧૯
કાગદ - ગ.પ્ર.૪૮
કાગદી લીંબુ - ગ.મ.૧૩
કાઠિયાવાડ - ૫૨.
કાપડીના વેષે - ૫૨.
કામ - ગ.પ્ર.૫૮
કારિયાણી - કા.૧
કામના - ગ.પ્ર.૫૬
કાયથ - ગ.છે.૧૪
કાળનેમી - ગ.મ.૪૪
કાંતિ - ગ.પ્ર.૬૩
કિનખાપ- લો.૨
કિરીટ - લો.૧૮
ક્રિયમાણ - લો.૮
કીડિયારાના રોગ - ગ.પ્ર.૧૮
કુક્ષિ -ગ.પ્ર.૬૫
કુડાપંથી - ગ.પ્ર.૪૮
કુરુકૂળ - ૫૨.

કુશાગ્રબુદ્ધિ - ગ.પ્ર.૫૦
કુત્સિતપણું - લો.૬
કુંજર ક્રિયા - ગ.પ્ર.૭૩
કુંડળ - ૫ર.
કુંઠિત - સા.૭, લો.૧૬
કુખ - ૫ર.
કૃચ્છ્રચાંદ્રાયણ - લો.૧
કૃપાવાક્ય - ગ.પ્ર.૩
કૃશ - ૫ર., સા.૧૨
ક્ષુધા - ગ.પ્ર.૧૨
કેશવાદિક ચોવીસ મૂર્તિઓ- ૫ર.
ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ - પં.૩
ક્ષેત્રજ્ઞ - ગ.પ્ર.૧૨
क्षेत्रज्ञं चापि मां - ગ.છે.૩૭
કૈવલ્ય - ગ.પ્ર.૪૨
કૈવલ્યાર્થી - ગ.પ્ર.૩૯, લો.૭
કોટરા - ૫ર.
કોટી કોટી - ૫ર.
કોટીમાં ભાગની પાસંગ - ગ.પ્ર.૫૧
કોણેય - ગ.મ.૧૫, ગ.મ.૧૩
કોરે - ગ.મ.૧
કોશળ દેશ - ૫ર.
ક્ષોભ - ગ.પ્ર.૧૨, ગ.છે.૨૦

**(ખ)**

ખડધાન - ગ.છે.૩૭

ખદ્યોત - સા.૧૭
ખરખરો - ગ.પ્ર.૧૮, ગ.મ.૪૬
ખરપડી - પર.
ખંડન - ગ.પ્ર.૪૦
ખાર હોય - લો.૮
ખાંપો - ગ.પ્ર.૩૭
ખાંડવવન - ગ.મ.૧૦
ખીલે આવવું - ગ.પ્ર.૩૨
ખૂંતીને - પં.૩, ગ.મ.૧

(ગ)

ગઢડા - ગ.પ્ર.૧
ગણેશ ધોળકાની રાણ્યો - ગ.મ.૨૨
ગબરગંડ - ગ.પ્ર.૧૮
ગરજય - સા.૧૭
ગલિતાર્થ - ગ.મ.૧
ગંધર્વ - પર.
ગાફલ - ગ. છે. ૯
ગાફલતા - ગ.પ્ર.૧૮
ગાર કરવી - ગ.પ્ર.૪૭
ગાળીને કાઢી નાખવું - ગ.પ્ર.૫૫
ગાંઠે ધન - ગ.મ.૫૭
ગ્લાનિ - ગ.છે.૨૧
ગુણસામ્ય - ગ.પ્ર.૧૨
ગુદરાણ - કા.૬
ગુંજારવ - કા.૧

ગેબી - ગ.પ્ર.૭૪
ગોત્ર - ૫૨.
ગૌણ પણે - ગ.પ્ર.૪૭
ગોદોહન - લો.૩
ગોમતીજીને કાંઠે - વ.૧
ગોરખ આસન - ગ.પ્ર.૭૩
ગોલા ને ગોલીઓ - ગ.પ્ર.૬૩
ગાલોક - ગ.પ્ર.૧
ગોલોક ધામ - ગ.પ્ર.૭
ગોવર્ધન જેવો સમાધિનિષ્ઠ - ગ.છે.૩૨

**(ઘ)**

ઘટપટાદિક - ગ.પ્ર.૫૧
घटवत्सर्गादि - ગ.પ્ર.૭૧
ઘાટ સંકલ્પ - ગ.પ્ર.૧, સા.૧૨
ઘેડ્ય બેસતી નથી - ગ.પ્ર.૪૧
ઘોરતમ - લો.૧૧
ઘોરનરક - ગ.પ્ર.૪૨
ઘોરપણું - ગ.પ્ર.૧૨

**(ચ)**

ચટકી લાગવી - કા.૭
ચમકપાણ - ગ.મ.૬૬
ચર્તુધા - ગ.પ્ર.૪૩
ચર્તુધા મુક્તિ - ગ.પ્ર.૪૩
ચંડાળ - ગ.પ્ર.૨૩
ચ્યવીને - ગ.પ્ર.૪૧

ચાડી ચુગલી - સા.૧૦
ચાર પ્રકારના ભાવ - ગ.પ્ર.૫૬
ચારભૂત - કા.૮
ચાળા ચૂંથવા માંડવું - ગ.છે.૧
ચાળે ચડી જવું નહિ - ગ.મ.૫૨
ચાંદ્રાયણ - ગ.પ્ર.૩૬, સા.૨
ચિદાકાશ - ૫૨.
ચિદ્ઘનતેજ - કા.૭
ચિરકારી - લો.૬
ચિંતામણિ - ગ.પ્ર.૧, ગ.પ્ર.૨૪
ચૂંથણું - ગ.મ.૧૭
ચોજાળી - પં.૩
ચોફાળ - ગ.પ્ર.૨૦
ચોરચકાર - ગ.છે. ૯
ચોરાશી - ગ.પ્ર.૨૧
ચોવટિયા - સા.૧૫

(છ)

છપરપલંગ - કા.૧
છપાડીને - કા.૫
છપાવી રાખવા - પં.૪
છપિયા - ગ.મ.૬૪
છાપના ચિહ્ન - ૫૨.
છાયામાં દબાય નહિ - ગ.મ.૧૫
છિદ્ર - ગ.પ્ર.૬૫
છીંટની ડગલી - કા.૧૧

## (જ)

જગતની કોરનો - ગ.મ.૫૦
જગતનું પ્રધાનપણું -ગ.છે.૨
જડચિદાત્મક - ગ.પ્ર.૧૨
જનશિક્ષા - ગ.પ્ર.૧૬
જનરલ સાહેબ - ગ.છે.૨૮
जन्मकर्म - ગ.મ.૧૦, વ.૧૮
जन्माद्यस्य यतः - પં.૭
જન્માંતરે - લો.૭
જરણા કરવી - ગ.પ્ર.૨૭
જરાયુજ - ગ.પ્ર.૧૩
જળગરણું - ૫૨.
જળબસ્તિ - ગ.પ્ર.૭૩
જંજાળો - ગ.પ્ર.૭૦
જાણપણું - ગ.છે.૯
જાતકર્માદિક સંસ્કાર - ૫૨.
જાયગા - ગ.પ્ર.૧
जितं जगत् - સા.૧
જિહ્‌વા - ગ.પ્ર.૬૫, લો.૮
જીવનમુક્ત - ગ.પ્ર.૩૯
જીવસત્તા - ગ.પ્ર.૧
જીવસત્તા તદાશ્રિત જે અનુભવજ્ઞાન - લો.૭
જીવિતવ્ય - વ.૧૭
જેતલપુર - જે.૧
જોરાઈએ - કા.૧૧

(ઝ)

ઝંખ્યા જેવું -ગ.પ્ર.૭૭

ઝાડે ફરવા ગયા - ગ.મ.૪૭

ઝાલાવાડ - પ૨.

(ટ)

ટળે ભાવે - ગ.પ્ર.૫૮

ટીંખળ - ગ.મ.૧૦

ટેલ-ચાકરી - ગ.પ્ર.૩૧, સા.૨, ગ.મ.૨૫

ટોકે - લો.૧

(ઠ)

ઠામુકા - ગ.છે.૩૨

ઠા રહે નહિ - ગ.મ.૧૬

ઠા રહેવો - સા.૧૩

ઠાલો થાય - ગ.મ.૨

ઠેબાં - ગ.મ.૧

ઠેલી રાખે - ગ.મ.૨

(ડ)

ડગલી - ગ.પ્ર.૧૩

ડંસ બેસવો - ગ.પ્ર.૩૦, ગ.મ.૬૦

ડાચિયું નાંખવું -લો.૧

ડારા દેનારા - ગ.પ્ર.૬૯

ડારો કર્યો - ગ.મ.૬૦

(ઢ)

ઢીંચણયા - કા.૧

ઢૂંકડું - સા.૧૭

ઢોર લાંઘણ - કા.૧

(ત)

તત્ સૃષ્ટ સૃષ્ટ સૃષ્ટેષુ - લો.૧૩
તદાત્મકપણા - પં.૨
તપ્તકૃચ્છ - કા.૧૨
તમેવ વિદિત્વાતિ - લો.૭
તરખલા - કા.૬
ત્યજ ધર્મમધર્મંચ - ગ.પ્ર.૩૮, લો.૧૫
ત્રણ પ્રકારની સૂરા - પ્ર.૭૮
તાયફા - ગ.પ્ર.૭૮
તારતમ્યતા - ગ.પ્ર.૪૧, કા.૧૦
તાલેવર - ગ.છે.૧૬
તાવી તાવીને - ગ.મ.૫૫
તાસતાનો સુરવાળ - વ.૨
તાળપખાજ - ગ.પ્ર.૨૬
ત્રિગુણાત્મક - ગ.પ્ર.૧૨
તુર્યપદ - સા.૬
તુંબરુ - ગ.પ્ર.૪
તૃણ - સા.૧૫
તૃષા - ગ.પ્ર. ૧૨
તૃષ્ણા - ગ.પ્ર.૫૮
તેની કોરનો કેફ - લો.૩
તેનૈવ રુપેણ - લો.૧૮. પં.૪
તેષાં જ્ઞાની - લો.૭, પં.૩
ત્રેતા યુગ - ગ.પ્ર.૭૭

તૈજસાભિમાની - સા.૬
તૈલંગ દેશ - પર.

(થ)

થડમાં - પર.
થૂંકના સાંધા - ગ.પ્ર.૭૪

(દ)

દઈને - ગ.મ.૧
દક્ષ - ગ.પ્ર.૧૩
દહરવિદ્યા - ગ.પ્ર.૪૬
દગ્ધ - લો.૧
દશ ઇંદ્રિયો, દશ પ્રાણ - ગ.પ્ર.૪૫
દશે દિશાયું કળાય છે - ગ.પ્ર.૪૨
દંઢાવ્ય - પર.
દાદા ખાચરને આપત્કાળ - ગ.પ્ર.૬૪
દાવાનળ - કા.૧
દ્વાપરયુગ - ગ.પ્ર.૭૭
દ્વાપર ને કળિની સંધિ - પર.
દિવ્ય વિગ્રહ - ગ.પ્ર.૧૨
દુબળા - સા.૫
દુબાણો હોય - ગ.મ.૨૭
દુબે - ગ.મ.૬૦
દુબ્યો - ગ.મ.૨૭
દુંદુભિ - પર.
દુર્ભિક્ષ વર્ષ - વ.૬
દ્યુપતય एव ते न - લો.૧૦, ગ.છે.૨૮, ગ.છે.૩૯

દૃશ્ય - ગ.પ્ર.૬૪
દૃષ્ટા - ગ.પ્ર.૬૪
દેઈને સ્ત્રીઓ - ગ.પ્ર.૮
દેવતા - ગ.પ્ર.૧૨
દેશદેશના હરિભક્તો - ગ.પ્ર.૧
દેહગેહાદિક - ગ.પ્ર.૨૧
देहत्रयमलं - ગ.પ્ર.૧
દેહાત્મબુદ્ધિ - ગ.પ્ર.૨૩, ગ.પ્ર.૫૬
दैवी हि एषा गुणमयी - લો.૧૩, વ.૫

**(ધ)**

ધનધામાદિક - ગ.પ્ર.૨
ધર્મામૃત - ગ.પ્ર.૧૬
धाम्ना स्वेन सदा - પં.૭, વ.૭
ध्यायतो पुंसः - ગ.મ.૧
ધુંસરી, ઊંધ્ય, માંચડો - ગ.મ.૩૩

**(ન)**

નકારું - ગ.પ્ર.૩૯
न कुर्यात् कर्हिचित् - લો.૧૪
न तदभासयते - ગ.મ.૧૩
न भूतो न भविष्यति - ગ.મ.૯
નરકચોરાશી - ગ.મ.૧
નરકતુલ્ય - ગ.પ્ર.૨૩
નરેણી - ગ.પ્ર.૬૩
નવનિધિ - ગ.પ્ર.૪૭
નવાનગરનું મોળિયું - ગ.મ.૫૫

નવીન મેઘ - પ૨.
નળ - પ૨.
નંદસુનંદ, શ્રીદામાદિક - પ૨.
નંદીશ્વર - લો૧
નાડિજંઘ - ગ.મ.૮
નાદ - ગ.પ્ર.૨૪
નાદાર - ગ.મ.૧૨
નાના પ્રકાર - પ૨, સા.૩
નાના પ્રકારના - ગ.પ્ર.૧૮
નાભિ - પ૨., સા.૧૪
નાભિકમળ - ગ.પ્ર.૬૩
નામું કર્યું હોય - ગ.પ્ર.૩૮
નારકી - ગ.પ્ર.૩૯
नारायणपरा वेदा - વ.૨
નાળ - ગ.પ્ર.૬૩
નાંગળ - કા.૧
नित्यं विष्णुजनः प्रिय - ગ.છે.૩
નિદિધ્યાસ - સા.૩
નિમગ્ન - ગ.પ્ર.૪૦
નિમિષ - સા.૧
નિયંતાપણે - ગ.પ્ર.૭
નિરાધાર - પ૨.
નિરુત્થાન - ગ.પ્ર.૩૦, ગ.મ.૧૪
નિરોધ - ગ.પ્ર.૨૫
निरंजनः परम साम्युम् - સા.૧૧, કા.૧

નિર્ગુણ સ્વરૂપ - ગ.પ્ર.૧
નિર્વિકલ્પ સમાધિ - ગ.પ્ર.૨૫
નિર્વિશેષ - ગ.પ્ર.૧૨
નિવૃત્તિ - ગ.પ્ર.૩૦
નિવૃત્તિ પામે છે - ગ.પ્ર.૮
નિષેધ - ગ.પ્ર.૩૯
નિષ્કામશુદ્ધિ - ગ.પ્ર.૧૬
નિસ્પૃહી - ગ.પ્ર.૮
નિમાનંદી - ૫૨.
ન્યૂનતા - ગ.પ્ર.૯
नेह नानास्ति किंचन - પં.૨
नैर्गुण्यस्था रमन्ते - પં.૩
નૈમિષારણ્ય ક્ષેત્ર - સા.૭
નૈવેદ્ય - ૫૨.
नैष्कर्मयम् अपि अच्युत - લો.૭
નૈષ્કર્મ્ય કર્મ - અ.૪
નોખી - સા.૧૨

**(૫)**

પગ પાછો પડી જવો - લો.૬
પગકી પહેનિયા - લો.૧૬
પનરવલુ - ગ.પ્ર.૫૬
પરઠવું - ગ.પ્ર.૬૩
પરથારો - ૫૨.
પરદારા - લો.૧૨
પરમ એકાંતિક મુક્ત - ગ.પ્ર.૫

પરમહંસ - ગ.પ્ર.૧૭
પરા - સા.૬
પરાભવ - ગ.છે. ૧૫
પરિછિન્ન - ગ.પ્ર.૫૨
પરિણામપણું - ગ.પ્ર.૧૨, અ.૪
परिनिष्ठितोऽपि नैर्गुण्ये - પં.૨, પં.૩, ગ.મ.૩૯, ગ.છે.૩
પરિપકવ - ગ.પ્ર.૬૧, સા.૧૨
પરિયા - ગ.પ્ર.૭૫
પરુણા - ગ.છે.૧૬
પરોક્ષના ઉપાસકો - ગ.પ્ર.૫
પશુને પાડે - ગ.પ્ર.૧૮
पश्य मे पार्थ - લો.૬, લો.૭
પશ્યંતી - સા.૬
પહોર દિવસ - ગ.પ્ર.૩૩
પળાશનો દંડ - ૫૨.
પંચરાત્ર - - ગ.પ્ર.૫૨
પંચવર્તમાન - ગ.પ્ર.૮
પંચામૃત - ગ.પ્ર.૪૪
પંચાળા - પં.૧
પંડ - ગ.પ્ર.૧૮
પાખંડ - ગ.પ્ર.૯, ગ.પ્ર.૬૮
પાજીપલાવની છાયા - ગ.મ.૫
પાટો ગોઠવો - ગ.છે.૧૫
પાણિયારી - ગ.છે.૩૯
પાણો - કા.૧

પાતર્યું - ગ.પ્ર.૨૯
पातुं धर्मम् अधर्म - ૫૨.
પાદુકા - કા.૬
પાદ્મકલ્પ - ગ.પ્ર.૧૩
પાધરા - ગ.પ્ર.૬૩, કા.૭
પાયખાનું -ગ.મ.૪૭
પારસી કરીને - ગ.મ.૫૫
પાર્ષદ - ૫૨.
પાલવવું - ગ.મ.૩૨
પાસંગ - ગ.મ.૫૭
પાળા - ગ.મ.૪૫
પિતરાઈ દાવો - ગ.મ.૨૫
પિતૃદેવ કર્મ - કા.૧
પિંડ બ્રહ્માંડ - ગ.પ્ર.૨૬
પિંડીકરણ - ગ.પ્ર.૧૨
પિંડી ભાવ - લો.૧૫
પિંપરની ટેટી - પં.૧
પુત્રકળત્રાદિ - સા.૧,ગ.મ.૩૬
પુરુષ સૂક્ત - ૫૨.
पुरुषेणात्मभूतेन - પં.૭
પુષ્ટિ - ગ.મ.૫૮, ગ.છે.૨
પૂગતાં - લો.૭
પૂર્ણકામ - ગ.પ્ર.૯
પૂર્ણમાસી - ગ.મ.૧
પૂર્વાપર - ગ.પ્ર.૩૯

પૂંછલેલ ઢોર - ગ.મ.૧૩
પોસની - ગ.પ્ર.૨૪
પ્રકંમા - ગ.પ્ર.૪૮
પ્રણવ - પર., અ.૬
પ્રતિપાદન - ગ.પ્ર.૪૦, ગ.મ.૬
પ્રતિલોમપણું - સા.૬
પ્રધાન - ગ.પ્ર.૪૭, કા.૧
પ્રબોધિની એકાદશી - પર.
પ્રમાદ - સા.૧૪
પ્રલંબાસુર- ગ.પ્ર.૫૯
પ્રવર - પર.
પ્રશ્નનું સમાધાન - ગ.મ.૬૪
प्रसंगमजरं - ગ.પ્ર.૫૪, ગ.છે.૨૪
પ્રાકૃત - પર.
પ્રાકૃતભક્ત - ગ.પ્ર.૩૮
પ્રાજ્ઞ - સા.૬
પ્રાણ - ગ.પ્ર.૧૨
प्रायेण मुनयो राजन् - ગ.છે.૩
પ્રારબ્ધ - ગ.પ્ર.૨, લો.૮
प्रियो ही - ગ.મ.૧
પૃથક - પર.
પૃથકપણે - ગ.પ્ર.૭
પૃથ્વ્યાદિક - ગ.પ્ર.૪૬
પ્રોવાણી - સા.૨
પ્રૌઢા - સા.૧૫

(ફ)

ફળી - ગ.પ્ર.૫૯

ફણા - ૫૨.

ફાટી દૃષ્ટિએ - કા.૩

ફાટેલ દૃષ્ટિ - સા.૨

ફાળકો - ગ.મ.૧

ફેલ ફતૂર - ગ.પ્ર.૯, ગ.પ્ર.૬૮

ફેલ્ય - ગ.મ.૧

ફેંટો - ગ.પ્ર.૨૩

ફેંટાનો પેચ - પં.૧

ફોશી - લો.૮

(બ)

બકતરરૂપ - ગ.મ.૧૬

બખેડો - લો.૧૭

બટવો - ૫૨.

બદરિકાશ્રમ - ૫૨.

બુદ્ધજીવ - સા.૫

બપોરિયા - લો.૧૫

બરકત - જે.૫

બરછી - ગ.પ્ર.૬૩

બરલે છે - ગ.છે.૪

બરલ્યા જેવું બોલાય - ગ.છે. ૪

બરાબરિયાપણું - ગ.મ.૨૫

बहवो ज्ञानतपसा - કા.૧

બહુધા - લો.૮

બહિર્વાસે સહિત કૌપીન - ૫૨.
બ્રહ્મકુદાળ - લો.૭
બ્રહ્મજ્યોતિ - ગ.પ્ર.૭
બ્રહ્મનિરૂપણ - ગ.પ્ર.૩૯
ब्रह्म भूतः प्रसन्नात्मा - લો.૭, પં.૨, ગ.છે.૩
બ્રહ્મમોહોલ - ગ.પ્ર.૧
બ્રહ્મરંધ્ર - ગ.પ્ર.૬૫
બ્રહ્મવિદ્યા - ગ.પ્ર.૪૬
બ્રહ્મસુષુપ્તિ - ગ.પ્ર.૬૪
બાધિતાનુવૃત્તિ - ગ.છે.૪
બારણે - ગ.પ્ર.૭૮
બાળગ્રહ - ૫૨.
બાળમુકુંદ - ૫૨.
બ્રાહ્મકલ્પ - ગ.પ્ર.૧૩
બ્રાહ્મણોની ચોરાશી - ગ.મ.૨૨
બિલોરી કાચ - લો.૪
બિજબળ - સા.૫
બીજા જાર - જે.૫
બુરાનપુરી - લો.૨
बुद्धींद्रिय-मनःप्राणान् - કા.૧
બૃહસ્પતિ - પં.૧
બૃહદ્ધર્મ - ગ.પ્ર.૧૬
બેપરવાઈ થઈ જવાય - ગ.છે.૮
બેરખા - ગ.પ્ર.૩૦
બોકાની - ગ.પ્ર.૪૪

(ભ)

ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય - ગ.છે.૨૩
ભગવાનની કોરનો - ગ.મ.૧૮
ભગવાન ને સંત - ગ.પ્ર.૬
ભડવા - ગ.પ્ર.૨૯
ભાગવતીતનુ - સા.૧૪
ભારતાદિક ઇતિહાસ - ગ.પ્ર.૧૮
ભાલ - પ૨.
ભાવર - લો.૧
ભાષા - ગ.મ.પ૮
ભીડો - ગ.પ્ર.૭૬, વ.પ
भुभारः क्षपितो येन तां - લો.૧૮
ભૂગોળ ને ખગોળ - પ૨.
ભૂત - ગ.પ્ર.૧૨
ભૂમાપુરુષ - ગ.પ્ર.૬૬
भूमिरापोडनलो वायुः - લો.૭
ભેખધારી - ગ.પ્ર.૩૬
ભેખ લીધો હોય - ગ.પ્ર.૩૭
ભોજન - વ્યંજન - ગ.મ.૬પ

(મ)

મકરાકાર - પ૨.
મચ્છ, કચ્છ, વરાહ્નૃસિંહ - લો.૪
મણિમય મોહોલાત્ય - સા.૪
મતવાદી - પ૨., ગ.પ્ર.૬૨
मत्त परतरं नान्यति - લો.૭

મત્સર - ગ.પ્ર.૫૮, કા.૬
મદ - ગ.પ્ર.૫૮, વ.૬
મદિરા પાન કરનારી પાતર્યું - ગ.પ્ર.૫૫
मद्भयात् वाति वातो - લો.૧૬, ગ.છે.૫
મધ્યમા - સા.૬
મધ્યલોક - ગ.મ.૪૫
મધ્યા - સા.૧૫
મન વ્યભિચારને ન પામે - અ.૭
મનમુખી - સા.૧૩
મનસુબા - ગ.પ્ર.૭૮
મનોમય ચક્ર - ગ.પ્ર.૭૩
મને સહ વર્તમાન - સા.૫
મને સોતી દૃષ્ટિ - સા.૫
મનોરથ - કા.૫
મનોવહા નાડી - ગ.પ્ર. ૭૩
मम साधर्म्य मागता - લો.૧૩
મમત્વબુદ્ધિ - ગ.પ્ર.૮
ममैवांशो जीवलोके - ગ.મ.૮
મરિચ્યાદિક - પ૨., ગ.પ્ર.૧૩
મલિન - ગ.પ્ર.૧૮
મશરુ - કા.૧
મહદાદિક - ગ.પ્ર.૧૨
મળિયાગર ચંદન - ગ.છે.૨૩
માજમ - ગ.પ્ર.૭૮
માત્રા - ગ.પ્ર.૧૨

માધવી સંપ્રદાય - પર.
માયાના ઉદરમાં - ગ.મ.૬૪
માયાનું તમ - કા.૮
માયા સબળિત બ્રહ્મ - ગ.પ્ર.૬૬, સા.૬
માર્ગીનો પંથ - લો.૩
માહ્યલી કોરથી - લો.૫
मिथिलायां प्रदीप्तायां - ગ.પ્ર.૩૮
મિથ્યા - ગ.પ્ર.૩૯
મિનડિયું - ગ.પ્ર.૨૧, ગ.મ. ૫૭
મિષે - પર., ગ.પ્ર.૨૬
મીંઢી આવળ - ગ.પ્ર.૭૪
મુક્ત જીવ - સા.૫
મુગ્ધા - સા.૧૫
મુવાળા - લો.૧૫, ગ.મ.૫૫
મુંજ - પર.
મું જેવા - ગ.મ.૬૭
મુંમાં - ગ.મ.૬૬
મૂર્તિ - પર.
મૂર્તિમાન વાર્તા - ગ.મ.૯
મૂળ અક્ષર - પર.
મેખલા - પર.
મેર - ગ.મ.૧
મેષોન્મેષે રહિત - લો.૮
મોકળી - ગ.મ.૩૩
મોક્ષધર્મનું પુસ્તક - પં.૨

મોથ - લો.૧૭
મોદ - કા.૨
મોર - ગ.પ્ર.૧૮, ગ.મ. ૪૪
મોહ - સા.૧૪
મોહની સ્વરૂપ - ગ.પ્ર.૨૩
મૃગયા - વ.૧૦

**(ય)**

યક્ષ - ગ.પ્ર.૫૬, ગ.મ.૪૬
યજ્ઞોપવિત - પ૨.
યતિ - જે.૨
यतोवाचो - કા.૧, પં.૨
यत्र त्रिसर्गो मृषा - પં.૭
यत्र योगेश्वर - ગ.પ્ર.૭૦
યદુકુળ - પ૨.
યદ્યપિ - લો.૬
यन्नमधेय-श्रवणानु कीर्तनम् - ગ.છે.૫
યવન - પ૨., ગ.મ.૬
यश्च मूढतमो लोके - લો.૧૦
यस्य पृथ्वी शरीरं - લો.૭
यस्याक्षर शरीरं - લો.૭
यस्मात् क्षरम् - લો.૭, પં.૬
यस्यात्मा शरीरं - લો.૭
यस्यात्म बुध्धिः - ગ.મ.૫૪, ગ.છે.૨૪
यानास्थाय नरो राजन् - ગ.છે.૨૪
या निशा सर्वभूतानां - ગ.પ્ર.૫૦, ગ.મ.૨૦

યોગમાયા - ગ.મ.૬૪
येऽन्ये स्वतः परिहृतादपि - ગ.છે.૩૩
(ર)
રગડ - લો.૧૧
રતિવા - ગ.છે.૨૫
રસિક કીર્તન - ગ.પ્ર.૨૬
રસિક માર્ગ - ગ.મ.૩
રહસ્યાર્થ પ્રદીપિકા - ગ.પ્ર.૧
રંચ - ગ.પ્ર.૧૮
રંગમાત્ર - ગ.છે.૨૫
રામપત્તર - ગ.પ્ર.૭૦
રામાનુજ સંપ્રદાય - પર.
રાસપંચાધ્યાયી - ગ.મ.૧૭
ઋતુસમે - ગ.પ્ર.૩૪
ऋते ज्ञानान्न मुक्तिः - લો.૭
રુદ્ર- કા.૧
ऋषिं नारायणे मृते - ગ.છે.૩૩
રૂંધવું - ગ.પ્ર.૬૫
રેટો - ગ.છે.૨૩
રોમાંચિત ગાત્ર - સા.૩
(લ)
લક્ષ - ગ.પ્ર.૬૫
લક્ષાવધિ - પર., ગ.મ.૬૨, વ.૬
લક્ષ્યાર્થ - ગ.પ્ર.૭
લખાવી દેશું - ગ.પ્ર.૪૮

લખેશરી શાહુકાર - ગ.છે. ૩૭
લગણ - સા.૧
લય - ગ.પ્ર.૬૫
લલાટ - ગ.પ્ર.૩૨
લલોચપો - લો.૬
લવણ - ગ.મ.૬૫
લહેરી છે - લો.૭
લંપટ - કા.૧૨
લંબકર્ણ - ગ.છે. ૧૪
લીલાગર ભાંગ્ય - ગ.પ્ર.૧૮
લૂક - ગ.મ.૨૩
લેશમાત્ર - ગ.મ.૩
લોકાલોક પર્વત - કા.૮
લોકાંતર - કા.૧
લોપી શકે નહિ - ગ.પ્ર.૨
લોયા - લો.૧
લોહી ખંડ - પેટ બેસણું - ગ.પ્ર.૧૦

**(વ)**

વચનના ડંક મારવા - ગ.છે.૨૪
વચનના ભીડામાં - ગ.પ્ર.૭૬
વજ્ર - ગ.છે.૭
વજ્રસાર - કા.૧૨
વડવાનળ અગ્નિ - ગ.પ્ર.૭૨, વ.૩
વમન - ગ.છે.૩૯
વરતાલ - વ.૧

વર્તમાનની આડ - ગ.પ્ર.૧૮
વર્ણાશ્રમ ધર્મ - ગ.પ્ર.૨૧
વર્ણસંકર -ગ.પ્ર.૩૧
વલ્લભકુળ - ૫૨.
વસ્તુતા - કા.૨
વાક્ - ગ.પ્ર.૬૫
વાચ્યાર્થ - ગ.પ્ર.૭
વારાહાદિક અવતાર - ૫૨.
વારી ફેરીને - સા.૧
વાલખિલ્ય ઋષિ - ગ.પ્ર.૬૪
વાસનાએ વસાણું છે - ગ.પ્ર.૩૮
વાસના લિંગ દેહ - ગ.મ.૬૨
વાસુદેવ - ગ.પ્ર.૬૬
વાસુદેવ નારાયણના મંદિરની સમીપે - ગ.પ્ર.૧૩
વાસુદેવ માહાત્મ્ય - ગ.પ્ર.૨૩
વાસુદેવાદિક ચતુર્વ્યૂહ - ૫૨.
वासुदेवपरा वेदा - વ.૨
વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ - પં.૨
વાંકડા પ્રશ્ન - વ.૫
વાંછવું - ગ.પ્ર.૬૯
વાંઝિયો - ગ.પ્ર.૭૦
વાંસે બેસે - ગ.મ.૬૧
વિકળ - સા.૧
વિક્તિ - સા.૪
વિક્ષેપ - ગ.પ્ર.૧૮, ગ.છે.૨

વિજાતિ - ગ.મ.૪૩
વિટમણા - કા.૭
વિદેહી મુક્ત - ગ.પ્ર.૩૯
विद्याविधे मम तन् - લો.૧૦
વિધિનિષેધ - ગ.પ્ર.૪૨, ગ.મ.૬
વિપરીત - ગ.પ્ર.૪૪
વિપરીતપણું - લો.૧૭
વિપર્યયપણું - લો.૧૩
વિભ્રાંત - ગ.છે.૨
વિભ્રાંતિ - ગ.મ.૧
વિમુખ - ગ.પ્ર.૩૨
વિમૂઢપણું - ગ.પ્ર.૧૨
વિલક્ષણ - ગ.પ્ર.૬૪
વિશલ્યકરણી ઔષધિ - ગ.છે.૩૯
વિશ્વ, તૈજસ ને પ્રાજ્ઞ -પં.૨
વિશ્વાભિમાની - સા.૬
વિશ્વાત્મા - ગ.પ્ર.૭૩
વિષમપણું - લો.૧૦
વિષયનો લીધો લેવાય છે - ગ.મ.૪
विषयाविनिवर्त्तन्ते - લો.૧૦, છે.૩૨
विष्टभ्याहमिदं - લો.૭
વિષ્ણુયાગ - ગ.પ્ર.૩
વીધા - લો.૩
વેણુ - ૫૨.
વેદસ્તુતિના ગદ્ય- ગ.પ્ર.૪૧, લો.૧૩

વેલ્યું - ગ.પ્ર.૬૩
વૈકુંઠ - ગ.પ્ર.૧
વૈખરી - સા.૬
વૈરાગ્યની અવધિ - જે.૩
વૈશ્વાનર નામે અગ્નિ અભિમાની દેવતા - ગ.પ્ર.૬૫
વ્યતિરેક - ગ.પ્ર.૭
વ્યતિરિક્ત - પં.૨
વ્યભિચરી જાય - ગ.પ્ર.૪૭
વ્યષ્ટિદેહ - પં.૨
વ્યષ્ટિ પુરુષ - ગ.મ.૩૧
વ્યાપક ચૈતન્ય પ્રકૃતિ - લો.૭
વ્યાપ્ત - ૫૨.
વ્યાપ્ય પ્રકૃતિ - લો.૭
વૃથા ભ્રાંતિ - ગ.મ.૫૭
વૃંદળ - ગ.છે.૧૨
વ્યોમ - ૫૨.

(શ)

શબ્દછળ - ગ.પ્ર.૬૬
શમદમાદિક - કા.૧
શરીરી - લો.૭
श्रध्धावान लभते - ગ.મ.૧૬
श्रवणं कीर्तनं - ગ.પ્ર.૪૦
શ્વપચ - ગ.પ્ર.૨૩, કા.૧૦
શાણે - લો.૫
શાહુકાર - પં.૧

શાળ - સા.૧૧
શાળગ્રામ - ૫૨.
શિખા - ગ.પ્ર.૩
શિશુમાર ચક્ર - ગ.પ્ર.૬૫, ગ.મ.૨૧
શિંગડિયો વછનાગ - ગ.પ્ર.૬૨, ગ.છે.૧૪
શ્રીજીમહારાજ - ૫૨.
શ્રીવચ્છનું ચિહ્ન - ૫૨.
શુશ્રૂષા - ગ.પ્ર.૪૧
શૂળી - ગ.પ્ર.૭૦
શૂન્યસમતા - ગ.મ.૪૩
શ્રુતિ - ગ.પ્ર.૧૪, લો.૭
શેલું - ગ.પ્ર.૧૩

**(ષ)**

ષટ્ઉર્મિ - લો.૧૨, જે.૪
ષટ્ચક્ર - ગ.પ્ર.૧, ગ.પ્ર.૪૯
ષટ્શાસ્ત્ર - ગ.પ્ર.૧૮
ષટ્સંપત્તિ - લો.૧૫

**(સ)**

स ईक्षत - પં.૭
સકામ - ગ.પ્ર.૧
સગુણ - નિગુર્ણ - ગ.પ્ર.૬૬
સગુણ - નિર્ગુણરૂપ - ગ.પ્ર.૯
સગુણ - નિર્ગુણપણું - ગ.પ્ર.૩૩
સચ્ચિદાનંદ - ૫૨., ગ.પ્ર.૭
સચેતન - ગ.પ્ર.૨૭

સજાતિ - ગ.મ.૪૩

સડતાળાના રાંક - પં.૧

સતયુગ - ગ.પ્ર.૭૭

સતી - ગ.મ.૬૧

सत्यं, शौचं, दया - ગ.પ્ર.૬૨

સત્સંગ થાતાં વાંત - ગ.છે.૨

સત્તામાત્ર - ગ.પ્ર.૭

સત્તારૂપે - ગ.મ.૪૩

सत्त्वं यद् बह्मदर्शनम् - લો.૧૦

સદ્યસમાધિ - લો.૧૧

સનાતન - ૫૨.

સભર ભર્યો છે - ગ.પ્ર.૪૨

समलोष्टाश्मकांचनः - ગ.મ.૧

સમાશ્રય - ગ.છે.૧૦

સમાસ - ગ.પ્ર.૨૯, કા.૮

સરભ - અ.૪

સરવરિયા - ૫૨.

સર્ગ - ગ.પ્ર.૩૩

सर्वं खल्विदं ब्रह्मं - ગ.પ્ર.૭૧, પં.૨

सर्व धर्मान् - ગ.પ્ર.૪૭, ગ.મ.૯, ગ.મ.૧૭, વ.૫

સવાસનિક - સા.૧૧

સવિકલ્પ સમાધિવાળા - ગ.પ્ર.૩૯, ગ.પ્ર.૪૦

स वेद धातुः - ૫.૭

સહસ્ત્ર દળનું કમળ - સા.૬

સંકરપણું - ગ.છે.૧૪

સંપત્તિ - લો.૧૦, પં.૩
સંસારની વિટમણા - ગ.મ.૬૨
સંસૃતિ - મ.૧, લો.૧૧, લો.૧૫
સાઈદી - ગ.મ.૬૬
સાડાસોળવલું કંચન - ગ.મ.૫૫
સાત ધાતુ - ગ.પ્ર.૭૩
સાત ભૂમિની હવેલી - ગ.પ્ર.૬૩
સાત મન્વંતર - ગ.પ્ર.૪
સાદૃશ્યપણું - પં.૪, ગ.છે.૩૧
સાધનદશાવાળા એકાંતિક - ગ.પ્ર.૩
સાધર્મ્યપણું - ગ.પ્ર.૨૧, કા.૧૦
સાભ્રમતિ - ૫૨.
સામ, દામ, દંડ, ભેદ - વ.૧૦
સામવેદી - ૫૨.
સામ્યાવસ્થા - જે.૧
સારી-નરસી - લો.૮
સારંગપુર - સા.૧
सालोक्य सार्ष्टी - ગ.પ્ર.૪૩
સાવકાશે - લો.૭
સાંખ્યયોગી - ગ.પ્ર.૧૭
સાંબ - પં.૩
સિદ્ધિઓ - ગ.પ્ર.૬૧
સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગાંધર્વ, દેવતા - ગ.મ.૨૪
સુખના સિંધુ - ગ.છે.૨
સુખલેશ - સા.૬

સુદર્શનાદિક આયુધ - પ૨.
સુધાં સારા - લો.૬
સુધિ સુરત - ગ. પ્ર.૪૭
સુધુ દૃઢવૈર - ગ.પ્ર.૭૮
સુધુ નકારું - ગ.મ.પ૬
સુરત રાખે - ગ.છે.૯
સુરવાળ - ગ.પ્ર.૧૩
સુવાણ - લો.૧૪, પં.૪, ગ.મ.૩૯
સુષુમ્ણા નાડી - ગ.પ્ર.૬પ
સુંસરો - લો.૧૪
સેજબંધ - કા.૧
સેર્ય - ગ.મ.૨
સોતા - જે.પ
સોતી - લો.૭
સોનામહોરની વાંસળી કેડે બાંધવી - ગ.મ.૧૩
સોરઠ - પ૨.
સોળવલું - ગ.પ્ર.પ૬
સ્તબ્ધપણું - લો.૧૪
સ્તંબપર્યંત - ગ.પ્ર.૧૩, લો.૯
સ્થાવર-જંગમ - લો.૪
સ્થૂળ - ગ.પ્ર.૪૭
સ્મૃતિ - ગ.પ્ર.૩૯
સ્વરાટ થકી બિરાજમાન - લો.૧૩
स्वल्पम् अपि अस्य - ગ.મ.૯
સ્વાભાવિક પ્રકૃતિ - ગ.પ્ર.પ૩

સ્વામી કાર્તિક - કા.૩
સ્વેદજ - ગ.પ્ર.૧૩

(હ)

હજૂર - ગ.પ્ર.૨૧
હમેલિયો - ગ.છે.૨૮
હરામ કરવું - કા.૧૧
હરાયું ઢોર - ગ.પ્ર.૩૨
હરિવાક્ય સુધાસિંધુ - ૫૨.
હલ્લાં - ગ.પ્ર.૭૪
હસ્તિ - ગ.પ્ર.૬૩
હાણ્ય-વૃદ્ધિ - ગ.મ.૪૬
હારદ્ - કા.૧
હારે જે ઓરડો - ગ.પ્ર.૨૮
હાલાર - ૫૨.
હિમ - ગ.મ.૨૩
હિમાળા - ૫૨.
હિરણ્યગર્ભ - સા.૬
હિંડળતો - સા.૧૪
હીણ્યપ - ગ.પ્ર.૮
હૂત દ્રવ્યાદિક - ગ.પ્ર.૧૨
હેય - ગ.પ્ર.૬

# વિવરણ

વચનામૃતમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સાત સામાન્ય ભણતરવાળા મનુષ્યોને સમજ પડે તેવી સરળ અને તેમના રોજિંદા વપરાશની ભાષામાં તેમને સમજાય તેવા ઉદાહરણોથી છેલ્લામાં છેલ્લું તત્ત્વજ્ઞાન કરેલું છે, તે સાથે પંડિતોના પ્રશ્નોતરીના પણ જવાબો આપેલા છે.

શાળા-મહાશાળામાં હાલ જે પ્રકારનું ભણતર અપાઈ રહ્યું છે તેમાં ન આવરી લેવાયા હોય તેવા ઘણા શબ્દો, શ્લોકો, વગેરે આ વચનામૃતમાં છે, તેથી તેવા શબ્દોની સમજ આપવી જરૂરી છે.

વચનામૃતમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને કહેવાનો આશય-તાત્પર્ય-રહસ્ય છે તે તો અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકામાં સમજાવેલું જ છે. તેથી તે જ્ઞાન સમજવામાં જે અઘરા શબ્દો, શ્લોકો વગેરે છે તેને આ વિવરણમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

# ૧. પરથારો

**પરથારો - પ્રસ્તાવના**

પાતું ધર્મમ્... શ્લોક - ધર્મનું રક્ષણ કરવા અને અધર્મને ઉખેડી નાખવા, કેવળ દયા કરીને ઉત્તર કોશલદેશને વિશે શ્રી ધર્મદેવ અને ભક્તિમાતાથી પ્રાદૂર્ભાવ પામેલા સર્વ ઈશ્વરના ઈશ્વર એવા અને પોતાના વાક્યસુધાના રસથી વિદ્વાનોને વારંવાર તૃપ્તિ પમાડતા એવા શ્રી હરિ સહજાનંદ સદ્વર્ણીને હું નમસ્કાર કરું છું. (૧)

જ્ઞાન, ધર્મ ને વૈરાગ્યયુક્ત પોતાના માહાત્મ્યબોધથી આ પૃથ્વી ઉપર પોતાની ભક્તિ પ્રર્વતાવનારા શ્રીહરિ અમને બુદ્ધિ આપનારા છે. (૨)

પોતાનાં આશ્રિતોના અંત:કરણમાં રહેલા ગહન અંધકાર સમાન અજ્ઞાનને હરનારા, જ્ઞાનના સૂર્યસમા શ્રી ધર્મપુત્ર શ્રીહરિનો સદા જય હો! (૩)

એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીએ પોતાના આશ્રિતો પ્રત્યે કહેલાં વચનામૃતોમાંથી કેટલાંક વચનામૃતો જેમ સાંભળ્યાં છે તેમ તેમની પ્રસન્નતા અર્થે અમારી બુદ્ધિ અનુસાર લખીએ છીએ. (૪)

તેમાં સૌ પ્રથમ શ્રીહરિજીના જન્મ, વગેરે ચરિત્રની શુભ કથા, ભક્તોને આનંદ માટે ટૂંકમાં વર્ણવીએ છીએ. (૫)

**કોટી કોટી =** (૧) કરોડ - કરોડ (સંખ્યા)
(૨) જાત-પ્રકારના

**સચ્ચિદાનંદ =** સત્, ચિત્ અને આનંદ સ્વરૂપવાળા.

**ચિદાકાશ =** ચૈતન્યનું આકાશ.

**ક્ષર-અક્ષર =** ક્ષર એટલે જે નાશવંત છે, જેનો ક્ષય થાય છે તેવું, ને અક્ષર એટલે અવિનાશી, શાશ્વત, જેનો નાશ થતો નથી તેવું.

**કંદર્પ =** કામદેવ, મદન જે અતિ રૂપાળો-સુંદર છે.

**નવીન મેઘ =** નવાં બંધાયેલાં વાંદળાં.

**નાના પ્રકાર =** વિવિધ પ્રકારનાં.

**મકરાકાર =** માછલીના જેવા આકારવાળા.

**કુંડળ =** કાનમાં પહેરવાનું ઘરેણું.

**વેણુ =** વાંસળી.

**સુદર્શનાદિક આયુધ =** સુદર્શન ચક્ર વગેરે હથિયારો.

**નંદ, સુનંદ, શ્રીદામાદિક =** નંદ, સુનંદ, શ્રીદામા નામના ભગવાનના સેવકો.

**પાર્ષદ =** પરિજન, સેવક, પાળો.

**ઐશ્વર્ય =** ઈશ્વરપણું, વિભૂતિ, દૈવી ગુણધર્મ.

**અણિમાદિક સિદ્ધિઓ =** યોગની આઠ સિદ્ધિમાંની અણિમા નામની સિદ્ધિથી અણુ જેવું સૂક્ષ્મ અને ન દેખાય તેવું સ્વરૂપ ધારણ કરી શકાય છે. અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ ને વશિત્વ એમ આઠ સિદ્ધિઓ છે.

**વાસુદેવાદિક ચતુર્વ્યૂહ =** વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન એ ચાર.

**કેશવાદિક ચોવીસ મૂર્તિઓ =** વિષ્ણુ ભગવાનના કેશવ વગેરે સ્વરૂપો.

**વારાહાદિ અવતાર =** પુરાણ પ્રમાણે વિષ્ણુ ભગવાનના ૨૪ અવતાર મનાય છે. બ્રહ્મા, વરાહ, નારદ, નરનારાયણ, કપિલ, દત્તાત્રેય, યજ્ઞ, ઋષભ, પૃથુ, મત્સ્ય, કૂર્મ, ધન્વંતરિ, મોહિની, નૃસિંહ, વામન, પરશુરામ, વેદવ્યાસ, રામ, બલરામ, કૃષ્ણ, બુદ્ધ, કલ્કિ, હંસ અને હયગ્રીવ. આમાંના મત્સ્ય, કચ્છ (કૂર્મ), વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ ને કલ્કિ એ દસ મુખ્ય ગણાય છે.

**મૂર્તિ =** દક્ષ પ્રજાપિતાના પુત્રી જેમના લગ્ન ધર્મદેવ ઋષિ સાથે થયા હતા, ને તેમના થકી તેમને નર અને નારાયણ એમ બે સ્વરૂપ પુત્રરૂપે પ્રગટ્યા હતા.

**બદરિકાશ્રમ =** શ્રી નરનારાયણનું ‘ધામ. ત્યાં બદરી (બોરડી)ના વૃક્ષો હોવાથી બદરિકાશ્રમ નામ પડ્યું કહેવાય છે. આ સૂક્ષ્મ સૃષ્ટિની ભૂમિકા છે. ત્યાં મનુષ્ય સદેહે જઈ શકતો નથી.

**સનાતન =** અવિનાશી, નિત્ય, અચળ, શાશ્વત.

**કૃશ =** દૂબળું.

**વ્યાપ્ત =** વ્યાપેલું, પ્રસરેલું, ફેલાયેલું.

**દ્વાપર ને કળિની સંધિ =** સમયની ગણતરી ‘યુગ’માં થાય છે. યુગ ચાર છે. સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ ને કળિયુગ. તેમાં દ્વાપરયુગ પૂરો થઈ  કળિયુગ શરૂ થતો હતો તેવા સમયે.

**યદુકુળ =** યાદવકુળ, ચંદ્રવંશમાં થયેલ યદુરાજાનો વંશ.

**કુરુકુળ =** કુરુના વંશમાં ઉત્પન્ન થયેલા. પાંડુ ને ધૃતરાષ્ટ આ વંશમાં થયા.

**મરીચ્યાદિક =** મરિચ નામના ઋષિ વગેરે ઋષિઓ.

**કોશળ દેશ =** સરયૂ નદીના બંને કાંઠા ઉપરનો પ્રદેશ. પ્રાચીન કાળમાં તેની રાજધાની અયોધ્યા હતી.

**સરવરિયા =** ગૌડ બ્રાહ્મણની એ નામની એક જ્ઞાતિ.

**સામવેદી =** સામવેદને અનુસરનારા.

વેદ ચાર છે : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ. તેમાં ત્રીજા સામવેદને અનુસરનારા.

**સંવત ૧૭૯૬, કાર્તિક સુદિ-૧૧** - બુધવાર

**જાત-કર્માદિ સંસ્કાર =** પુત્ર જન્મ નિમિત્તે પિતાએ કરવાનો એક સંસ્કાર: એવા સોળ સંસ્કાર કરવાના હોય તેમાંનો એક.

**સંવત ૧૭૯૮, કાર્તિક સુદિ ૧૫** - બુધવાર

**ઉચ્છેદ =** જડમૂળથી નાશ, નિકંદન.

**એકાંતિક ધર્મ =** ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય સાથેનો ધર્મ, ભાગવત ધર્મ.

**અંતર્ધાન =** અદૃશ્ય, અલોપ થવું, તિરોધાન.

**સંવત ૧૮૩૭, ચૈત્ર સુદિ-૯ =** ઈ.સ.૧૭૮૧, એપ્રિલ માસની બીજી તારીખ (૨-૪-૧૭૮૧)

**દુંદુભિ =** નગારું, ઢોલ.

**ગંધર્વ =** સ્વર્ગના ગવૈયા.

**કોટરા =** એ નામની આસુરી દેવી.

**બાળગ્રહ =** બાળકોને પીડનારા ગ્રહ.

**આપદા =** આફત, આપત્તિ.

**લક્ષાવધિ =** અસંખ્ય.

**યજ્ઞોપવીત =** જનોઈ.

**મિષે =** નિમિત્તે, બહાને.

**બહિર્વાસે સહિત કૌપીન =** લંગોટીની ઉપર વીંટાયેલા ઉપવસ્ત્ર સહિત.

**પળાશનો દંડ =** ખાખરાના વૃક્ષની સોટી, લાકડી.

**ઊર્ધ્વપુંડ્ર =** ઊભું.

**મુંજ =** એક જાતનું દાભ જેવું પવિત્ર ઘાસ.

**મેખલા =** કટિસૂત્ર, કેડે પહેરવાનો કંદોરો.

**કમંડળું =** સાધુ-જોગીનું જળપાત્ર.

**જળગરણું =** પાણી ગાળવા માટેનું કપડું.

**શાળગ્રામ =** વિષ્ણુનું પ્રતીક મનાતો કાળો, લીસો લખોટા જેવો પવિત્ર પથ્થર. ભગવાનનું સ્વરૂપ ગણી તેનું પૂજન થાય છે.

**બાળમુકુંદ =** ભગવાનની બાળસ્વરૂપની પ્રતિમા.

**બટુવો =** નાની કોથળી, થેલી.

**હિમાળા =** હિમાલય.

**અભિચાર =** મેલાં કામ માટે મંત્રપ્રયોગ કરવો તે.

**તૈલંગ દેશ =** કર્ણાટક-તૈલંગણ પ્રદેશ.

**નૈવેદ્ય =** ભગવાનને ધરાવવાનું ભોજન.

**કાપડીને વેષે =** કાપાલિક (સંન્યાસી)ને વેશે.

**સાભ્રમતિ =** સાબરમતી નદી.

**સંવત ૧૮૫૬, શ્રાવણ વદિ - ૬ =** ઈ.સ. ૧૭૯૯ના ઓગસ્ટની એકવીસ તારીખ, ૨૧-૮-૧૭૯૯.

**સંવત ૧૮૫૬, જેઠ વદિ - ૧૨ =** ઈ.સ. ૧૮૦૦ના જૂનની ઓગણીસ તારીખ, ૧૯-૬-૧૮૦૦.

**સંવત ૧૮૫૬ =** અષાઢ સુદ-૧ એ જેનું વર્ષ બદલાય

છે તેવી આષાઢી સંવત. (આમ, લોજપુરમાં શ્રાવણ વદિ - ૬ છઠ્ઠે પધાર્યા, તે પછી દસ મહિના બાદ જેષ્ઠ વદિ - ૧૨ને દિવસે પીપલાણા પધાર્યા, પણ આષાઢી સંવત તેની તે જ -૧૮૫૬ની- રહી).

**ગોત્ર =** કૌટુંબિક નામ, મોટા ઋષિમાંના ગમે તે કોઈનો વંશ જ, શ્રી સ્વામિનારાયણ ભગવાન મનુષ્યરૂપે પ્રગટ્યા ત્યારે સાવર્ણી ગોત્રમાં પ્રગટ્યા હતા.

**પ્રવર =** ગોત્રની આંતરિક શાખા-પ્રશાખા. શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગોત્રના ભાર્ગવ, વૈતહાય ને સાવતેસ નામના ત્રણ પ્રવર હતા.

**સંવત ૧૮૫૭ કાર્તિક સુદિ ૧૧ =** ઈ.સ. ૧૮૦૦ના ઓક્ટોબરની અઠ્ઠાવીસ તારીખ, ૨૮-૧૦-૧૮૦૦.

**સં. ૧૮૫૮ના માગસર સુદિ ૧૩ =** ઈ.સ.૧૮૦૧ના ડિસેમ્બરની સત્તરમી તારીખ, ૧૭-૧૨-૧૮૦૧.

**સોરઠ =** સૌરાષ્ટ્રમાં ગિરનાર પર્વતની આસપાસનો પ્રદેશ.

**હાલાર =** સૌરાષ્ટ્રમાં જામનગર આસપાસનો પ્રદેશ.

**ઝાલાવાડ =** સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર આસપાસનો પ્રદેશ.

**દંઢાવ્ય =** ગાંધીનગર ને મહેસાણા જિલ્લાનો પ્રદેશ.

**કાઠિયાવાડ =** સૌરાષ્ટ્ર. કાઠી લોકોના વસવાટનો પ્રદેશ.

**ભાલ =** ધોળકા, નળકાંઠા, ધંધુકા વચ્ચેનો પ્રદેશ.

**શ્રીજીમહારાજ =** શ્રી સહજાનંદ સ્વામીનું બીજું નામ જે વચનામૃતમાં મુખ્યત: વપરાયું છે.

**પ્રણવ =** ઓમકાર શબ્દ જે ચૈતન્યબ્રહ્મનો શબ્દ છે, નાદ છે. 'ૐ' આકૃતિવાળો છે.

**પુરુષ સૂક્ત =** ઋગ્વેદનું દશમા મંડળનું એ નામનું સૂક્ત, તેમાં ભગવાનનું વિરાટપુરુષ રૂપે પ્રતિપાદન કર્યું છે.

**ભૂગોળ ને ખગોળ =** આપણે રહીએ છીએ તે મૃત્યુલોકના જુદા જુદા વિભાગોનું વર્ણન તે ભૂગોળ ને મૃત્યુલોકથી ઊર્ધ્વ ને નીચે રહેલા લોક-ચૌદ લોકનું વર્ણન તે ખગોળ.

**આધારાદિક જે છો, ચક્ર =** યોગશાસ્ત્ર પ્રમાણે શરીરની અંદરનું સૂક્ષ્મ શરીરમાં રહેલા નાડી સમૂહનું ગૂંછળું તે ચક્ર. ચક્ર તે શક્તિ કેન્દ્રો મુખ્યત્વે છે : આધાર (મૂલાધાર) સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ ને આજ્ઞા. દરેક ચક્રના અલગ અલગ દેવતા છે, તેમાં આધાર નામના ચક્રના દેવતા ગણેશ છે.

**મતવાદી =** પોતાના મતને વળગી રહેનારા.

**વલ્લભકુળ =** વૈષ્ણવના આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીનું કુળ.

**નીમાનંદી =** આચાર્ય શ્રી નીમાનંદજીના આશ્રિત.

**માધવી સંપ્રદાય =** વૈષ્ણવોનો એ નામનો સંપ્રદાય. માધ્યાચાર્ય દ્વારા ઉદ્‌ભવેલો સંપ્રદાય.

**રામાનુજ સંપ્રદાય =** શ્રી રામાનુજાચાર્યજીનો સ્થાપેલો સંપ્રદાય.

**યવન =** અનાર્ય. અહીં મુસલમાનના અર્થમાં વપરાયેલ છે.

**પ્રબોધિની એકાદશી =** કાર્તિક સુદિ અગિયારશ.

**ફણા =** પગના પંજાનો આગલો ભાગ.

**થડમાં =** પાસેની જગ્યામાં નજીકમાં અડીને લગોલગ.

**વ્યોમ =** આકાશ.

**નાભિ =** દૂંટી.

**કૂખ =** પેટનું પડખું.

**નળ =** પેટમાંનું મોટું આંતરડું.

**શ્રીવચ્છનું ચિહ્‌ન =** ભગવાનના વક્ષસ્થળ (છાતી) ઉપર વાળના ગુચ્છાનું બનેલું ચિહ્‌ન, અગર લાખા જેવું ચિહ્‌ન, ભૃગુલાંછન. શ્રીવત્સ ચિહ્‌ન.

**છાપના ચિહ્‌ન =** તપાવેલી મુદ્રા (તપ્તમુદ્રા)ની છાપ. છાતીમાં બે, બાવડે બે ને કોણીથી હથેળી તરફ બે એમ છ જગ્યાએ લીધેલી તે છાપના ચિહ્‌ન.

**કરોડ =** કરોડરજ્જુ.

**ખરપડી =** પીઠ.

**મૂળ અક્ષર =** સૃષ્ટિના મૂળકર્તા, મૂર્તિમાન અક્ષર. જુઓ. ગ.પ્ર. ૪૧ વચનામૃતના રહસ્યાર્થનો પ્રશ્ન ૨.

**હરિવાક્ય સુધાસિંધુ =** 'વચનામૃત' ગ્રંથનું સંસ્કૃત ભાષામાં ભાષાંતર થયું તે, તે નામે ઓળખાય છે. તેમાં તરંગનો ક્રમ એ વચનામૃતના ક્રમને અનુસરે છે. દા.ત. ૧૨૭માં તરંગ તે ૧૨૭મું વચનામૃત, તે પંચાળા પ્રકરણનું પહેલું વચનામૃત છે.

**પૃથક્ =** જુદા

**પ્રાકૃત =** પ્રકૃતિપુરુષમાંથી બનેલું. ચૌદ લોક અષ્ટાવરણથી વીંટાયા છે, તે આવરણો : પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ ને પ્રકૃતિ, અષ્ટાવરણે સહિત બ્રહ્માંડની જે રચના કરે છે તે

પ્રકૃતિપુરુષ. એવા પ્રકૃતિપુરુષના સંબંધવાળું સ્વરૂપ તે પ્રાકૃત સ્વરૂપ.

**નિરાધાર** = આધાર વિના.

**અન્વયપણે** = કાર્યકારણના સંબંધે સાથે રહેલું.

# ૨. ગઢડા પ્રથમ પ્રકરણ

**વચનામૃત - ૧**

જમણા હાંસિયામાં પ્રશ્નનો નંબર છે ને ડાબા હાંસિયામાં બાબતનો નંબર છે. કોઈ એક પ્રશ્નમાં એક કરતાં વધુ બાબતોની ચર્ચા થઈ હોય તેથી બાબતોનો નંબર જુદો આપેલ છે. એ રીતે કોઈ જગ્યાએ ઉલ્લેખ હોય કે સારંગપુર ૧૦ના $^{૨}/_{૩}$ એનો અર્થ એમ કે સારંગપુર પ્રકરણના ૧૦મા વચનામૃતના બીજા પ્રશ્નમાં ત્રીજી બાબત.

**સંવત ૧૮૭૬ માગશર સુદિ-૪ =** ઈ.સ. ૧૮૧૯ના નવેમ્બરની એકવીસ તારીખ, ૨૧-૧૧-૧૮૧૯, સોમવાર.

**ગઢડા =** ગુજરાતના ભાવનગર જિલ્લાનું એક નાનું ગામ, જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાન આશરે પચીસ વર્ષ રહ્યા. તે ગામ અને તેની આજુબાજુની જમીન તે વખતના ભાવનગર રાજ્યમાં ગણાતી. તે રાજ્ય તરફથી તે ગામ અને આજુબાજુની જમીન ખાચર અટકના કાઠી કુટુંબના બે ભાઈઓ જીવા ખાચર અને એભલ ખાચરના સંયુક્ત ભાગમાં હતી. એભલ ખાચરના દીકરા તે દાદા ખાચર (ઉત્તમ રાજા). તે દાદા ખાચરના કુટુંબ પરિવારના અતિ નિર્મળ સ્નેહને વશ થઈ તેમના ઘરે (કાઠી રાજાના ઘરને દરબાર કહેતા) શ્રીજીમહારાજ વિશેષપણે પોતાનું ઘર માનીને રહ્યા હતા.

**જાયગા =** જગ્યા, સ્થાન

**દેશ દેશના હરિભક્ત =** જુદા જુદા પ્રદેશ-જિલ્લાઓમાંથી આવેલા હરિભક્તો.

**ચિંતામણિ =** ચિંતવેલું, આપે તેવો મણિ.

**વૈકુંઠ =** વિષ્ણુ લોક, વિષ્ણુ ભગવાનનું નિવાસ સ્થાન.

**ગોલોક =** શ્રીકૃષ્ણ ભગવાનનું નિવાસસ્થાન.

**બ્રહ્મમોહોલ =** શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ધામ, અક્ષરધામ.

**કોઈક હરિભક્ત =** શેઠ ગોવર્ધનભાઈ.

**આવરણ =** અંતરાય, વિઘ્ન, હરકત, અડચણ.

**કોઈક હરિભક્ત =** હરજી ઠક્કર.

**અનુગ્રહ =** કૃપા, દયા, મહેરબાની, અનુકંપા.

**अन्यक्षेत्रे... =** અન્ય સ્થળને વિશે જે પાપ કર્યાં હોય તે તીર્થક્ષેત્રમાં નાશ પામે છે, પણ જે પાપ તીર્થક્ષેત્રમાં કર્યું હોય તે વજ્રલેપ (અતૂટ-સજ્જડ) જેવું બને છે. (સ્કંદ પુરાણ)

**રહસ્યાર્થ પ્રદી. =** રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા. તેમાં શરૂઆતમાં જે તે વચનામૃતનો ભાવાર્થ દરેક પ્રશ્ન તથા બાબત સહિત જણાવેલ છે. ત્યાર બાદ તે વચનામૃત સમજવામાં ઊભા થતા પ્રશ્નો અને અન્ય વચનામૃતોના સંદર્ભમાં ઊભા થતા પ્રશ્નો પૂછાયેલા છે. દરેક પ્રશ્નની સાથે તેનો ઉત્તર છે. તે ટીકાને અંતે તે વચનામૃતનો સળંગ આંક જણાવેલ છે.

**જીવસત્તા =** જીવ જે દેહમાં રહે છે તે દેહને જીવ ભૂલથી પોતાનું સ્વરૂપ માને છે, પણ તે દેહભાવથી જુદો

પડી પોતે પોતાની જીવપણાની સ્થિતિમાં રહે તે જીવસત્તા.

**देहत्रयमलं... =** તે શ્લોકનો અનુવાદ તે શ્લોક પછી તરત જ જોડે આપેલ છે. તે શ્લોક હરિવાક્યસુધાસિંધુના ૨૦૮માં તરંગનો ૧૬મો શ્લોક છે. ૨૦૮મો તરંગ તે વડતાલ પ્રકરણના ૮મા વચનામૃતનું સંસ્કૃત ભાષાંતર છે.

**ષટચક્ર =** છ ચક્ર, જુઓ પરથારાનું વિવરણ.

**સકામ =** ફળની ઇચ્છાવાળું, કામનાથી (ઇચ્છા-એષણાથી) કરેલું.

**અધિકારી પર =** લાયકાત ઉપર.

**ઐશ્વર્ય =** જુઓ પરથારાનું વિવરણ.

**ઘાટ-સંકલ્પ =** મનસૂબો, વિચાર, મનોરથ.

**નિર્ગુણસ્વરૂપ =** સત્ત્વ, રજ ને તમો ગુણથી પર એવું નિર્ગુણ સ્વરૂપ માયાના સંબંધ વગરના બધાં સ્વરૂપો નિર્ગુણ કહેવાય, પણ અહીં શ્રીજીમહારાજના દિવ્ય સાકાર સ્વરૂપમાંથી નીકળતા દિવ્ય તેજને કહેલ છે.

**વચનામૃત - ૨**

**સંવંત ૧૮૭૬ માગશર સુદિ-૫ =** તા.૨૨-૧૧-૧૮૧૯, મંગળવાર.

**કનિષ્ઠ =** છેક ઉતરતું, હલકામાં હલકું, સૌથી નાનું.

**પ્રારબ્ધ =** ભગવાન કર્મફળપ્રદાતા છે. કર્મ ત્રણ પ્રકારના છે: સંચિત, પ્રારબ્ધ ને ક્રિયમાણ. સંચિત એટલે અનેક પૂર્વજન્મોમાં થયેલાં કર્મોનો સમુદાય. તેનું ફળ મળવાનું હજુ શરૂ થયું નથી. સંચિત કર્મોમાંથી કેટલાક કર્મો એકઠાં કરીને તેઓનું ફળ ભોગવવાની ભગવાન

પ્રેરણા કરે છે. આવા કર્મો પ્રારબ્ધ કહેવાય છે. ભાગ્ય નસીબ.

**લોપી શકે નહિ =** તાબે કરી શકે નહિ.

**ધન-ધામાદિક =** દ્રવ્ય તથા રહેઠાણ-નિવાસસ્થાન વગેરે.

**વચનામૃત - ૩**

**સંવત ૧૮૭૬ના માગશર સુદિ-૬ =** તા.૨૩-૧૧-૧૮૧૯, બુધવાર.

**વિષ્ણુયાગ =** એક પ્રકારનો અહિંસામય યજ્ઞ જેમાં અઢાર દિવસ સુધી અગ્નિને આહુતિ અપાય છે.

**કૃપાવાક્ય =** જે વચનામૃતમાં શ્રીજીમહારાજે કોઈના પ્રશ્નના ઉત્તર રૂપે નહિ પણ પોતાની મેળે જ કૃપા કરીને વાત કહી છે. તેને કૃપાવાક્ય કહે છે.

**શિખા =** પુરુષના માથા ઉપર ગાંઠ વળે એવા લાંબા વાળની ચોટલી.

**સાધનદશાવાળા એકાંતિક =** ભગવાનની આજ્ઞામાં રહીને ભગવાન મેળવવાની સાધના કરતા હોય તેવા, પણ તેઓ હજુ સિદ્ધસ્થિતિને પામ્યા નથી, સાધનામાર્ગમાં છે.

**વચનામૃત - ૪**

**સંવત ૧૮૭૬ માગદર સુદિ-૭ =** તા.૨૪-૧૧-૧૮૧૯, ગુરુવાર

**તુંબરુ =** તે નામના એક ગંધર્વ. તે વિષ્ણુ ભગવાનના પ્રિય સેવક છે અને સંગીત વિદ્યામાં નિપુણ છે.

**સાત મન્વંતર =** એક મનુની કારકિર્દીનો સમય તે મન્વંતર બ્રહ્માના એક દિવસ (જેને કલ્પ કહે છે

તે આપણાં ચાર અબજ ને બત્રીસ કરોડ વર્ષનો સમયગાળો)માં ચૌદ મનુ રાજ્ય કરી જાય છે, એટલે એક મન્વંતર એ આપણાં ૩૦,૮૫,૭૧,૪૨૮ વર્ષ. તેવા સાત મન્વંતર સુધીનો સમય. તે આપણાં ૨ અબજ ૧૬ કરોડ વર્ષ.

**વચનામૃત - ૫**

**સંવત ૧૮૭૬ માગશર સુદિ-૮ =** તા.૨૫-૧૧-૧૮૧૯, શુક્રવાર

**પરોક્ષના ઉપાસકો =** અન્ય અવતારોના ભક્તો.

**પરમ એકાંતિક મુક્ત =** શ્રીજીમહારાજના જેવા જ આકારવાળા પણ શ્રીજીમહારાજની સન્મુખ રહીને સુખ ભોગવતા હોય તેવા મુક્તો.

**અનાદિમુક્ત =** શ્રીજીમહારાજના જેવા જ દિવ્ય આકારવાળા મુક્તો જે અતિ સ્નેહથી શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપમાં લીન થઈને ઓતપ્રોત પણે, રસબસપણે સુખ ભોગવે છે તેવા મુક્તો. શ્રીજીમહારાજ જ્યારે મનુષ્યરૂપે વિચર્યા ત્યારે મનુષ્યરૂપે વિચરેલા સંત-હરિભકતોને (દા.ત. સદ્ ગોપાળાનંદ સ્વામી, શ્રી દાદાખાચર, શ્રી પર્વતભાઈ, જીવુબા વગેરે) અનાદિમુક્ત કરે છે, શ્રીજીમહારાજના સમકાલીન, શ્રીજીમહારાજની સાથે અક્ષરધામથી આવેલા એ અર્થમાં પણ 'અનાદિમુક્ત' શબ્દ વપરાય છે. અહીં વચનામૃત - રહસ્યાર્થ પ્રદીપિકા ટીકામાં એ અર્થથી એ શબ્દ વપરાયેલો નથી. 'અનાદિમુક્ત' એ મુક્તોનો એક વર્ગ કે જે દિવ્યભાવે શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈ રહી સતત સુખ

ભોગવે છે તેવો વર્ગ. જુઓ પૂર્વ ભૂમિકામાં અનાદિમુક્ત વિશેની સમજણ.

**વચનામૃત - ૬**

**સંવત ૧૮૭૬ માગશર સુદિ-૯ =** તા.૨૬-૧૧-૧૮૧૯, શનિવાર

**ભગવાન ને સંત =** ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના સાક્ષત્કારને પામેલા મુક્તો. (સંત = સત્પુરુષ, ઓલિયો)

**વચનામૃત - ૭**

**સંવત ૧૮૭૬ માગશર સુદિ-૧૦ =** તા.૨૬-૧૧-૧૮૧૯, શનિવાર

(છઠ્ઠા વચનામૃતની સભા બાદ તિથિ બદલાઈ છે, દિવસ બદલાયેલ નથી, તેથી તારીખ તે જ છે.)

**અધ્યાત્મવાર્તા =** અધિ (સંબંધી) + આત્મન્ + વાર્તા (હકીકત) આત્મા સંબંધી હકીકત. આત્મજ્ઞાનની ચર્ચા.

**વાચ્યાર્થ =** દેખીતી રીતે સમજાતો અર્થ.

**પૃથક્પણે =** અલગ, ભિન્ન, જુદું.

**સત્તામાત્ર =** અસ્તિત્ત્વ, સત્.

**લક્ષ્યાર્થ =** ખરેખર સમજવાનો અર્થ, તાત્પર્ય,

**અન્વયપણે =** કાર્યકારણને સંબંધે સાથે રહેલું.

**વ્યતિરેક =** ભિન્ન, જૂદું, પૃથક્.

**સચ્ચિદાનંદ =** સત્ + ચિત્ + આનંદ.

**અંતર્યામીપણે =** પ્રાણીમાત્રમાં રહેલા, સાક્ષીપણે રહેલા.

**નિયંતાપણે =** નિયમમાં રાખનાર, કાબૂમાં રાખનાર.

**ગોલોકધામ =** (અહીં સમજવાનો અર્થ) તેજના

સમૂહરૂપ ધામ, અક્ષરધામ.

**બ્રહ્મજ્યોતિ =** ભગવાનના સાકાર સ્વરૂપમાંથી નીકળતા તેજરૂપ નિરાકાર અક્ષરબ્રહ્મ.

**અર્ચિમાર્ગે =** ભગવાનના સ્વરૂપનો પ્રકાશ. તે પ્રકાશને માર્ગે ભગવાનનું સ્વરૂપ દેખાય, તેથી તે તેજને અચિમાર્ગ કહે છે.

**વચનામૃત - ૮**

**સંવત ૧૮૭૬ માગશર સુદિ-૧૧ =** તા.૨૭-૧૧-૧૮૧૯, રવિવાર

**ઇંદ્રિયો =** શરીરના અવયવો, શ્રોત્ર (કાન), ત્વચા (ચામડી), ચક્ષુ (આંખ), રસના (જીભ), ઘ્રાણ (નાક) એ પાંચ જ્ઞાનેન્દ્રિયો. વાક્ (મોં), પાણિ (હાથ), પાદ (પગ), પાયુ (ગુદા, મળદ્વાર), ઉપસ્થ (જનનેંન્દ્રિય)એ પાંચ કર્મેન્દ્રિયો કુલ દસ ઇંદ્રિયો.

**અંતઃકરણ =** અંતર+કરણ. અંદરની ઇંદ્રિયો મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર એ ચાર અંતઃકરણ છે.

**અહંબુદ્ધિ =** હું પણાની બુદ્ધિ.

**નિવૃત્તિ પામે છે =** વિરામ પામવો, પાછા ફરવું.

**મમત્વબુદ્ધિ =** મારું હોવાની બુદ્ધિ.

**નિસ્પૃહિ =** જેને સ્પૃહા (ઇચ્છા, આકાંક્ષા) નથી તે.

**પંચ વર્તમાન =** શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતે પાળવાના પાંચ નિયમો. વર્તમાન ધરાવવા એટલે એ નિયમો પાળવા. સામાન્યપણે દરેક આશ્રિતે પાળવાના વર્તમાન પાંચ છે. દારૂ ન પીવો, માંસ (માટી) ન ખાવી, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વટલાવું-વટલાવવું

નહિ (અશુદ્ધ માણસના સ્પર્શવાળા જળ-અન્ન ન લેવાં) જે ત્યાગાશ્રમની દિશા લે છે તેમને આ પાંચ વર્તમાન ઉપરાંત બીજાં વધારાનાં પાંચ વર્તમાન પાળવાના હોય છે: નિર્લોભ, નિષ્કામ, નિઃસ્પૃહ, નિઃસ્વાદ, નિર્માન.

**હીણપ** = હલકાપણું, કલંક, નામોશી, માનહાનિ, નાનપ.

**દેઈને સ્ત્રીઓ** = દેવી જેવી સ્ત્રીઓ.

**ઐશ્વર્ય** = મોટપ, સામર્થ્ય, સિદ્ધિ.

**વચનામૃત - ૯**

**સંવત ૧૮૭૬ માગશર સુદિ-૧૨** = તા.૨૮-૧૧-૧૮૧૯, સોમવાર

**પૂર્ણકામ** = ભગવાન મેળવવાની પોતાની કામના પૂર્ણ થઈ છે તેવા.

**ન્યૂનતા** = ઊણપ, ઓછપ.

**ઉરુકાળ** = ઉરુ (= ઘણું) + કાળ (વખત), ઘણો સમય, લાંબો વખત.

**ફેલફતૂર** = પાંખડીપણું, ચેનચાળા.

**પાંખડ** = ઢોંગ, બનાવટ, બીજાને માત્ર દેખાડવા રૂપ ભક્તિ કે ઉપાસના.

**સગુણ-નિર્ગુણરૂપ** = સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણે ગુણે સહિત તે સગુણરૂપ. એ ત્રણે ગુણથી પર તે નિર્ગુણરૂપ.

**વચનામૃત - ૧૦**

**સંવત ૧૮૭૬ માગશર સુદિ-૧૩** = તા.૨૯-૧૧-૧૮૧૯, મંગળવાર.

**લોહીખંડ-પેટ બેસણું =** (પેટ બેસણું = વારંવાર ઝાડો થવો) ઝાડા સાથે લોહી પડે તેવો ઝાડો વારંવાર થવો તે.

**વચનામૃત - ૧૧**

**સંવત ૧૮૭૬ માગશર સુદિ-૧૪ =** તા.૩૦-૧૧-૧૮૧૯, બુધવાર.

**વચનામૃત - ૧૨**

**સંવત ૧૮૭૬ માગશર સુદિ-૧૫ =** તા.૧-૧૨-૧૮૧૯, ગુરુવાર.

**અવિદ્યા =** અજ્ઞાન. જેનાથી ભ્રમ થાય તેવી ખોટી બુદ્ધિ.

**દિવ્યવિગ્રહ =** દિવ્ય આકારવાળા, દિવ્યમૂર્તિ.

**ક્ષેત્રજ્ઞ =** શરીરના આત્મા, શરીરી.

**ત્રિગુણાત્મક =** સત્ત્વ, રજોગુણ ને તમોગુણ એ ત્રણ ગુણવાળી.

**જડચિદાત્મક =** જડ (નિર્જિવ વસ્તુ) + ચિત્ (ચૈતન્ય રહેલું છે તેવી વસ્તુ).

**નિર્વિશેષ =** નિર્ (વગરનું) + વિ (વધારે) + શેષ (બાકીનો ભાગ) તફાવત વગરનું, સર્વદા સમાન રૂપવાળું.

**મહદાદિક =** મહતત્ત્વ આદિક તત્ત્વો.

**ગુણસામ્ય =** ત્રણે ગુણ જેમાં સમપણે રહ્યા છે તે.

**ક્ષોભ =** ખળભળાટ, વ્યાકુળપણું, વિચળપણું.

**ભૂત =** પંચભૂત; પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશ.

**માત્રા =** તન્માત્રા; પંચ વિષયો : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ.

**દેવતા =** ઇંદ્રિયોના અધિપતિ દેવતાઓ. દસ ઇંદ્રિયોના

દસ અલગ દેવતા છે : ચંદ્ર, દિક્પાળ, વાયુદેવ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇંદ્ર, ઉપેન્દ્ર (વિષ્ણુ) ને મિત્ર (યમ).

**પ્રાણ =** શરીરમાંનો વાયુ જે જિંદગીને આધારરૂપ છે. પ્રાણ પાંચ પ્રકારના છે. પ્રાણ, અપાન, સમાન, ઉદાન ને વ્યાન. નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત ને ધનંજય એ પાંચ ઉપપ્રાણ છે.

**ઘોરપણું =** ગંભીરપણું, ભય, ઉત્પન્ન કરવાપણું.

**વિમૂઢપણું =** મોહ પમાડવાપણું, બેસૂધ કરવાપણું, ભ્રમ પેદા કરવાપણું.

**અર્થમાત્રનો આશ્રય =** અર્થ-ઉદ્દેશ-મતલબ-માયનો સમજાવનાર.

**પરિમાણપણું =** પરિણામ તરીકે ઉત્પન્ન થતું.

**કષાયલાપણું =** સ્વાદમાં તૂરું હોવાપણું (હિમેજ કે હરડે જેવા સ્વાદવાળું)

**પિંડીકરણ =** પિંડો કરવો તે, ઢગલો કે એકીકરણ કરવું તે.

**હૂતદ્રવ્યાદિક =** યજ્ઞકુંડમાં આહુતિરૂપે અપાતી સામગ્રી તે હૂતદ્રવ્ય. હોમવા માટેની સામગ્રી.

**ક્ષુધા =** ભૂખ

**તૃષા =** તરસ.

**વચનામૃત - ૧૩**

**સંવત ૧૮૭૬ માગશર વદિ-૧ =** તા.૨-૧૨-૧૮૧૯, શુક્રવાર.

**વાસુદેવ નારાયણના મંદિરની સમીપે =** ગઢડામાં દાદા

ખાચરના નિવાસસ્થાનમાં વચ્ચે ચોક અને ચારે તરફ ઓરડા-ઓસરી આવેલા છે. જે ઓરડાનાં બારણાં પૂર્વ (સૂર્ય ઉદય થવાની) દિશા તરફ છે તે ઓરડા-ઓસરીને 'ઉગમણા બારના ઓરડા' કહેતા. તે જ રીતે પશ્ચિમ (સૂર્ય આથમવાની) દિશા તરફ જે ઓરડીનાં બારણાં છે તે ઓરડાને 'આથમણા બારના ઓરડા' કહે છે. તેમ જ જે ઓરડાનાં બારણાં ઉત્તર દિશા તરફ છે તે 'ઓતરાદા બારના ઓરડા' આ જે ઓતરાદા બારના ઓરડામાંના એક ઓરડામાં શ્રીજીમહારાજે 'શ્રી વાસુદેવ નારાયણ' નામની શ્યામ આરસની શિલ્પ પ્રતિમા પધરાવી હતી, જે પ્રતિમા પાછળથી (સં.૧૮૮૫માં શ્રીજીમહારાજની સંનિધિમાં જ) હાલ જે શ્રી ગોપીનાથજી મહારાજનું મંદિર છે તેમાં પશ્ચિમ તરફના (ત્રીજા) શિખરમાં પધરાવેલ છે.

એ ઓતરાદા બારના ઓરડામાં પધરાવેલ શ્રી વાસુદેવનારાયણની મૂર્તિને લીધે તે ઓરડાને વાસુદેવનારાયણનું મંદિર કહેલ છે, ને તે મંદિરની આગળ ઓસરી છે, ને તે ઓસરીની સમીપમાં ચોક છે, તે ચોકમાં આવેલું લીંમડાનું વૃક્ષ-નીમતરુ- નીચે સભા થતી.

**સુરવાળ =** પાયજામો, ચોરણો.

**ડગલી =** અસ્તરવાળી અંગરખી, બંડી.

**શેલું =** કસબી કોર-પાલવવાળો બારીક સુંદર વણાટનો ખેસ, ઉપરણો, ઉત્તરીય વસ્ત્ર.

**કટી =** કેડ, કમર.

**અચ્યુત =** સ્થિર, અવિચલિત, ન ખસેલું.

**બ્રાહ્મકલ્પ =** બ્રહ્માના અંગથી થયેલી સૃષ્ટિ. બ્રહ્માનો

દિવસ ઊગે તે સાથે સૃષ્ટિની રચના ચાલુ થાય છે. બ્રહ્માના એક દિવસમાં (રાત્રિ નહિ) આપણાં ચાર અબજ ને બત્રીસ કરોડ વર્ષ થાય છે, તે સમયને કલ્પ કહે છે. આમ બ્રહ્મા જે સૃષ્ટિ રચે છે તે આ કલ્પના ભાગ દરમ્યાન રચે છે તેને બ્રાહ્મકલ્પ કહે છે.

**વચનામૃત - ૧૪**

**સંવત ૧૮૭૬ માગશર વદિ-૨ =** તા.૩-૧૨-૧૮૧૯, શનિવાર.

**શ્રુતિ =** વેદના ચાર વિભાગ: સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક ને ઉપનિષદ્ એ શ્રુતિ કહેવાય છે. એમાં પ્રતિપાદન કરેલાં સત્યો આદ્યઋષિઓએ પરમાત્મા પાસેથી સાક્ષાત્ શ્રવણ કરેલાં છે.

**अंते या... =** અંતકાળે જેવી મતિ હોય તેવી તે જીવની ગતિ થાય છે. (હિણ્યકેશીય શાખાની શ્રુતિ)

**વચનામૃત - ૧૫**

**સંવત ૧૮૭૬ માગશર વદિ-૩ =** તા.૪-૧૨-૧૮૧૯, રવિવાર.

**अनेक जन्म... =** ભાગવદ્ ગીતા અધ્યાય ૬, શ્લોક ૪૫ની બીજી લીટી. અર્થ: આ રીતે પ્રયત્નપૂર્વક નિરંતર મંડ્યો રહેનાર યોગી પાપથી સર્વથા શુદ્ધ થઈને અનેક જન્મે સંસિધ્ધ થઈને આખરે પરમગતિને જ પામે છે.

**વચનામૃત - ૧૬**

**સંવત ૧૮૭૬ માગશર વદિ-૪ =** તા.૫-૧૨-૧૮૧૯, સોમવાર.

**નિષ્કામશુદ્ધિ =** સત્સંગીજીવન ગ્રંથના પ્રકરણ ૩માં

અધ્યાય ૨૭માં કરેલો ઉપદેશ.

**ધર્મામૃત =** સત્સંગીજીવન ગ્રંથના પ્રકરણ ૪ના અધ્યાય ૬૨ થી ૬૭.

**જનશિક્ષા =** સત્સંગીજીવન ગ્રંથના પ્રકરણ ૩ના અધ્યાય ૫૯ થી ૬૨.

**બૃહદ્‌ધર્મ =** સત્સંગીજીવન ગ્રંથના પ્રકરણ ૫ના અધ્યાય ૫૦ થી ૫૪.

**વચનામૃત - ૧૭**

**સંવત ૧૮૭૬ માગશર વદિ-૫ =** તા.૬-૧૨-૧૮૧૯, મંગળવાર.

**પરમહંસ =** સંન્યાસી ચાર પ્રકારના છે: કુટિચક, બહૂદક, હંસ ને પરમહંસ, તેમાં પરમહંસ સૌથી શ્રેષ્ઠ છે. તે શિખા, જનોઈ તથા દંડનો ત્યાગ કરે છે, જ્ઞાતિભેદ રહિત થઈ હરકોઈ જ્ઞાતિનું રાંધેલું ખાય છે. દેવપૂજન પણ કરવાનું રહેતું નથી. સદા જ્ઞાનનિષ્ઠ રહીને વિચરે છે. શ્રીજીમહારાજે સાધુઓને પરમહંસ દીક્ષા આપી હતી. તે પરમહંસ આ રીતે વર્તતા-વિચરતા હતા.

**સાંખ્યયોગી =** સંસાર વ્યવહારનો ત્યાગ કરી પ્રભુને ભજનાર ત્યાગી (સામાન્ય રીતે બાઈ હરિભક્તો).

**કર્મયોગી =** સંસાર વ્યવહારમાં રહીને પ્રભુને ભજનારા ગૃહસ્થ હરિભક્તો (બાઈ-ભાઈ સર્વે).

**વચનામૃત - ૧૮**

**સંવત ૧૮૭૬ માગશર વદિ-૬ =** તા.૭-૧૨-૧૮૧૯, બુધવાર.

**ષટ્‌શાસ્ત્ર =** વૈદિક તત્ત્વજ્ઞાનના છ દર્શન છે, તેને

ષડ્દર્શન પણ કહે છે. તેના નામ: ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, મીમાંસા ને વેદાંત. ન્યાયશાસ્ત્રમાં યથાર્થ જ્ઞાન માટે વિચારોનું યોગ્ય નિરૂપણ કેમ થાય તે સમજાવેલ છે, તેના કર્તા ગૌતમઋષિ છે. વૈશેષિકશાસ્ત્રમાં પદાર્થોના સામાન્ય ને વિશેષ અંશનો નિર્ણય કરવામાં આવે છે, આત્મા-અનાત્માના ધર્મો જુદા પાડી બતાવ્યા છે, તે શાસ્ત્રના રચયિતા કણાદ મુનિ હતા. સાંખ્યશાસ્ત્રમાં પ્રકૃતિ, પુરુષ અને તેના ભેદનું વર્ણન કરેલ છે, તેના કર્તા કપિલમુનિ હતા. યોગશાસ્ત્ર એટલે આસન, પ્રાણાયમ, ધ્યાન વગેરે દ્વારા ચિત્તવૃત્તિનો નિરોધ કરીને ભગવાન સાથે જોડાવાનું શીખવતું શાસ્ત્ર, તે પતંજલિ મુનિએ લખેલ છે. મીમાંસા શાસ્ત્રના બે વિભાગ છે : જૈમિની મુનિ રચિત પૂર્વ મીમાંસામાં કર્મ અનુષ્ઠાનની રીત કહેલ છે જે મનુષ્યનો પ્રથમ ધર્મ છે, તે કહે તેને ઉત્તર મીમાંસાનો અધિકાર મળે છે. જેમાં જ્ઞાનકાંડ છે, જે વ્યાસજીએ લખેલ છે. વેદાંતશાસ્ત્ર અંતિમ ધ્યેયનું નિરૂપણ કરે છે, તે વેદનું રહસ્ય કહે છે, તેથી તેને વેદનો અંત (= વેદાંત) કહે છે, તેને ઉપનિષદ પણ કહે છે. વેદ વ્યાસજીએ એનો સંગ્રહ કર્યો છે.

**અઢાર પુરાણ =** જૂની દેવકથાઓ જેમાં વર્ણવેલ છે તેવા ગ્રંથો. બ્રહ્મ, પદ્મ, વિષ્ણુ, વાયુ, ભાગવત, નારદીપ, માર્કંડેય, અગ્નિ, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, લિંગ, વરાહ, સ્કંદ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરુડ, બ્રહ્માંડ- એવા અઢાર પુરાણો છે.

**ભારતાદિક ઇતિહાસ =** ધર્મ, અર્થ, કામ ને મોક્ષ સંબંધી ઉપદેશ સાથે પૂર્વે બનેલી હકીકતનું વર્ણન કરે તે ઇતિહાસ

મહાભારત ગ્રંથ આવા ઇતિહાસનું વ્યાસજીનું લખેલું મહાકાવ્ય છે, તેને 'ભારત' પણ કહે છે (તે ભરત રાજાના કુળનો ઇતિહાસ હોવાથી 'ભારત' નામે ઓળખાયું.)

**રંચ** = અતિશય થોડું, જરીક જ, અલ્પ માત્ર.

**ખરખરો** = દિલગીરી, પસ્તાવો, સંતાપ, શોક.

**વિક્ષેપ** = આડ, અડચણ, હરકત, વિઘ્ન.

**ગાફલતા** = ગફલત, બેકાળજી, બેદરકારી, અસાવધતા.

**નાના પ્રકારના** = વિવિધ, તરેહ તરેહના.

**લીલાગર ભાંગ્ય** = એક જાતનું કેફી પીણું.

**આહાર** = ખોરાક, ભોજન, ખાનપાન.

**વર્તમાનની આડ્ય** = નિયમના બંધન. દા.ત. બાઈમાણસથી ત્યાગી સાધુના ચરણસ્પર્શ ન થઈ શકે તે વર્તમાનની આડ્ય છે.

**મલિન** = અપવિત્ર, ગંદું, મેલું, દૂષિત.

**ગબરગંડ** = મૂર્ખ.

**પશુને પાડે** = પશુની રીતે, પશુની જેમ, પશુસમ.

**મોર** = અગાઉ, પહેલાં, શરૂઆતમાં, પૂર્વે, મોખરે.

**કીડિયારાનો રોગ** = એક જાતનો ચામડીનો રોગ જે ચામડી કે હાડકાને સડવી નાખે છે. કીડિયાનગરું હાથે-પગે કે શરીરના બીજા કોઈ ભાગમાં ઝીણી ફોડકીઓ થઈ જેમાં જીવાત પડે તેવો રોગ.

**પંડ** = શરીર.

**વચનામૃત - ૧૯**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૧** = તા.૧૮-૧૨-૧૮૧૯, રવિવાર.

**વચનામૃત - ૨૦**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૨ =** તા.૧૯-૧૨-૧૮૧૯, સોમવાર.

**ચોફાળ =** ચાર ફાળ એટલે પડ કે પટ હોય તેવી મોટી પિછોડી, બેવડી જાડી મોટી ઓઢવાની ચાદર.

**કસર =** કચાશ, ખામી, અપૂર્ણતા, ન્યૂનતા, કસૂર, દોષ, વાંક.

**વચનામૃત - ૨૧**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૩ =** તા.૧૯-૧૨-૧૮૧૯, સોમવાર.

(સાંજના ભાગમાં સભા ભરાઈ ત્યારે ત્રીજ બેસી ગયેલી હતી, પણ તારીખ-વાર બદલાયેલ ન હતા.)

**વર્ણાશ્રમ ધર્મ =** ચાર વર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શુદ્ર) ને ચાર આશ્રમ (= બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ ને સંન્યસ્ત) વર્ણ પ્રમાણે ને વય પ્રમાણે મનુષ્યે કેમ વર્તવું. તેને લગતાં સૂચન તે વર્ણાશ્રમ ધર્મ.

**મીનડિયું =** બિલાડીઓ.

**ચોરાસી =** ચોરાસી લાખ જાતની જુદી જુદી યોનિઓ છે, જેમાં જીવ દેહ ધારણ કરે છે. જીવનું ચોરાસી લાખ યોનિમાં દેહ ધરવારૂપ ભ્રમણ તે ચોરાસીના ફેરા, પુરાણોમાં ચોરાસી લાખનો હિસાબ છે: ૯ લાખ જળચર, ૧૦ લાખ પક્ષી, ૧૧ લાખ કૃમિ, ૨૦ લાખ પશુ, ૩૦ લાખ સ્થાવર (વનસ્પતિ), ૪ લાખ મનુષ્ય.

**દેહગેહાદિક =** દેહ, મકાન, આદિ સંસાર.

**અર્ચિ માર્ગે =** જુઓ વચનામૃત ૭ની નોંધ.

**સાધર્મ્યપણું =** સરખા ગુણધર્મવાળા હોવાપણું, મળતાપણું.

**હજૂર =** તહેનાત, સાંનિધ્ય, હાજરીમાં, નજર આગળ.

**આધાર-આધેય =** આધાર એટલે આશરો, મદદ, સહાય, આધેય એટલે આશ્રયમાં રહેલ, આશ્રયસ્થાન.

**વચનામૃત - ૨૨**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૪ =** તા.૨૦-૧૨-૧૮૧૯, મંગળવાર.

**વચનામૃત - ૨૩**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૫ =** તા.૨૧-૧૨-૧૮૧૯, બુધવાર.

**ફેંટો =** માથે બાંધવાનું કસબી ફાળિયું.

**અંગરખું =** ચાર કસનો લાંબો ડગલો (કસ= જૂના સમયમાં બંડી વગેરે કપડાંના બે પડને બાંધવા, સાથે રાખવા, બટનના બદલામાં ટંકાતી દોરી)

**વાસુદેવ માહાત્મ્ય =** સ્કંદ પુરાણના વૈષ્ણવ ખંડમાં બત્રીસ અધ્યાયથી શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે. તે શાસ્ત્રને વાસુદેવ માહાત્મ્ય કહે છે.

**દેહાત્મ બુદ્ધિ =** દેહ છે તે જ આત્મા છે એવી સમજણ-માન્યતા- બુદ્ધિ.

**મોહની સ્વરૂપ =** શિવજીએ ભસ્માસુર રાક્ષસ ઉપર પ્રસન્ન થઈ એવું કડું આપ્યું કે જે પહેરી જેના ઉપર હાથ મૂકે તે બળીને ભસ્મ થઈ જાય. તે રાક્ષસે તે કડું લઈને તેનો પ્રયોગ શિવજી ઉપર જ કરવા ધાર્યું, તેથી શિવજી નાઠા. વિષ્ણુ ભગવાનને સ્ત્રીનું રૂપ- મોહની સ્વરૂપ-

ધારણ કરી તે રાક્ષસને પોતાના તરફ આકર્ષી તેની પાસે નૃત્ય કરાવતાં કરાવતાં, તેનો જ હાથ તેના પોતાના માથા ઉપર મૂકાવ્યો, જેનાથી તે રાક્ષસ ભસ્મ થઈ ગયો, ને શિવજી રાહત પામ્યા, પણ શિવજીને તે સ્ત્રીનું સ્વરૂપ બહુ મોહક લાગ્યું, તેથી તેમાં મોહ પામી ગયા.

**નરકતુલ્ય =** દુર્ગંધવાળું, મેલું, મળ, વિષ્ટાતુલ્ય.

**ચંડાળ =** પતિત માણસ, અંત્યજ જાતિનો માણસ, દુષ્ટ માણસ.

**શ્વપચ =** કૂતરાં વગરે પ્રાણીઓનું માંસ પકાવીને ખાનાર, નીચ જાતિનો માણસ.

**વચનામૃત - ૨૪**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૬ =** તા.૨૨-૧૨-૧૮૧૯, ગુરુવાર.

**પોસની =** ઠંડીના દિવસોમાં પહેરવાના વસ્ત્ર.

**પ્રણવ =** ૐ એવો શબ્દ.

**નાદ =** ધ્વનિ, અવાજ, સૂર, ઘોષ.

**ચિંતામણિ =** એવો પથ્થર(મણિ) કે જે હાથમાં રાખીને જેનું ચિંતવન કરે તે મળે.

**વચનામૃત - ૨૫**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૭ =** તા.૨૩-૧૨-૧૮૧૯, શુક્રવાર.

**અષ્ટાંગ યોગ =** આઠ અંગ સહિતનો યોગ. તે અંગ: યમ (ઇંદ્રિયો ઉપર કાબૂ), નિયમ (તપ વગેરે ક્રિયા) (નિષેધવાક્ય તે યમ, વિધિવાક્ય તે નિયમ), આસન (યોગાસન, જેનાથી મનને શાંતિ મળે ને શરીર સ્થિર

રહે તેવી શરીરની સ્થિતિ, (વ્યાયામ), પ્રાણાયામ (શ્વાસ-ઉચ્છ્‌વાસની ગતિને નિયમન કરવી તે), પ્રત્યાહાર (પોતપોતાના વિષયોમાંથી ઇંદ્રિયોને પાછી વાળવાની ક્રિયા), ધ્યાન (વૃત્તિઓને લક્ષ્ય એવા ભગવાનના સ્વરૂપમાં કેંદ્રિત કરવી), ધારણા (લક્ષ્ય એવા ભગવાનના સ્વરૂપમાં સ્થિરતા), સમાધિ (લક્ષ્ય એવા ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ)

**નિરોધ =** ભગવાનના સ્વરૂપમાં ચિત્તની સર્વે વૃત્તિને રોકવી તે. નિગ્રહ, નિયંત્રણ, અટકાવ.

**નિર્વિકલ્પ સમાધિ =** જેમાં જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયના સર્વે વિકલ્પ મટી જઈને ભગવાનના સ્વરૂપમાંથી નીકળતા બ્રહ્મરૂપ તેજ સ્વરૂપે થઈ ભગવાનના સ્વરૂપમાં જ સ્થિતિ થઈ જવી.

**વચનામૃત - ૨૬**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૧૧ =** તા.૨૭-૧૨-૧૮૧૯, મંગળવાર.

**તાળપખાજ =** ઝાંઝ, મંજીરાં, કરતાલ, કાંસીજોડ, છબલિકાં તે તાળ ને પખાજ ને ઢોલક, પખાજ, મૃદુંગથી કાંઈક નાનું પણ બેઉ બાજુએ ચામડું મઢેલું વાદ્ય છે.

**રસિક કીર્તન =** ભગવાન સાથે રસપૂર્વક મોજ-વિલાસ કર્યા હોય તેવું વર્ણન કરતાં ભજન, શૃંગારરસમય કીર્તન.

**ઉપાસના =** ઉપ (= નજીક) + આસન (બેસવું). ભગવાનની નજીક રહી તેમની સેવા-આરાધના કરવી. ભગવાનને સર્વથી પર તેજના સમૂહને મધ્યે સાકારમૂર્તિરૂપે જાણી તેમની પતિવ્રતાપણે પ્રેમથી સેવા-આરાધના કરવી

તે. ભગવાનના સંબંધ વિનાના અન્ય વિષયોમાં આનંદ પામે તેની ઉપાસના ખોટી થઈ ગઈ ગણાય.

**પિંડ-બ્રહ્માંડ =** પોતાના શરીરથી માંડીને સમગ્ર બ્રહ્માંડ અસ્થિર અને હંમેશા વિકાર પામતું જગત.

**મિષ =** નિમિત્ત, બહાનું.

**વચનામૃત - ૨૭**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૧૨ =** તા.૨૮-૧૨-૧૮૧૯, બુધવાર.

**જરણા કરવી =** ધીરજ રાખવી, સબૂરી રાખવી, શાંતિ-ખામોશી રાખવી.

**સચેતન =** (ભગવાન તરફ જવાની) ચેતના આપવી.

**વચનામૃત - ૨૮**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૧૪ =** તા.૩૦-૧૨-૧૮૧૯, શુક્રવાર.

**હારે જે ઓરડો =** ની બાજુનો ઓરડો.

**વચનામૃત - ૨૯**

**સંવત ૧૮૭૬ પોષ સુદિ-૧૫ =** તા.૩૧-૧૨-૧૮૧૯, શનિવાર.

**પાતર્યું =** પાતર, વેશ્યા, અનીતિએ ચાલનારી ખરાબ સ્ત્રી, ગણિકા.

**ભડવા =** વેશ્યાની દલાલી કરનાર માણસ, વ્યભિચારની કમાઈ ખાનારો પુરુષ, નામર્દ, બાયલો, નમાલો માણસ.

**અરણા-પાડા =** જંગલી પાડો, અરણ્યનો પાડો.

**સમાસ =** પુષ્ટિ, સમર્થન, સમજણ, વૃદ્ધિ, પ્રચાર.

**વચનામૃત - ૩૦**

**સંવત ૧૮૭૬ પોષ વદિ-૧ =** તા.૧-૧-૧૮૨૦, રવિવાર.

**બેરખા =** હાથની કોણી ઉપર પહેરવાના ઘરેણાં, બાજુબંધ, વાંક.

**ડંસ બેસવો =** મન ઉપર અસર થઈ જવી.

**નિરુત્થાન =** ઉત્સાહ વગરનું, બહાર આવવાની શક્તિ વગરનું.

**નિવૃત્તિ =** નાશ, અસ્ત, પૂરું થવું તે.

**વચનામૃત - ૩૧**

**સંવત ૧૮૭૬ પોષ વદિ-૨ =** તા.૨-૧-૧૮૨૦, સોમવાર.

**ટેલ ચાકરી =** પોતાનાથી બનતી તદ્દન મફત કરાતી સેવાચાકરી,

**વર્ણસંકર =** પોતાનો વર્ણ છોડી બીજા વર્ણમાં લગ્ન કરવાથી ઉત્પન્ન થયેલું સંતાન.

**આસુરી =** જંગલી, તામસી.

**વચનામૃત - ૩૨**

**સંવત ૧૮૭૬ પોષ વદિ-૩ =** તા.૩-૧-૧૮૨૦, મંગળવાર.

**લલાટ =** કપાળ

**વિમુખ =** ભગવાનથી મોં ફેરવીને બેઠેલા, જે હરિભક્ત નથી એવા વિષયી જીવ, નાસ્તિક.

**ખીલે આવવું =** ગાય-ભેંસ-બકરી સાંજ પડ્યે પોતાના માલિકના ઘરે તેને બાંધવા માટે ખીલો હોય ત્યાં આવે

છે તે.

**હરાયું ઢોર** = નધણિયાતું, નિરંકુશ, રખડતું ઢોર.

**વચનામૃત - ૩૩**

**સંવત ૧૮૭૬ પોષ વદિ-૫** = તા.૫-૧-૧૮૨૦, ગુરુવાર.

**પહોર દિવસ** = એક પહોર એટલે ત્રણ કલાક, સાડા સાત ઘડી, દિવસનો એટલે સમય બાકી હતો.

**સગુણ-નિર્ગુણપણું** = તે જ વચનામૃતના રહસ્યાર્થમાં પ્રશ્નોતર ત્રીજો.

**અન્વય-વ્યતિરેકપણું** = તે જ વચનામૃતના રહસ્યાર્થમાં પ્રશ્નોતર ચોથો.

**સર્ગ** = ઉત્પત્તિ, સર્જન.

**અષ્ટાવરણે વેષ્ટિત** = આઠ આવરણથી વીંટાયેલાં.

**ઉપાધિ** = પોતાના શુદ્ધ સ્વરૂપમાં ફેરફાર કરનાર કારણરૂપ સંબંધ, બંધન, મર્યાદા.

**વચનામૃત - ૩૪**

**સંવત ૧૮૭૬ પોષ વદિ-૧૧** = તા.૧૧-૧-૧૮૨૦, બુધવાર.

**ક્લેશ** = કંકાસ, કજિયો, દુઃખ, અવિદ્યા.

**ઋતુ સમે** = ગર્ભધારણ માટે યોગ્ય સમય.

**વચનામૃત - ૩૫**

**સંવત ૧૮૭૬ પોષ વદિ-૧૨** = તા.૧૨-૧-૧૮૨૦, ગુરુવાર.

**વચનામૃત - ૩૬**

**સંવત ૧૮૭૬ પોષ વદિ-૧૩** = તા.૧૩-૧-૧૮૨૦, શુક્રવાર.

**ભેખધારી =** ભિખારીનો વેશ ધારણ કરેલો.

**ચાંદ્રાયણ =** એક જાતનું વ્રત. આ વ્રત ચંદ્રની વધઘટ પ્રમાણે વધતા અને ઘટતા કોળિયા ખાઈને કરવામાં આવે છે, સુદિ પડવે એક કોળિયો જમે, બીજના દિવસે બે કોળિયા અને પૂનમના દિવસે પંદર કોળિયા જમે. વદિ પડવેથી પાછા એ જ રીતે ઉતરવા માંડે અને અમાસે ઉપવાસ કરે.

**વચનામૃત - ૩૭**

**સંવત ૧૮૭૬ પોષ વદિ-૧૪ =** તા.૧૪-૧-૧૮૨૦, શનિવાર.

**ભેખ લીધો હોય =** દુનિયાદારી છોડી સાધુ થયા હોય.

**ખાંપો =** ભાંગેલી ડાળખીનું થડને વળગી રહેલું ઠૂંઠું.

**વચનામૃત - ૩૮**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૧ =** તા.૧૬-૧-૧૮૨૦, સોમવાર.

**નામું કર્યું હોય =** કોઈ વસ્તુ ઉધાર લાવ્યા હોઈએ.

**વાસનાએ વસાણું છે =** વાસના ભરેલી છે.

**त्यज धर्म्म् अधर्मं च =** હું આમ ધર્મ પાળું કે તેમ અધર્મથી પાછો વળું- તે વિચાર છોડીને કેવળ આત્માપણે વર્તી ભગવાનની ઉપાસના કર.

**मिथिलायां प्रदीप्तायां... =** મિથિલા નગરી બળે છે, પણ તેમાં મારું કાંઈ બળતું નથી. (મહાભારતના મોક્ષધર્મમાંથી)

**પ્રાકૃત ભક્ત =** સાધારણ ભક્ત.

**એકાંતિક** = અનન્ય, શ્રેષ્ઠ, એક જ ધ્યેયવાળા, છેવટના.

**વચનામૃત - ૩૯**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૩** = તા.૧૮-૧-૧૮૨૦, બુધવાર.

**મિથ્યા** = અવાસ્તવિક, અયથાર્થ, વૃથા.

**સ્મૃતિ** = પ્રાચીન શાસ્ત્રકારોએ રીત, રિવાજ, ક્રિયા, ધર્મશાસ્ત્ર, રાજનીતિ વગેરેના ચાલતા આવેલા નિયમો યાદદાસ્ત ઉપરથી જેમાં લખ્યા છે તે ગ્રંથો. સ્મૃતિ ૧૮થી ૨૦ છે.

**ઓરા** = નજીક.

**સવિકલ્પ સમાધિવાળા** = જુઓ વચનામૃત - ૪૦

**જીવનમુક્ત** = સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ દેખતા હોય તેવા મુક્ત પણ તેવા મુક્તોને બીજા મોટા મુક્તો જેવા થવાનો વિકલ્પ રહ્યા કરતો હોય છે.

**વિદેહીમુક્ત** = સર્વે વિકલ્પથી રહિત, શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં અતિ સ્નેહે કરીને જોડાઈ ગયેલા મુક્તો.

**બ્રહ્મનિરૂપણ** = બ્રહ્મનું વર્ણન કરવું તે.

**પૂર્વાપર** = આગળ-પાછળનો સંદર્ભ.

**નારકી** = નરકમાં રહેનાર.

**કૈવલ્યાર્થી** = ભગવાનના સ્વરૂપની ઉપાસના વગરનો કેવળ આત્મનિષ્ઠાવાળો.

**નકારું** = ખરાબ, નઠારું, નરસું.

**નિષેધ** = મના, બાધ, નકાર, ન કરવું એવું ફરમાન.

**વચનામૃત - ૪૦**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૪ =** તા.૧૯-૧-૧૮૨૦, ગુરુવાર.

**નિમગ્ન =** એકતાર, તન્મય, લીન, ગરકાવ, આસક્ત, મશગૂલ.

**श्रवणं कीर्तनं... =** ભક્તિના નવ ભેદ: ભગવાનની કથા સાંભળવા રૂપી શ્રવણભક્તિ, ભગવાનના ગુણચરિત્રના કીર્તન ગાવારૂપી કીર્તનભક્તિ, ભગવાનનું સ્મરણ, ભગવાનની સેવા રૂપી પાદસેવન, ભગવાનની અર્ચા-પૂજા રૂપી અર્ચનભક્તિ, ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રમાણરૂપી વંદનભક્તિ, ભગવાનની દાસપણે સેવા કરવા રૂપી દાસ્યભક્તિ, ભગવાનને સખાભાવે સ્નેહ કરવારૂપી સખ્યભક્તિ અને ભગવાનને સર્વસ્વ અર્પણ કરી દેવારૂપી આત્મનિવેદન ભક્તિ. (શ્રીમદ્ ભાગવત સ.અ.પ્ર.શ્લો.૨૩)

**પ્રતિપાદન =** રજૂઆત, સમર્થન, સિદ્ધ કરવું, સાબિત કરવું, પ્રમાણ આપી પુરવાર કરવું.

**ખંડન =** રદિયો, મત કે વાદને તોડી પાડવો તે.

**વચનામૃત - ૪૧**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૫ =** તા.૨૦-૧-૧૮૨૦, શુક્રવાર.

**एकोडहं बहुस्यां =** હું એકલો છું તે બહુપણાને પામું. (છાંદોગ્ય ઉપનિષદ અ.૬.ખં.૨)

**ઘેડ્ય બેસતી નથી =** વાત ગળે ઊતરતી નથી.

**ચ્યવીને =** પતન થવું તે, પડવું તે, ભ્રષ્ટ થવું તે, ખસીને, ડગીને, સ્થાનભ્રષ્ટ થઈને.

**વેદ સ્તુતિના ગદ્ય =** શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધમાં અધ્યાય ૮૭, શ્લોક ૧૯. એમાંથી લીધેલા શ્લોકનો અર્થ એ વચનામૃતમાં એ શ્લોક પછી તરત આપેલો જ છે.

**તારતમ્યતા =** ન્યૂનાધિકતા, ચડિયાતા- ઉતરતા અંશોની તારવણી, ચડ-ઉતર, પ્રમાણની સમજશક્તિ, સાપેક્ષ અગત્યતા, તફાવત, ફેર.

**આદ્યે =** વગેરે, આદિ.

**વચનામૃત - ૪૨**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૬ =** તા.૨૧-૧-૧૮૨૦, શુક્રવાર.

**વિધિનિષેધ =** આમ કરવું ને આમ ન કરવું એવી શાસ્ત્રની આજ્ઞા, અમુક કરવા ન કરવા સંબંધી શાસ્ત્રનું વિધાન.

**શુશ્રૂષા =** સેવા ચાકરી, સારવાર.

**આદ્યે દૈને =** આદિ દેવના.

**કૈવલ્ય =** શુદ્ધ સ્વરૂપ.

**સભર ભર્યો છે =** પરિપૂર્ણ રીતે ભરેલ છે.

**ઘોરનરક =** ભયંકર, અંધકારમય નરક, બિહામણું, ભય ઉત્પન્ન કરે તેવું નરક. 'ઘોર' નામનું નરક.

**વચનામૃત - ૪૩**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૭ =** તા.૨૨-૧-૧૮૨૦, શનિવાર.

**ચર્તુધા =** ચાર પ્રકારની.

**ચર્તુધા મુક્તિ =** ચાર પ્રકારની મુક્તિ : સાલોક્ય (ભગવાન જે લોકમાં રહે છે તે લોકની પ્રાપ્તિ), સામીપ્ય (ભગવાનની સમીપતાની પ્રાપ્તિ), સારૂપ્ય (ભગવાનના

જેવા રૂપની પ્રાપ્તિ) અને સાયુજ્ય (ભગવાનના સ્વરૂપમાં જોડાઈ-લીન થઈ બહારથી જોનારાને જાણે એક ભગવાન જ દર્શન દઈ રહ્યા છે તેમ જણાય, પણ સાયુજ્ય મુક્તિ ભોગવનારા એ સ્વરૂપને વિશે રહી સુખ ભોગવતા હોય તેવી મુક્તિ.)

**सालोक्य सार्ष्टि... =** મારી સેવા વિના ભગવાને આપેલી ચર્તુધા મુક્તિને પણ મારા ભક્ત ઇચ્છતા નથી, એક સેવાને જ ઇચ્છે છે. (શ્રીમદ્ ભાગવત, તૃતીય સ્કંધ, અધ્યાય ૨૯, શ્લોક ૧૩.)

**अथो विभूतिं... =** મારા ધામનો અધિકારી થયા પછી, યોગમાયાનો નિયંતા એવો હું તે મારી બ્રહ્મલોક સુધીની સંપત્તિ તથા ભક્તિયોગથી પ્રાપ્ત થઈ જે અણિમાદિ અષ્ટસિદ્ધિ તથા મારા ધામની સંપત્તિ તેને મારા નિષ્કામ ભક્ત ઇચ્છતા નથી પણ હું તેને મારા ધામનું સુખ પમાડું છું. શ્રીમદ્ ભાગવત સ્કંદ ૩, અધ્યાય ૨૫, શ્લોક ૩૭.

**વચનામૃત - ૪૪**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૮ =** તા.૨૩-૧-૧૮૨૦, સોમવાર.

**બોકાની =** બેય કાન અને દાઢી ઢંકાય તેમ કપડાંથી માથું બાંધવું તે, બુકાની.

**પંચામૃત =** પાંચ અમૃતવાળું, દૂધ, દહીં, ઘી, મધ ને સાકરનું મિશ્રણ.

**અહંમમત્વપણાના ઘાટ =** દેહ તે હું ને દેહના સંબંધી તે મારા એવો સંકલ્પ.

**વિપરીત =** અવળું, ઊલટું, વિરુદ્ધ, પ્રતિકૂળ, ખોટું.

**વચનામૃત - ૪૫**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૧૦ =** તા.૨૪-૧-૧૮૨૦, મંગળવાર.

(નવમીનો ક્ષય)

**વચનામૃત - ૪૬**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૧૧ =** તા.૨૫-૧-૧૮૨૦, બુધવાર.

**પૃથ્વ્યાદિક =** પૃથ્વી આદિક, પૃથ્વી વગેરે (પૃથ્વી, જળ, તેજ, વાયુ)

**દહરવિદ્યા =** જ્યાં જ્યાં ચિદાકાશ છે ત્યાં દેખાય તેવી વિદ્યા. તેજના સમૂહને વિશે ભગવાનની મૂર્તિ ધારવાની વિદ્યા.

**અક્ષિવિદ્યા =** એક નેત્રે અંતરમાં મૂર્તિ દેખે ને બીજા નેત્રને ઉઘાડું રાખીને બહાર મૂર્તિ જુએ, બેય નેત્રને ઊલટસૂલટ કરે વગેરે કરવાની વિદ્યા.

**બ્રહ્મવિદ્યા =** ભગવાન મેળવવાની વિદ્યા, બ્રહ્મજ્ઞાન, બ્રહ્મસંબંધી વિદ્યા.

**વચનામૃત - ૪૭**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૧૨ =** તા.૨૬-૧-૧૮૨૦, ગુરુવાર.

**સ્થૂળ =** જાડી, સામાન્ય બુદ્ધિથી ગ્રહણ કરી શકાય તેવી.

**સુધિ સુરત =** સુધિ (= સંભાળ), સુરત (= કાળજી, ધ્યાન), સંભાળપૂર્વક રાખેલી મનોવૃત્તિ.

**પ્રધાન =** મુખ્ય.

**ગૌણપણે =** સાધારણપણે.

**ગાર કરવી =** છાણ-માટીને સાથે મસળીને લીંપણ કરવું તે.

**વ્યભિચરી જાય =** પોતાના ગુણધર્મને વફાદાર ન રહેવું.

**સર્વધર્માન્... =** તું સર્વ ધર્મને છોડી દઈને એક જ મારા શરણને જ પામ. શ્રીમદ્ ભગવદ્ ગીતા, અ.૧૮, શ્લોક ૬૬.

**અષ્ટસિદ્ધિ =** જુઓ પરથારાનું વિવરણ.

**નવનિધિ =** નવ પ્રકારના ભંડાર. મહાપદ્મ, પદ્મ, શંખ, મકર, કચ્છપ, મુકુંદ, કુંદ, નીલ અને ખર્વ એ કુબેર (= દેવના ભંડારી)ના નવનિધિ મનાય છે, સર્વ પ્રકારની અખૂટ સંપત્તિ.

**વચનામૃત - ૪૮**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૧૩ =** તા.૨૭-૧-૧૮૨૦, શુક્રવાર.

**કાગદ =** કાગળ.

**લખાવી દેશું =** આલેખી દઈશું, ચિતરાવી દઈશું.

**પ્રકંમા =** પ્રદક્ષિણા, પરિક્રમા.

**કુડાપંથી =** કું(કૂં)ડાપંથી, માર્ગી સંપ્રદાયનો અનુયાયી.

**વચનામૃત - ૪૯**

**સંવત ૧૮૭૬ મહા સુદિ-૧૪ =** તા.૨૮-૧-૧૮૨૦, શનિવાર.

**ષટ્ચક્ર =** જુઓ પરથારાનું વિવરણ.

**વચનામૃત - ૫૦**

**સંવત ૧૮૭૬ મહા વદિ-૧ =** તા.૩૧-૧-૧૮૨૦, મંગળવાર.

**કુશાગ્ર બુદ્ધિ =** દર્ભ (નામનું ઘાસ)ની અણી જેવી તીક્ષ્ણ બુદ્ધિ, અતિ સૂક્ષ્મ બુદ્ધિ, તેજ, ઉગ્ર.

**या निशा... =** સર્વ ભૂતપ્રાણી માત્રની જે રાત્રિ-અજ્ઞાનરૂપ અંધકારમય છે, તેમાં સંયમી-જ્ઞાની પુરુષ જાગે છે, જાણપણે યુક્ત વર્તે છે, અને જેમાં ભૂતપ્રાણી માત્ર જાગે છે, સાવધાન વર્તે છે, તે આત્મદર્શી મનનશીલ સંયમી પુરુષની રાત્રિ છે. શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૨, શ્લોક ૬૯.

**વચનામૃત - ૫૧**

**સંવત ૧૮૭૬ મહા વદિ-૨ =** તા.૧-૨-૧૮૨૦, બુધવાર.

**ઘટપટાદિક =** માટીનો ઘડો, નક્કર, પ્રવાહી કે વાયુરૂપ કોઈ પણ ઘાટ-આકાર, પટ એટલે કપડાં, વસ્ત્ર વગેરે.

**કોટીમા ભાગની પાસંગમાં =** કરોડમાં ભાગની પણ નજીક કે પાસે કે ગણતરીમાં.

**આપોપું =** પોતાપણું, આત્મભાવ, હુંપદ, આત્મત્વ.

**વચનામૃત - ૫૨**

**સંવત ૧૮૭૬ મહા વદિ-૩ =** તા.૨-૨-૧૮૨૦, ગુરુવાર.

**પંચરાત્ર =** એ નામનું નારદજીનું બનાવેલું શાસ્ત્ર.

**પરિચ્છિન્ન =** મર્યાદિત, પરિમિત, સીમાયુક્ત.

**એકદેશસ્થપણું =** સદા એક જગ્યાએ જ રહેલા.

**વચનામૃત - ૫૩**

**સંવત ૧૮૭૬ મહા વદિ-૯ =** તા.૮-૨-૧૮૨૦, બુધવાર.

**સ્વાભાવિક પ્રકૃતિ =** સ્વભાવ, તાસીર, પૂર્વના સંસ્કારને આધીન સ્વભાવ.

**વચનામૃત - ૫૪**

**સંવત ૧૮૭૬ મહા વદિ-૧૧ =** તા.૯-૨-૧૮૨૦, ગુરુવાર.

**प्रसंगमजरं... =** સ્વધર્મ, વૈરાગ્ય, માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગથકી ઉઘાડું થાય છે.

શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધ, અધ્યાય ૨૫, શ્લોક-૨૦

**વચનામૃત - ૫૫**

**સંવત ૧૮૭૬ મહા વદિ-૧૧ =** તા.૧૦-૨-૧૮૨૦, શુક્રવાર. (બીજી અગિયારસ)

**મદિરાપાન કરનારી જે પાતર્યો =** દારૂ-શરાબ પીનારી, પીવરાવનારી વેશ્યાઓ.

**વચનામૃત - ૫૬**

**સંવત ૧૮૭૬ મહા વદિ-૧૨ =** તા.૧૧-૨-૧૮૨૦, શનિવાર.

**ચાર પ્રકારના ભક્ત =** આર્ત (દુઃખી, પીડિત, માંદુ, રોગી, અસ્વસ્થ), જિજ્ઞાસુ, (જાણવાની ઇચ્છાવાળો, આતુરતાવાળો), અર્થાર્થી (પૈસાની ઇચ્છાવાળો, ધનલોભ, સ્વાર્થી), જ્ઞાની (ભગવાનનું જ્ઞાન પામીને કૃતાર્થ થયેલો).

**દેહાત્મ બુદ્ધિ =** જુઓ વચનામૃત - ૨૩નું વિવરણ.

**કામના =** ઇચ્છા, વાસના, આકાંક્ષા.

**અટંટ =** કોઈને ન ગમે એવું.

**પનરવલું =** સોળ વાલ એટલે એક ગદિયાણો. બે ગદિયાણા = ૧ તોલો, જો ૧ ગદિયાણા વજનમાં શુદ્ધ સોનું ૧૫ વાલ ૧ વાલ ભેગું હોય તો તેવું સોનું પનર (કે પંદર) વલું કહેવાય.

**આઠવલું =** ૧ ગદિયાણા વજનમાં ૮ વાલ શુદ્ધ સોનું ને ૮ વાલ ભેગ હોય તેવું સોનું.

**સોળવલું =** ૧ ગદિયાણામાં સોળે સોળ વાલ શુદ્ધ સોનું.

**યક્ષ =** ઉપદેવ, કુબેરના નોકર.

**ઉનમાને =** અનુમાને.

**ઊર્ધ્વરેતા =** અખંડ બ્રહ્મચર્ય પાળનાર, ઇંદ્રિયજિત.

## વચનામૃત - ૫૭

**સંવત ૧૮૭૬ ફાગણ સુદિ-૨ =** તા.૧૫-૨-૧૮૨૦, બુધવાર.

**અસાધારણ કારણ =** ખાસ સાધન.

**ગૂઢપણું =** કાંઈ સમજે નહિ એવું, જડરૂપ. જાડી અક્કલનું.

**અંતરાય =** અડચણ, આડખીલી, નડતર, હરકત, વિઘ્ન.

## વચનામૃત - ૫૮

**સંવત ૧૮૭૬ ફાગણ સુદિ-૫ =** તા.૧૮-૨-૧૮૨૦, શનિવાર.

**આત્મા-અનાત્માનો વિચાર =** આત્મા અને અનાત્મા. (= આત્મા નહિ તેવા શરીર ને તેના ભોગ, સંબંધી, વગેરે) વિષેનો વિચાર.

**કામ =** ઇચ્છા, વાસના, મનોરથ, સ્પૃહા, ઇંદ્રિયસુખની ઇચ્છા, વિષયવાસના, મૈથુનની ઇચ્છા.

**મદ =** ગર્વ, અભિમાન, તોર, છક, ઉધ્ધતાઈ.

**મત્સર =** અદેખાઈ, બીજાની સંપત્તિ વગેરે જોઈ પોતાના મનમાં સહન ન થવું, દ્વેષ.

**તૃષ્ણા =** કામના, લાલસા, લોભ, લાલચ.

**ટળે ભાવે =** હોય તો ખરું પણ ઉપરથી દેખાવા ન દે તે રીતે રહેવું.

**વચનામૃત - ૫૯**

**સંવત ૧૮૭૬ ફાગણ સુદિ-૧૪ =** તા.૨૭-૨-૧૮૨૦, સોમવાર.

**પ્રલંબાસુર =** એ નામનો દાનવ. એ કંસનો પ્રેર્યો ગોકુળમાં શ્રીકૃષ્ણ-બલરામનો નાશ કરવા આવ્યો હતો, ને અન્ય ગોવાળિયા જેવો વેષ લઈ રમતમાં ભળ્યો હતો. રમતમાં તે બલરામને ખભે બેસાડીને નાઠો. બલરામના ભારથી તે થાક્યો ને તેમની વચ્ચે યુદ્ધ થયું ને તેમાં બલરામે પ્રલંબાસુરનો નાશ કર્યો.

**ફળી =** નાનું ફળિયું, ઘરની પાસેનો ખુલ્લો ભાગ.

**વચનામૃત - ૬૦**

**સંવત ૧૮૭૬ ફાગણ વદિ-૧ =** તા.૨૯-૨-૧૮૨૦, બુધવાર.

**કંચન =** શુદ્ધ સોનું, હેમ, શુદ્ધ, પવિત્ર, ભેળ વગરનું.

**વચનામૃત - ૬૧**

**સંવત ૧૮૭૬ ફાગણ વદિ-૩ =** તા.૩-૩-૧૮૨૦, શનિવાર.

**સિદ્ધિઓ =** જુઓ પરથારાનું વિવરણ, તપ, મંત્ર વગેરેથી પ્રાપ્ત થતી અલૌકિક શક્તિ.

**પરિપક્વ =** બરોબર પચેલું, ખૂબ પુખ્ત, પ્રૌઢ, પૂર્ણ વિકાસ પામેલું, પરિવિકસિત.

**કસણી =** કસોટી, ચકાસણી, પરીક્ષા, આપત્તિ, દુઃખ, પીડા.

**વચનામૃત - ૬૨**

**સંવત ૧૮૭૬ ફાગણ વદિ-૪ =** તા.૪-૩-૧૮૨૦, રવિવાર.

**सत्यं, शौचं, दया... =** શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધ, અધ્યાય ૧૬, શ્લોક ૨૬-૨૭-૨૮, આનો અર્થ રસ્યાર્થમાં પ્રશ્નોત્તર ૧માં છે.

**મતવાદી =** પોતાના મતના આગ્રહી, પોતાના વિચારને દૃઢ રીતે વળગી રહેનાર.

**શિંગડિયો વછનાગ =** એક જાતની ઝેરી વનસ્પતિનો છોડ, શૃંગી વિષતરુ, ગાયને શિંગડે બાંધવાથી તેનું દૂધ લાલ થાય તે સાચું શૃંગી વિષ ગણાય.

**ઉપાધિ =** આપદા, સંકટ, બંધન, મર્યાદા, પોતાના શુદ્ધ સ્વરૂપમાં ફેરફાર કરનાર કારણરૂપ સંબંધ.

**વચનામૃત - ૬૩**

**સંવત ૧૮૭૬ ફાગણ વદિ-૭ =** તા.૭-૩-૧૮૨૦, બુધવાર.

**કસર =** જુઓ વચનામૃત - ૨૦નું વિવરણ.

**પરઠવું =** જોવું, ગ્રહણ કરવું, ગણવું.

**ગોલા અને ગોલીઓ =** ગોલા નામની જ્ઞાતિના પુરુષને સ્ત્રી, ચાકર, ગુલામ, ખવાસ (ખાસદાર, જનાનખાનાના નોકર, હજૂરનો નોકર)

**સાત ભૂમિની હવેલી =** સાત માળનો મહેલ.

**વેલ્યું =** નાનો રથ, વહેલ, માફો.

**નાભિકમળ =** દૂંટીમાંથી ઉગેલું કમળ.

**હસ્તિ =** હાથી.

**નાળ =** કમળની ડાંડલી, અંદરની પોલી લાંબી નળી.

**સેવા-અર્ચનાદિક =** સેવા-પૂજા, આરાધના.

**બરછી =** નાનો ભાલો, તીર જેવું પણ ફળે મોટું અને લાકડીને છેડે જડેલું એક હથિયાર.

**નરેણી =** નખ કાપવાનું હજામનું એક ઓજાર.

**પાધરા =** બારોબાર, સીધા.

**કાંતિ =** તેજ, શોભા, નૂર, પ્રભા.

**વચનામૃત - ૬૪**

**સંવત ૧૮૭૬ ફાગણ વદિ-૯ =** તા.૯-૩-૧૮૨૦, શુક્રવાર.

**હેય =** ત્યાગ કરવા લાયક, તજવા લાયક, છોડી દેવા યોગ્ય.

**વિલક્ષણ =** વિરુદ્ધ લક્ષણ, વિભિન્ન, જુદું.

**અશરીરી =** દેહ વગરનું, શરીર રહિત.

**દ્રષ્ટા =** જોનારો, જેણે જોયું છે તે, જાણનાર.

**દૃશ્ય =** જોવાની વસ્તુ, દેખાતું, જણાતું, દીસતું, જ્ઞેય, વ્યક્ત.

**અરૂપપણે =** નિરાકારપણે.

**બ્રહ્મસુષુપ્તિ =** મૂળ પુરુષના નિરાકાર તેજમાં જળમાં પથ્થરની જેમ લીન થઈ રહેવું તે.

**વાલખિલ્ય ઋષિ =** એ નામના ઋષિઓનો સમૂહ, અંગૂઠાની અણી જેવડાં વાલખિલ્ય નામના સાઠ હજાર ઋષિઓ સૂર્યના મોઢા આગળ અત્યંત સુંદર વેદના સૂક્તરૂપી વાક્યોની સ્તુતિ કરતાં જાય છે.

**વચનામૃત - ૬૫**

**સંવત ૧૮૭૬ ફાગણ વદિ-૧૪ =** તા.૧૩-૩-૧૮૨૦, મંગળવાર.

**ઉદર =** પેટ, ગર્ભાશય.

**છિદ્ર =** કાણું, વીંધ, અવકાશ.

**અવાંતર =** માં સમાયેલું, અંદર આવી જતું, પેટા.

**સુષુમ્ણા નાડી =** હઠયોગ અનુસાર જ્ઞાન-શક્તિ-શ્વાસપ્રશ્વાસ વાહિની નળી તે નાડી. મેરુદંડ (= કરોડરજ્જુ, સ્પાઈનલ કોલમ)ની ડાબી તરફ ઇલા કે ઇડા નાડી છે, જમણી તરફ પિંગલા નાડી છે, એ બેની વચમાં સુષુમ્ણા નાડી છે. ડાબા નસકોરામાંથી જે શ્વાસ આવે-જાય છે તે ઇડા નાડીમાંથી ને જમણા નસકોરામાંથી જે શ્વાસ આવે-જાય છે તે પિંગલા નાડીમાંથી ને બંને નસકોરામાંથી એક સાથે શ્વાસ આવે-જાય તે સુષુમ્ણા નાડીમાંથી આવે છે. સુષુમ્ણા નાડીના સૌથી નીચેના ભાગને કુંડલિની કહે છે. કુંડલીની જાગૃત થઈને ચંચળ બની સુષુષ્ણા નાડીની અંદર પ્રવેશી ઊંચે ચડવા લાગે છે ને છ ચક્રો પસાર કરી બ્રહ્મરંધ્ર સુધી ચાલી જાય છે. જેમ જેમ તે ઉપર ચડે છે તેમ તેમ યોગીના સાંસારિક બંધન ઢીલાં પડતાં જાય છે ને

અલૌકિક શક્તિઓની પ્રાપ્તિ થાય છે.

**કુક્ષિ =** કાંખ.

**ઇડા-પિંગળા નાડી =** જુઓ ઉપર સુષુમ્ણા નાડીનું વિવરણ.

**જિહ્વા =** જીભ.

**વાક્ =** વાણી, મોઢું.

**બ્રહ્મરંધ્ર =** માથાના તાળવામાંનું છેદ, ખોપરીમાંનું એક છિદ્ર, જેમાંથી જ્યારે જીવ પ્રાણ તજે છે, ત્યારે તે બ્રહ્મની પ્રાપ્તિ કરે છે. રંધ્ર એટલે છિદ્ર, કાણું જે છિદ્રમાંથી પ્રાણ નીકળે તો બ્રહ્મ મળે તે બ્રહ્મરંધ્ર.

**શિશુમાર ચક્ર =** તારાઓનું ચક્ર, નાના સપ્તર્ષિ.

**વૈશ્વાનર નામે અગ્નિ અભિમાની દેવતા =** સ્થૂળ દેહનું જેને અભિમાન રહ્યું છે તેવા અગ્નિરૂપ વૈશ્વાનર દેવ.

**વચનામૃત - ૬૬**

**સંવત ૧૮૭૬ ફાગણ વદિ-૩૦ =** તા.૧૪-૩-૧૮૨૦, બુધવાર

**અરૂપ =** આકાર રહિત, નિરાકાર, નિરઅવયવ.

**ભૂમાપુરુષ =** આ વચનામૃતની રહસ્યાર્થ પ્રદી. પ્ર.૧ અને પ્ર.૨ના ઉત્તરમાં ભૂમાપુરુષની વિગત જાણવી.

**માયા સબળિત બ્રહ્મ =** અહીં ભૂમાપુરુષને તથા તેના તેજને માયાસબળિત બ્રહ્મ કહ્યા છે. તે મૂળમાયાની અંદર છે. રહસ્યાર્થ પ્રદી. પ્ર.૩ના ઉત્તરમાં વિસ્તારથી જોઈ જવું.

**વાસુદેવ =** અહીં વાસુદેવ તે શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યા છે અને ભાગવત ગ્રંથમાં તેમને નિર્ગુણરૂપે વર્ણવ્યા છે. એમ તે જ વચનામૃતમાં કહ્યું છે. વાસુદેવનો બીજો અર્થ

છે સર્વમાં વાસ કરી રહેલા એવા પરબ્રહ્મ-પરમાત્મા.

**શબ્દછળ =** કેટલાક શાસ્ત્રોના અર્થ અને રહસ્યો આસુરી જીવોથી ગુપ્ત રાખવા માટે પ્રયોજવામાં આવે છે જેથી આસુરી જીવો દ્વારા અનર્થ ન સર્જાય. આ રહસ્યોને શબ્દછળ કહેવાય છે. મુમુક્ષુને સત્પુરુષ દ્વારા તેના રહસ્યાર્થ સમજવામાં આવે છે.

**સગુણ-નિર્ગુણ =** એ જ વચનામૃતમાં સગુણ-નિર્ગુણનો ભેદ વર્ણવ્યો છે. સગુણ એટલે માયાના સત્ત્વ, રજ અને તમ ગુણે સહિત અને નિર્ગુણ એટલે માયાના એ ત્રણ ગુણ રહિત.

**વચનામૃત - ૬૭**

**સંવત ૧૮૭૬ ચૈત્ર સુદિ-૭ =** તા.૨૧-૩-૧૮૨૦, બુધવાર.

**વચનામૃત - ૬૮**

**સંવત ૧૮૭૬ ચૈત્ર સુદિ-૯ =** તા.૨૩-૩-૧૮૨૦, શુક્રવાર.

**અગણોતેરા કાળમાં =** સંવત ૧૮૬૯માં પડેલો મોટો ભયંકર દુકાળ

**પાખંડ =** જુઓ ગ.પ્ર.પ્ર.૯નું વિવરણ

**ફેલફતૂર =** જુઓ ગ.પ્ર.પ્ર.૯નું વિવરણ

**વચનામૃત - ૬૯**

**સંવત ૧૮૭૬, ચૈત્ર સુદિ-૧૨ =** તા.૨૬-૩-૧૮૨૦, સોમવાર.

**ડારા દેનારા =** બીક બતાવનારા, ભય પમાડનારા.

**વાંછવું =** ઇચ્છવું, ઇચ્છા કરવી.

**વચનામૃત - ૭૦**

**સંવત ૧૮૭૬ ચૈત્ર સુદિ-૧૫ =** તા.૨૯-૩-૧૮૨૦, ગુરુવાર.

**આરબની બેરખ =** આરબ દેશના બહાદુર-શૂરવીર યોદ્ધાની ટૂકડી.

**જંજાળો =** લાંબી નાળવાળી નાની તોપ કે બંદૂક

**यत्र योगेश्वरः =** ભગવદ્‌ગીતા અધ્યાય-૧૮, શ્લો.-૭૮ અર્થ એ જ વચનામૃતમાં આપેલો છે.

**વાંઝિયો =** જેને સંતાન ન થતાં હોય તેવો. સંતતિહિન

**શૂળી =** દેહાંત દંડની સજા પામેલાને ગળે શૂળ ભોંકાય તેવા પ્રકારનો યાંત્રિક માંચડો.

**વચનામૃત - ૭૧**

**સંવત ૧૮૭૬ ચૈત્ર વદિ-૪ =** તા.૨-૪-૧૮૨૦, સોમવાર.

**घटवत्सर्गादि विनश्यति =** જે ઉત્પન્ન થયું છે તે (માટીના) ઘડાની જેમ નાશવંત છે. ભગવાનની મૂર્તિ વિના માયિક નામરૂપ છે તે નાશવંત છે. એમ એ શ્રુતિનો અર્થ છે.

**વચનામૃત - ૭૨**

**સંવત ૧૮૭૬ ચૈત્ર વદિ-૧૧ =** તા.૯-૪-૧૮૨૦, સોમવાર

**વડવાનળ અગ્નિ =** જુઓ વ૨.૬નું વિવરણ, વિજ્ઞાન પ્રમાણે Latent Heat in ocean સમુદ્રનો અપ્રગટ અગ્નિ. (ગરમી)

**વચનામૃત - ૭૩**

**સંવત ૧૮૭૬ ચૈત્ર વદિ-૩૦ =** તા.૧૨-૪-૧૮૨૦,

ગુરુવાર

**આવળના પાટા =** એક વગડાવ છોડ જેને પીળાં ફૂલ થાય છે. તેની પ્રકૃતિ ખૂબ જ ગરમ હોય છે. તેના પાટા બાંધવાથી શરીરમાં ગરમી થઈ પરસેવો વળે છે.

**કુંજર ક્રિયા =** હઠયોગની એક ખૂબ જ અઘરી પ્રક્રિયા છે. કુંજર એટલે હાથી જેમ સૂંઢ દ્વારા પાણી ખેંચે છે, તેમ યોગી લિંગ દ્વારા પ્રાણાયામથી પાણી અથવા વાયુ ખેંચે છે જેથી વીર્ય ઊર્ધ્વ રહે છે. બ્રહ્મચર્ય સિદ્ધ કરવામાં તે ઉપયોગી ગણાય છે.

**ગોરખ આસન =** હઠયોગના ચોરાશી આસનોમાંનું એક યોગાસન જે બ્રહ્મચર્યમાં ઉપયોગી ગણાય છે.

**જળબસ્તિ =** બસ્તિનો એક પ્રકાર જેમાં ગુદા દ્વારા પાણી ચડાવી આંતરડાની સફાઈ કરવામાં આવે છે. ('એનિમા' આપવા જેવી ક્રિયા) બીજા પ્રકારમાં ખાલી પેટે ખૂબ જ પાણી પી ને અમુક આસનો કરવાથી પેટ અને આંતરડાની શુદ્ધિ કરી પાણી બહાર નીકળી જાય છે.

**મનોમય ચક્ર =** અહીં મન એવો અર્થ છે.

**મનોવહા નાડી =** શરીરમાંની એક નાડી જે ઇચ્છા, જ્ઞાન અને ક્રિયાનું વહન કરે છે. તેને ચેતનવહા, પ્રાણવહા કે મનોવહા નાડી કહેવાય છે. મનને ચલાવનાર એક શક્તિપ્રવાહ.

**વિશ્વાત્મા =** સારાય વિશ્વમાં વ્યાપેલા પરમાત્મા.

**સાત ધાતુ =** અન્નમાંથી રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર (વીર્ય) એ સાત ધાતુ બને છે.

**વચનામૃત - ૭૪**

**સંવત ૧૮૭૬ વૈશાખ સુદિ-૧૧ =** તા.૨૪-૪-૧૮૨૦, મંગળવાર

**ઉત્કૃષ્ટપણું =** અહીં મુખ્યપણું, પ્રધાનપણું, શ્રેષ્ઠપણું.

**થુંકના સાંધા =** જેમ થુંકના સાંધા ગૌણ છે, તેમ સંસાર-વ્યવહાર ગૌણ સમજવો.

**હલ્લાં =** હુમલો, શત્રુ તરફથી થતો હુમલો-હલ્લો.

**વચનામૃત - ૭૫**

**સંવત ૧૮૭૬ વૈશાખ વદિ-૧૧ =** તા.૮-૫-૧૮૨૦, મંગળવાર

**પરિયાં =** પેઢી, વંશજો, ભાવિ સંતતિ-સંતાનો

**વચનામૃત - ૭૬**

**સંવત ૧૮૭૬, પ્રથમ જેષ્ઠ સુદિ-૧૧ =** તા.૨૩-૫-૧૮૨૦, બુધવાર

**ભીડો =** દાબ, અંકુશ.

**વચનનાં ભીડામાં =** વચન-આજ્ઞાના અંકુશમાં-દાબમાં વર્તાવવું.

**વચનામૃત - ૭૭**

**સંવત ૧૮૭૬ દ્વિતીય જેષ્ઠ વદિ-૩૦ =** તા.૧૦-૭-૧૮૨૦, મંગળવાર

**ઓથ =** આડ, ટેકો, આધાર, સહાય.

**કળિયુગ =** પૌરાણિક માન્યતા પ્રમાણે કાલ-ગણનાની ચાર યુગની પ્રત્યેક ચોકડીમાંનો ચોથો યુગ, અધર્મનો યુગ, આ યુગ ૪,૩૨,૦૦૦ વર્ષનો મનાય છે.

**ઝંખ્યા જેવું =** અસ્પષ્ટ, સમજી ન શકાય તેવું, લવારા જેવું.

**ત્રેતાયુગ =** પૌરાણિક કાલ-ગણનાની રીતે સત્યયુગ કે કૃતયુગ પછીનો બીજો યુગ (૧૨,૯૬,૦૦૦ વર્ષનો ગણાતો યુગ).

**દ્વાપર યુગ =** પૌરાણિક કાલ-ગણના પ્રમાણે સત્યયુગ પછીના ત્રેતાયુગની પછીનો યુગ. (૮,૬૪,૦૦૦ વર્ષનો મનાયેલો યુગ).

**સતયુગ =** પૌરાણિક ચાર મહાયુગોમાંનો પ્રથમ યુગ, કૃત-યુગ. તે યુગમાં લોકો ધાર્મિક અને કપટરહિત હતા. તે ૧૭,૨૮,૦૦૦ વર્ષનો યુગ મનાય છે.

**વચનામૃત - ૭૮**

**સંવત ૧૮૭૭ અષાઢ સુદિ-૩ =** તા.૧૩-૭-૧૮૨૦, શુક્રવાર.

**અગિયાર પ્રકારનું મદ્ય =** ફનસનું, દ્રાક્ષનું, મહુડાનું, ખજૂરનું, તાડનું, શેરડીનું, મધપુડાનું, સિંધણીનું (એક જાતનું વૃક્ષ) અરીઠાંનું, મૈરૈય એટલે આંબળા-ધાવડીના ફૂલ અને ગોળનું પાણી સાથે લઈ બનાવેલો આસવ અને નાળિયેરનું એમ ૧૧ પ્રકારનું મદ્ય ગણાય છે જે નશાકારક છે.

**આલોચ =** વિચાર, ચિંતન-મનન.

**સુધું દઢ વૈર =** અતિ દઢ વૈર.

**ત્રણ પ્રકારની સૂરા =** ગોળમાંથી બનેલી, મહુડામાંથી બનેલી અને લોટમાંથી બનેલી સૂરા અર્થાત્ દારૂ.

**બારણે =** બહાર-બાહ્ય, અંદરની બાજુએ નહિ તેવું.

**મનસુબા =** ઇચ્છા, ઇરાદો, મરજી, હેતુ. અહીં ઇચ્છા કે સંકલ્પ.

**માજમ =** ભાંગના સત્ત્વમાં બીજાં વસાણા નાખી બનાવેલી એક કેફી, નશાકારક લૂગદી.

**અગોચર =** ઇંદ્રિયો તથા અંતઃકરણ દ્વારા જાણી ન શકાય તેવા.

# ૩. સારંગપુર પ્રકરણ

**વચનામૃત - ૧**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૫ =** તા.૨૮-૮-૧૮૨૦, મંગળવાર.

**સારંગપુર =** ગઢડાથી આશરે ૫૦ કિલોમીટરે, બોટાદ નામના તાલુકા મથકથી ૨૦ કિલોમીટરે આવેલ ગામ (જ્યાં સં.૧૯૦૫માં સ.ગુ.ગોપાળાનંદ સ્વામીશ્રીએ શ્રી કષ્ટભંજન હનુમાનજીની સ્થાપના કરેલી છે.) દરબાર જીવાખાચર એ ગામના મુક્તરાજ હતા.

**जितं जगत्... =** જેણે પોતાનું મન જીત્યું છે તેણે સર્વ જગત જીત્યું છે. (મણિરત્નમાળામાંથી)

**લગણ =** લગી, સુધી, પર્યંત.

**નિમિષ =** આંખનો પલકારો, આંખનું મટકું.

**વારી ફેરીને =** ફેરો ફેરવીને, આંટો મારીને, ચક્કર મારીને.

**પુત્રકલત્રાદિ =** પુત્ર અને સ્ત્રી વગેરે.

**વિકળ =** વ્યાકુળ, બેનેચ, વિહ્‌વળ.

**વચનામૃત - ૨**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૬ =** તા.૨૯-૮-૧૮૨૦, બુધવાર.

**ઉન્મત્તપણું =** ઉદ્ધતપણું, ગાંડપણ, ઘેલછા, મગરૂરી.

**ચાંદ્રાયણ વ્રત =** જુઓ ગઢડા પ્રકરણ (પ્ર.પ્ર.) વચનામૃત - (૫૦) ૩૬નું વિવરણ.

**ટેલચાકરી** = જુઓ ગઢડા પ્ર.પ્ર. વ. ૩૧નું વિવરણ.

**ફાટેલદૃષ્ટિ** = અસભ્ય, ઉદ્ધત દૃષ્ટિ.

**પ્રોવાણી** = તલ્લીન થઈ હોય, જોડાઈ હોય, એકતાર થઈ હોય.

**વચનામૃત - ૩**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૭** = તા.૩૦-૮-૧૮૨૦, ગુરુવાર.

**નાના પ્રકારની** = વિવિધ પ્રકારની.

**રોમાંચિત ગાત્ર** = શરીરના ગાત્ર (અંગ, અવયવો) ઉપરના રૂંવાડા હર્ષથી ઊભાં થયાં હોય તેવું, પુલકિત.

**નિદિધ્યાસ** = નિરંતર, ચિંતવન.

**ઇદં** = નજર સમક્ષ, અહીંયા બોલનારની નજીકનું

**વચનામૃત - ૪**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૮** = તા.૩૧-૮-૧૮૨૦, શુક્રવાર.

**વિકિત** = વિગત.

**મણિમય મોહોલાત્ય** = મણિ જડેલાં હોય તેવા મહેલ.

**વચનામૃત - ૫**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૯** = તા.૧-૯-૧૮૨૦, શનિવાર.

**દુબળાં** = દુર્બળ, કમજોર, કૃશતા.

**બુદ્ધજીવ** = માયાના બંધનમાં બંધાયેલો જીવ.

**મુક્તજીવ** = બંધનથી મુક્ત થયેલો જીવ.

**મને સોતી દૃષ્ટિ** = મન સહિતની દૃષ્ટિ.

**મને સહવર્તમાન** = સહ+ વર્ત + માન. મન જેમાં સાથે જોડાયેલું હોય તેવું, મનની સંગાથે.

**બીજબળ** = જેમાંથી ભવિષ્યમાં અંકુર ફૂટી શકે-વિકાસ થઈ શકે તેવું.

**વચનામૃત - ૬**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૧૦** = તા.૨-૯-૧૮૨૦, રવિવાર.

**અવસ્થા** = સ્થિતિ, હાલત, જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ જીવની સ્થિતિ.

**વિશ્વાભિમાની** = જાગ્રત અવસ્થામાં રહેલ જીવાત્મા. જુઓ પંચાળા પ્રકરણના ૨ની વચનામૃતના રહસ્યાર્થનો પ્રશ્નોત્તર ૧.

**તૈજસાભિમાની** = સ્વપ્ન અવસ્થામાં રહેલ જીવાત્મા.

**પ્રાજ્ઞ** = સુષુપ્તિ અવસ્થામાં રહેલ જીવાત્મા.

**હિરણ્યગર્ભ** = મૂળપુરુષ થકી મૂળમાયા જે ગર્ભ ધરે છે તે. તેમાંથી મહાવિષ્ણુ પોતાના કાર્ય સહિત ઉત્પન્ન થાય છે.

**માયા સબળબ્રહ્મ** = માયા સહિત બ્રહ્મ.

**સુખલેશ** = અલ્પસુખ, લેશમાત્ર સુખ.

**પ્રતિલોમપણું** = ઉલટાવવું, ઊલટી બાજુનું.

**તુર્યપદ** = પરમપદ, તુર્ય અવસ્થામાં આત્મા બ્રહ્મરૂપ ચૈતન્યમય બની જાય છે.

**પરા** = દિવ્યવાણી, ચેતન પ્રાણીને અમુક અર્થ કહેવાની ઇચ્છા થવાથી તે અર્થ સમજાય તેવા શબ્દો ઉત્પન્ન કરવા માટે અંત:કરણને પ્રેરે છે. અંત:કરણ મૂળ આધાર સ્થાનમાં રહેલા અગ્નિને પ્રેરે છે, અગ્નિ તે સ્થળે રહેલા વાયુને ગતિ આપે છે. એ વાયુએ તે જ

સ્થાનમાં સૂક્ષ્મરૂપે ઉત્પન્ન કરેલો શબ્દ તે પરાવાણી કહેવાય.

**પશ્યંતી =** નાભિ દેશ પર્યંત ચાલેલા વાયુએ તે પ્રદેશના સંયોગથી ઉત્પન્ન કરેલ શબ્દ. પરાવાણી ને પશ્યંતીવાણી સૂક્ષ્મતર હોવાથી માત્ર યોગીઓને જ ગમ્ય છે.

**મધ્યમા =** હૃદયના સંયોગથી ઉત્પન્ન થયેલી વાણી તે મધ્યમા.

**વૈખરી =** તે વાયુ મુખપર્યંત થઈ કંઠપ્રદેશમાં જે શબ્દ ઉત્પન્ન કરે છે તે વૈખરી વાણી.

**સહસ્ત્રદળનું કમળ =** હજાર પાંદડીવાળું કમળ.

**પ્રણવ =** ૐ કાર.

**અનુસ્યૂત =** ઓતપ્રોત, ગાઢ સંબંધવાળું, સાથે જોડેલું.

**અંધધંધ =** ગાઢ અંધકાર, અસ્પષ્ટપણું.

**વચનામૃત - ૭**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૧૧ =** તા.૩-૯-૧૮૨૦, સોમવાર.

**કુંઠિત =** બુઠ્ઠું.

**નૈમિષારણ્ય ક્ષેત્ર =** ઉત્તર પ્રદેશમાં આવેલું એ નામનું એક પ્રાચીન વન ક્ષેત્ર (જ્યાં સૌનક વગેરે ઋષિઓનો વાસ હતો. સૂત પુરાણીએ આ જગ્યાએ ઘણી પુરાણકથાઓ કહેલી છે.)

**પવિત્ર =** પુણ્યદાયી ક્ષેત્ર.

**વચનામૃત - ૮**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૧૨ =** તા.૪-૯-૧૮૨૦, મંગળવાર.

**વચનામૃત - ૯**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૧૩ =** તા.૫-૯-૧૮૨૦, બુધવાર.

**વચનામૃત - ૧૦**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૧૪ =** તા.૬-૯-૧૮૨૦, ગુરુવાર.

**ચાડી ચુગલી =** નિંદા કરવી, કોઈનું ખરાબ બોલવું, ચાડી ખાવી.

**વચનામૃત - ૧૧**

**સંવત ૧૮૭૭ શ્રાવણ વદિ-૩૦ =** તા.૭-૯-૧૮૨૦, શુક્રવાર.

**શાળ =** ડાંગર, કમોદ

**निरंजनः परम साम्यमु =** મુંડકોપનિષદ મુ.૩, ખં.૧

**સવાસનિક =** વાસનાએ સહિત.

**अनेकजन्म... =** જુઓ ગઢડા પ્ર.પ્ર.૧૫નું વિવરણ.

**વચનામૃત - ૧૨**

**સંવત ૧૮૭૭ ભાદરવા સુદિ-૧ =** તા.૮-૯-૧૮૨૦, શનિવાર.

**નોખી =** અલગ.

**પરિપકવ =** પાકો.

**ઘાટ સંકલ્પ =** જુઓ ગઢડા પ્ર.પ્ર.વ.૧નું વિવરણ.

**ઇંદ્રિયોના ગોલક =** ઇંદ્રિયોને રહેવાનું સ્થાન, ઇંદ્રિયોનું અધિષ્ઠાન.

**કૃશ =** દૂબળું.

**વચનામૃત - ૧૩**

**સંવત ૧૮૭૭ ભાદરવા સુદિ-૨ =** તા.૯-૯-૧૮૨૦, રવિવાર.

**મનમુખી =** મનસ્વી, કોઈનું ન માનતાં પોતાની મરજી પ્રમાણે ચાલનાર.

**ઠા રહેવો =** ઠરઠેકાણું રહેવું, પત્તો રહેવો.

**વચનામૃત - ૧૪**

**સંવત ૧૮૭૭ ભાદરવા સુદિ-૩ =** તા.૧૦-૯-૧૮૨૦, સોમવાર.

**નાભિ =** દૂંટી.

**હિંડળતો =** લટકતો.

**પ્રમાદ =** અસાવધપણું, કર્તવ્ય વિષયમાં અકર્તવ્ય, ઉપેક્ષા.

**મોહ =** આસક્તિ, સંસાર ઉપરનો ગાઢ અનુરાગ.

**ભાગવતીતનુ =** ભગવાનના જેવાં જ મૂર્તિમાન- સાકર થાય તે, ભગવાનના જેવું- ભાગવતી- તન (તનુ)

**વચનામૃત - ૧૫**

**સંવત ૧૮૭૭ ભાદરવા સુદિ-૪ =** તા.૧૧-૯-૧૮૨૦, મંગળવાર.

**ચોવટિયા =** વહીવટ-કારભાર કરનાર, પંચમાં બેસનાર.

**મુગ્ધા =** યૌવનમાં પ્રવેશતી ભોળી પ્રેમ ઘેલી સ્ત્રી.

**મધ્યા =** નાની યે નહિ ને આધેડ પણ નહિ એવી જુવાન સ્ત્રી જેને લાજ અને મદનની સમાનતા હોય.

**પ્રૌઢા =** પુખ્ત સમજવાળી સ્ત્રી.

**તૃણ =** તણખલું, તરણું.

**વચનામૃત - ૧૬**

**સંવત ૧૮૭૭ ભાદરવા સુદિ-૫ =** તા.૧૨-૯-૧૮૨૦, બુધવાર.

**વચનામૃત - ૧૭**

**સંવત ૧૮૭૭ ભાદરવા સુદિ-૬ =** તા.૧૩-૯-૧૮૨૦, ગુરુવાર.

**ગરજ્ય =** ગીધના જેવું માંસ ભક્ષી એક પક્ષી.

**અનળ પક્ષી =** એક જાતનું (કલ્પિત) પક્ષી.

**ખદ્યોત =** આગિયો, અંધારામાં જેના શરીરમાંથી પ્રકાશ ઝળકતો લાગે એવું ચોમાસાનું એક ઉડતું જીવડું.

**ઢૂંકડું =** નજીક, વખત ને લંબાઈમાં અતિ દૂર નહિ એવું.

**વચનામૃત - ૧૮**

**સંવત ૧૮૭૭ ભાદરવા સુદિ-૮ =** તા.૧૫-૯-૧૮૨૦, શનિવાર.

# ૪. કારિયાણી પ્રકરણ

**વચનામૃત - ૧**

**સંવત ૧૮૭૭ ભાદરવા સુદિ-૧૨ =** તા.૧૯-૯-૧૮૨૦, બુધવાર.

**કારિયાણી =** સારંગપુરથી દસ કિલોમીટરે આવેલું ગામ. ત્યાં માંચાખાચરને વસ્તાખાચર ભક્ત શિરોમણિ હતા.

**છપરપલંગ =** છત્રીવાળો પલંગ, જેની ઉપર ચંદની કે મચ્છરદાની નાખેલી હોય એવો ઢોલિયો.

**મશરૂ =** રેશમ તથા સૂતરના ઘણાં રંગના પટવાળું કપડું.

**ઢીંચણિયા =** જમવા બેસતી વખતે પગના ઢીંચણ (ગોઠણ, ઘૂંટણ)ની નીચે રાખવામાં આવતું ટેકણ તે લાકડાનું કે ધાતુનું હોય.

**સેજબંધ =** છપરપલંગની ચારે ખૂણે મચ્છરદાની ઉપર રેશમી ગૂંથેલી દોરીઓને તેને છેડે રેશમી ફૂમતાં લટકતાં હોય તે.

**રુદ્ર =** અહંકારના દેવતા.

**એકકાળાવચ્છિન્ન =** ભાગ પાડ્યા વગરનો વખત, એક જ સમયે, તે ને તે જ સમયે.

**એક દેશસ્થ =** એક જ દેશમાં રહેનારું.

**પિતૃદેવકર્મ =** પિતૃ (= પૂર્વજો)ની પૂજાનું કર્મ (પૂજા, યજ્ઞ, બલિ, વૈશ્વદેવ વગેરે)

**શમદમાદિક** = શમ (= તમામ વાસનાને સમાવી દેવી તે), દમ (= ઇંદ્રિયનિગ્રહ, બ્રાહ્યવૃત્તિનો નિરોધ) વગેરે.

**ઉન્મત્ત** = ગાંડું, મદમસ્ત

**પાણો** = પથ્થર.

**દાવાનળ** = જંગલમાં લાગતી આગ, દવ.

**નાંગળ** = લંગર, આગબોટ વગેરેને પાણીમાં ઉભા રહેવા માટે વજનવાળું લોખંડનું ખાસ પ્રકારનું સાધન.

**પ્રધાન** = પ્રધાનપુરુષ.

**बुद्धीद्रिंय मनःप्राणान्...** = અર્થ આપેલો જ છે. શ્રીમદ્ ભાગવતમાં સ્કંધ ૧૦, અધ્યાય ૮૭, શ્લોક ૨

**લોકાંતર** = અન્ય લોક.

**સંસ્કૃતિ** = જન્મમરણની પરંપરા.

**यतो वाचो निवत्तन्ते... सह** = જેને મન, વાણીથી પામી શકાતા નથી. તૈત્તિરીય ઉપનિષદ આન.૯માં

**निरंजनः परमं....** = જુઓ સા.પ્ર.વ.૧૧નું વિવરણ.

**बहवो ज्ञान तपसा...** = જ્ઞાનરૂપી તપથી પવિત્ર થયેલા ઘણાં પુરુષો મારા સ્વરૂપને પામ્યા છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૪, શ્લોક-૧૦.

**ગુંજારવ** = મધુર, ગણગણાટ, ભમરાનો મધુર ધ્વનિ.

**હારદ** = તાત્પર્ય, હાર્દ.

**અગોચર** = ન જાણી શકાય, ન પામી શકાય, તેવું.

**કસાયેલું** = બેસ્વાદ બનેલું, ઊતરી ગયેલું.

**વચનામૃત - ૨**

**સંવત ૧૮૭૭ આસો સુદિ-૨** = તા.૯-૧૦-૧૮૨૦, મંગળવાર.

**મોદ =** જાડા વણાટનું કાપડ.

**વસ્તુતા =** વાસ્તવિક્પણે, ખરું જોતાં, તત્વતઃ.

**વચનામૃત - ૩**

**સંવત ૧૮૭૭ આસો વદિ-૭ =** તા.૨૮-૧૦-૧૮૨૦, રવિવાર.

**ફાટી દૃષ્ટિએ =** મદમાં છકીને ફરવું.

**સ્વામી કાર્તિક =** મહાદેવના પુત્ર, મહાબળવાન ને સદા બ્રહ્મચારી હતા, દેવતાના સેનાપતિ, સુબ્રહ્મણ્ય.

**ઊપન્યો =** ઉત્પન્ન થયો.

**અભિલાષા =** પ્રબળ ઇચ્છા, આકાંક્ષા, ઉમેદ, હોશ.

**વચનામૃત - ૪**

**સંવત ૧૮૭૭ આસો વદિ-૮ =** તા.૨૯-૧૦-૧૮૨૦, સોમવાર.

**વચનામૃત - ૫**

**સંવત ૧૮૭૭ આસો વદિ-૧૪ =** તા.૪-૧૧-૧૮૨૦, રવિવાર.

**મનોરથ =** ઇરાદો, ભાવના, આકાંક્ષા, આશ્રય.

**છપાડીને =** છુપાવીને.

**વચનામૃત - ૬**

**સંવત ૧૮૭૭ આસો વદિ-૩૦ =** તા.૫-૧૧-૧૮૨૦, સોમવાર.

**પાદુકા =** ચાખડી, પાવડી.

**મત્સર =** અદેખાઈ, બીજાની સંપત્તિ વગેરે જોઈ પોતાના મનને સહન ન થાય તે મત્સરવૃત્તિ કહેવાય.

**તરખલા =** તણખલું, તરણું, તૃણ, ઝીણી સળીનું ઘાસ.

**ગુદરાણ =** ગુજરાન, નિર્વાહ, નિભાવ, ભરણપોષણ.

**વચનામૃત - ૭**

**સંવત ૧૮૭૭ કાર્તિક સુદિ- ૧ =** તા.૬-૧૧-૧૮૨૦, મંગળવાર.

(વિક્રમસંવત મુજબ નવું વર્ષ બેઠું, પણ આ આષાઢી સંવત હોવાથી, અષાઢ સુદિ ૧ એ નવું વર્ષ ગણાતું.)

**વિટમણા =** વિટંબણા, મુશ્કેલી, સંતાપ, માથાફોડ, પંચાત.

**ચટકી લાગવી =** મનની તીવ્ર લાગણી થવી.

**ચિદઘન તેજ =** ભગવાનના સ્વરૂપમાંથી નીકળતું ચૈતન્ય દિવ્ય તેજ (સામાન્ય રીતે 'તેજ' કહેવાય. પંચભૂતમાંહેનું પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશમાંનું- તેજ કહેવાય, ભગવાનના સ્વરૂપનું તેજ તો તેનાથી વિલક્ષણ દિવ્ય ચૈતન્ય તેજ છે, જે ચિદ્‌ઘન તેજ કહેવાય છે.)

**પાધરું =** સીધું, બારોબાર, વચમાં કોઈને રાખ્યા-ગણ્યા વિના.

**વચનામૃત - ૮**

**સંવત ૧૮૭૭ કાર્તિક સુદિ- ૪ =** તા.૯-૧૧-૧૮૨૦, શુક્રવાર.

**સમાસ =** પુષ્ટિ, સમર્થન, વૃદ્ધિ, સ્પષ્ટીકરણ.

**ઉપાધિ =** જંજાળ, પોતાના શુદ્ધ સ્વરૂપમાં ફેરફાર કરનાર કારણરૂપ સંબંધ, ચિંતા, ફિકર.

**ચાર ભૂત =** પૃથ્વી, જળ, તેજ, વાયુ.

**લોકાલોક પર્વત =** પુરાણમાં જણાવેલ એ નામનો

પર્વત. મેરુ પર્વત કેન્દ્રમાં છે, તેની ફરતે બાર કરોડ પચાસ લાખ યોજનની ત્રિજ્યાએ વલય-આકારે આવેલ પર્વત. તે દશહજાર યોજન વિસ્તાર ને એક કરોડ યોજન ઊંચાઈવાળો છે. તેની અંદરની તરફ સૂર્યપ્રકાશ પડે છે ને બહારની બાજુ અંધકાર છે.

**અર્જુન સોતા =** અર્જુન સહિત.

**માયાનું તમ =** માયાનું અંધારું, અંધકાર.

**ઈંડ કટાહ =** ઈંડ (= ઈંડ) + કટાહ (= કાચબાની ઢાલ). ઈંડાંનું ઉપરનું પડ, કોચલું, બ્રહ્માંડના ફરતા આઠ આવરણરૂપી કોચલું છે તે.

**વચનામૃત - ૯**

**સંવત ૧૮૭૭ કાર્તિક સુદિ- ૫ =** તા.૧૦-૧૧-૧૮૨૦, શનિવાર.

**વચનામૃત - ૧૦**

**સંવત ૧૮૭૭ કાર્તિક સુદિ- ૧૦ =** તા.૧૫-૧૧-૧૮૨૦, ગુરુવાર.

**કસર =** અહીં મંદવાડ, બેચેનીના અર્થમાં, રોગનું બાકી રહેવું તે.

**શ્વપચની પેઠે =** નીચ જાતિનો માણસ, કૂતરાં વગેરે પ્રાણીઓનું માંસ પકાવીને ખનાર માણસ- જેમ આવા માણસનો સંગ કોઈ કરવા ન ઇચ્છે તેમ.

**ઈશક =** આસક્તિ, હદથી વધારે પ્રીતિ, લગની.

**તારતમ્યતા =** જુઓ ગ.પ્ર.પ્ર.વ.૪૧નું વિવરણ.

**સાધર્મ્યપણું =** જુઓ ગ.પ્ર.પ્ર.વ.૨૧નું વિવરણ.

**વચનામૃત - ૧૧**

**સંવત ૧૮૭૭ કાર્તિક સુદિ- ૧૧ =** તા.૧૬-૧૧-૧૮૨૦, શુક્રવાર.

**છીંટની ડગલી =** રંગીન વેલબુટ્ટા ચિતરેલા હોય તેવા કાપડમાંથી બનાવેલ અસ્તરવાળી બંડી-અંગરખું.

**જોરાઈએ =** જબરદસ્તીથી, બળજબરીથી.

**હરામ કરવું =** મના કરી રાખવી.

**વચનામૃત - ૧૨**

**સંવત ૧૮૭૭ કાર્તિક સુદિ- ૧૫ =** તા.૨૦-૧૧-૧૮૨૦, મંગળવાર.

**વજ્રસાર =** વજ્રની અંદરનો સખત ભાગ, અતિશય કઠિન, તોડી ન શકાય તેવું, બહુ દૃઢ.

**લંપટ =** વિષયમાં લપટાઈ ગયેલો, પરસ્ત્રીમાં લુબ્ધ, વ્યભિચારી.

**તપ્તકૃચ્છ =** ચાર (કે બાર) દિવસ સુધી કરવાનું એક પ્રાયશ્ચિત વ્રત. તેમાં ગરમ દૂધ. ગરમ ઘી ને ગરમ પાણી પીને ઉપવાસ કરવામાં આવે છે.

# ૫. લોયા પ્રકરણ

**વચનામૃત - ૧**

**સંવત ૧૮૭૭ કાર્તિક વદિ- ૧૦ =** તા.૩૦-૧૧-૧૮૨૦, શુક્રવાર.

**લોયા =** સારંગપુરની નજીક બોટાદ ગામ છે જે તાલુકામથક છે, તેની પાસે રાણપુર ગામ છે, રાણપુરથી દસેક કિલોમીટરના અંતરે આવેલું ગામ ત્યાંના દરબાર સુરાખાચર શ્રીજીમહારાજના અનન્ય ભક્ત હતા.

**નંદીશ્વર =** શિવના દ્વારપાલ, પોઠિયો.

**ડાચિયું નાંખવું =** ખિજાઈને કાંઈ કહેવું, જેના-તેના ઉપર ગુસ્સો કરવા, કરડવા પ્રયત્ન કરવો.

**કસાઈ =** પશુને મારીને તેનું માંસ વેચવાનો ધંધો કરનાર માણસ, ખાટકી, ઘાતકી, હિંસક.

**ભાવર =** રખડું, શિકારી.

**દગ્ધ =** દુઃખી, બળેલું, દાઝેલું, કષ્ટ થતું હોય તેવું.

**કૃચ્છ્ર ચાંદ્રાયણ =** બહુ મુશ્કેલીથી થઈ શકે તેવું પ્રાયશ્ચિત વ્રત.

**અનુસ્યૂતપણે =** ઓતપ્રોતપણે, ગૂંથાયેલું, ગાઢ સંબંધવાળું, સાથે જોડેલું.

**ટોકે =** અટકાવે, રોકે.

**વચનામૃત - ૨**

**સંવત ૧૮૭૭ કાર્તિક વદિ- ૧૧ =** તા.૧-૧૨-૧૮૨૦,

શનિવાર.

**કિનખાપ =** કિનખાબ, રેશમ અને કસબ સાથે વણેલું, બુટ્ટાદાર વસ્ત્ર, રેશમી કપડા ઉપર કસબ અને તારા ટીપકી વગેરેનું ભરત કામ.

**બુરાનપુરી =** બુરાનપુર નામના મધ્યપ્રદેશમાં આવેલા શહેરમાં બનેલું.

**વચનામૃત - ૩**

**સંવત ૧૮૭૭ કાર્તિક વદિ- ૧૩ =** તા.૩-૧૨-૧૮૨૦, સોમવાર.

**ગોદોહન =** વનવિચરણ દરમ્યાન શ્રીજીમહારાજ જે સ્થળે સવારે ગાયને દોહી હોય તે સ્થળે સાંજના ગાયને દોહવાનો સમય આવે તે અગાઉ બીજે સ્થળે વિચરણ કરી જતા. સાંજે જે સ્થળે હોય ત્યાંથી વહેલી સવારે ગાય દોહે તે અગાઉ નીકળી બીજે જતા.

**તેની કોરનો કેફ =** તેની તરફનો કેફ.

**કંઠપ્રાણ =** પ્રાણ કંઠે આવી ગયેલા, દેહ મૂકવાનો સમય, જીવ દેહમાંથી નીકળી જવાની તૈયારી.

**માર્ગીનો પંથ =** માર્ગી નામનો સંપ્રદાય.

**વીઘા =** એકરનો ચાલીસમો ભાગ તે ગુંઠો તેવા આશરે ૨૫ ગુંઠા તે વીઘો. જમીનનું એક માપ. (૧ એકર = ૪૮૪૦ ચો.વાર = ૪૩૫૬૦ ચો.ફૂટ, ૧ ગુંઠો = ૧૨૧ ચો.વાર = ૧.૮૯ ચો.ફૂટ)

**વચનામૃત - ૪**

**સંવત ૧૮૭૭ કાર્તિક વદિ- ૧૪ =** તા.૪-૧૨-૧૮૨૦, મંગળવાર.

**અંશકળા =** અંશ અવતાર, કળા અવતાર.

**બિલોરી કાચ =** જેમાંથી આરપાર દેખાય તેવો પાસાવાળો કાચ, જેમાંથી જોવાની ઝીણી વસ્તુ મોટી દેખાય તેવો કાચ.

**મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહ =** મચ્છ= માછલું, કચ્છ = કાબચો, વરાહ = ભૂંડ, નૃસિંહ = નર + સિંહ. ભગવાને જુદાં જુદાં પ્રયોજન માટે તેવા તેવા અવતાર ધારણ કરેલા હતા તે.

**સ્થાવર - જંગમ =** સ્થાવર એટલે સ્થિર, જંગમ એટલે એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસી શકે એવા ચર.

**વચનામૃત - ૫**

**સંવત ૧૮૭૭ કાર્તિક વદિ- ૩૦ =** તા.૫-૧૨-૧૮૨૦, બુધવાર.

**અવધિ =** સમય મર્યાદા.

**માંહ્યલી કોરથી =** અંદરની તરફથી.

**શાણે =** શેના વડે, કેવી રીતે.

**વચનામૃત - ૬**

**સંવત ૧૮૭૭ માગશર સુદિ- ૧ =** તા.૬-૧૨-૧૮૨૦, ગુરુવાર.

**સુધાં સારાં =** સીધી રીતે, સરસ રીતે.

**લલોચપો =** લોચોપોચો, આ ખરું કે તે ખરું એવો સંશય, દ્વિધા.

**કુત્સિતપણું =** અશ્લીલતા, તિરસ્કાર છૂટે એવું, ખરાબ.

**પગ પાછો પડી જવો =** ભગવાને આજ્ઞા કરેલા વર્તમાન પાળવામાં ચૂક પડી હોય તથા સંત-સત્સંગનો અવગુણ

લેતો હોય તેવો.

**એકડમલ વિમુખ =** સંપ્રદાયમાં સંતોને જોડીમાં (અન્ય ત્યાગી સાથે) રહેવાનો નિયમ છે, પણ કોઈ જુદો પડી એકલો અલગ રહેતો હોય તે.

**કરતલ =** કરનારા.

**ચિરકારી =** ઘણી વાર લગાડી કામ કરવું.

**યદ્યપિ =** જો કે.

**વચનામૃત - ૭**

**સંવત ૧૮૭૭ માગશર સુદિ- ૩ =** તા.૮-૧૨-૧૮૨૦, શનિવાર.

**ऋते ज्ञानान्न मुक्ति =** ઋત (ભગવાનના) જ્ઞાન વિના મુક્તિ થતી નથી. હિરણ્ય કેશિય શાખાની શ્રુતિ.

**तमेव विदित्वाति...=** ભગવાનને જાણીને જ મોક્ષને પામે છે તે વિના બીજો મોક્ષનો માર્ગ નથી. શ્વેતા. ઉપનિષદ, અધ્યાય ૩, વા.૮

**જન્માંતરે =** પછીના જન્મે, અન્ય જન્મે.

**જીવસત્તા તદાશ્રિત જે અનુભવજ્ઞાન =** દસ ઇંદ્રિયો ને ચાર અંત:કરણથી અલગ એવા જીવની સત્તાએ રહે ત્યારે તેને જે અનુભવ થાય તેનું જ્ઞાન.

**સાવકાશે =** અવકાશ-આકાશ સાથે.

**પૂગતાં =** પહોંચતાં.

**यस्मात् क्षरम्... =** હું ક્ષર વર્ગથી જુદો છું અને અક્ષરથી પણ ઉત્તમ છું. તેથી લોક અને વેદમાં મને જ પુરુષોત્તમ કહે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૮.

**विष्टभ्याह मिंदं =** સમગ્ર જગતને હું મારી

યોગામાયાના એક અંશમાત્રથી ધારણ કરું છું. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૦, શ્લોક ૪૨.

**मत्त परतरं नान्यति...** = માટે હે અર્જુન! મારાથી પરમાર્થ સત્ય બીજું કાંઈ પણ નથી, જેમ દોરામાં પરોવાયેલા મણિઓનો સમૂહ છે, તેમ સર્વે મારામાં પરોવાએલું છે. ગીતા, અધ્યાય ૭, શ્લોક ૭.

**पश्य मे पार्थ!...** = હે અર્જુન! મારા સેંકડો ને હજારો રૂપોને તું જો. ગીતા, અધ્યાય ૧૧, શ્લોક ૫.

**અગોચર** = અગમ્ય, ઇંદ્રિયોથી ન જાણી શકાય તેવું.

**भूमिरापोडनलो वायु...** = પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, મહતત્ત્વ અને અહંકાર આ આઠ પ્રકારે પરિણામ પામી છે તે પ્રકૃતિથી હું વિલક્ષણ છું. ગીતા, અધ્યાય ૭, શ્લોક ૪.

**अपरेयमितस्त्वन्यां...** = આ જે આઠ પ્રકારની ભેદવાળી કહી તે અપરા એટલે જડ પ્રકૃતિ છે અને એનાથી જુદી ચેતન પ્રકૃતિ છે તે મારા જીવરૂપ પરાપ્રકૃતિ છે જેનાથી મેં સંપૂર્ણ જગત ધારણ કરેલ છે. ગીતા, અધ્યાય ૭, શ્લોક ૫.

**नैष्कर्म्यम् अपि अच्युत...** = નૈષ્કર્મ્ય જે આત્માની ઉપાસનારૂપ જ્ઞાન તે રાગદ્વેષ આદિ અંજને રહિત છે પણ તે જો ભગવાનની ભક્તિ વિનાનું છે તો તે અતિ શોભતું નથી. અર્થાત્ ભક્તિ વિનાનું કેવળ જ્ઞાન શોભતું નથી. શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ, અધ્યાય ૫, શ્લોક ૧૨.

**कर्मणो हि अपि...** = મુમુક્ષુએ કરવા યોગ્ય કર્મમાં જાણવું રહ્યું છે તથા વિકર્મ જે વૈદિક કામ્યકર્મ તેમાં પણ

જાણવું રહ્યું છે તથા અકર્મ જે જ્ઞાન તેમાં પણ જાણવાનું રહ્યું છે, એવી રીતે કર્મની ગતિ ગહન છે. ગીતા, અધ્યાય ૪ શ્લોક ૧૭.

**ब्रह्मभूतः प्रसन्नात्मा...=** જે બ્રહ્મરૂપ થયો છે તે પ્રસન્નાત્મા ન કોઈ વાતનો શોક કરે છે, ન કોઈની ઇચ્છા-આકાંક્ષા રાખે છે, એ તો સર્વમાં સમભાવ રાખીને મારી પરાભક્તિને પામે છે. ગીતા, અધ્યાય ૧૮, શ્લોક ૫૪.

**કૈવલ્યાર્થી =** ભક્તિ વિનાનો જ્ઞાની.

**વ્યાપ્ય પ્રકૃતિ =** પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, મહતત્ત્વ ને અહંકાર એ આઠ પ્રકારના ભેદવાળી પ્રકૃતિ કે જેને વિશે ચૈતન્ય પ્રકૃતિ વ્યાપીને રહી છે તે.

**વ્યાપક ચૈતન્ય પ્રકૃતિ =** આઠ પ્રકારની પ્રકૃતિને વિશે વ્યાપેલ ચૈતન્ય પ્રકૃતિ.

**यस्माक्षरं शरीरं =** જે પરમાત્માનું અક્ષર એ શરીર છે. સુબાલ ઉપનિષદ, ખં.૭.

**यस्मात्मा शरीरं =** જે પરમાત્માનું જીવાત્મા એ શરીર છે. બ્રહ. અ.૩, બ્રા.૭-૨૨.

**यस्य पृथ्वि शरीरं =** જે પરમાત્માનું પૃથ્વી એ શરીર છે. બ્રહ. અ.૩, બ્રા.૭૩.

**श्रुति =** વેદ, વેદ એટલે જ્ઞાન. જે જ્ઞાન ઋષિઓએ અનુભવથી સ્વયં પરમાત્મા પાસેથી સાંભળ્યું તે શ્રુતિ. શ્રુતિનો શબ્દશઃ અર્થઃ જે સંભળાય તે.

**અન્નમય- મનોમય- વિજ્ઞાનમય- આનંદમય બ્રહ્મ =** અન્નથી બંધાયેલ દેહ તે અન્નમય- સ્થૂળ દેહ, પ્રાણમય કોશ-મનોમન કોશ ને વિજ્ઞાનમય કોશ તે મળીને સૂક્ષ્મ શરીર

અને આનંદમય કોશ તે કારણશરીર.

**શરીરી =** શરીરથી અલગ, શરીરના માલિક-આત્મા.

**સોતી =** સહિત.

**आर्तो जिज्ञासुरर्थार्थी... =** સંસારના પદાર્થો માટે ભજવાવાળા અર્થાર્થી, સંકટ નિવારણ માટે ભજવાવાળા આર્ત, મને યથાર્થ રૂપથી જાણવાની ઇચ્છાથી ભજવાવાળા (જિજ્ઞાસુ ને જ્ઞાની (નિષ્કામી) એ ચાર પ્રકારના ભક્તો મને ભજે છે. ગીતા, અધ્યાય ૭, શ્લોક ૧૬.

**तेषां ज्ञानी... =** તે ચારેયમાં નિત્ય મારામાં એક ભાવ અને અનન્ય પ્રેમવાળી ભક્તિથી મને ભજતા જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ છે. ગીતા, અધ્યાય ૭, શ્લોક ૧૭.

**अहं ब्रह्मास्मि... =** હું બ્રહ્મ છું.

**લહેરી છે =** તરંગ છે, એટલે રામ-કૃષ્ણાદિ ભગવાનના અવતારમાં (એટલે પરમાત્મામાં) અને બ્રહ્મરૂપ એવા મારામાં કાંઈ ભેદ નથી, પાણી અને તેના તરંગ-મોજા-લહેર જુદા નથી, તેવા છીએ.

**બ્રહ્મકુદાળ =** કુદાળ એટલે કોદાળી, જે ખોદવા માટે વપરાય છે. ભગવાન અને ભગવાનના અવતારનું ખંડન કરનારા-ખોદનારા એ બ્રહ્મકુદાળ.

**આધુનિક =** પોતાના મનની રીતે શાસ્ત્રોના અર્થઘટન કરનારા, (સાચો- સનાતન અભિપ્રાય ન જાણનારા) હાલના- હમણાનાં સમયના, અર્વાચીન.

**વચનામૃત - ૮**

**સંવત ૧૮૭૭ માગશર સુદિ- ૫ =** તા.૧૦-૧૨-૧૮૨૦, સોમવાર.

**ખાર હોય =** વેર, શત્રુતા, અંટસ હોય.

**ક્રિયમાણ =** કરવામાં આવતું, વર્તમાનમાં થતું કાર્ય કે કર્મ.

**પ્રારબ્ધ =** નસીબ, ભાગ્ય, સંચિત (= ભેગા થયેલા) કર્મોમાંથી જેટલાં ભોગવવાને માટે આ વર્તમાન દેહ સરજાયો છે. તેટલાં કર્મ, જેનું ફળ આ જન્મમાં ભોગવવા માંડ્યું છે તે કર્મો.

**ફોશી =** બીકણ, બાયલું, નામર્દ, ઢીલું.

**બહુધા =** મોટા ભાગે, ઘણું કરીને.

**સારી-નરસી =** સારી ને ખરાબ, સારાસાર.

**મેષોન્મેષે રહિત =** આંખ પટપટાવ્યા વિના, આંખના પલકારા માર્યા વિના.

**જિહ્‌વા =** જીભ-રસાસ્વાદ.

**અલિંગ =** લિંગ- સ્ત્રી પુરુષ કે નર-માદાના કુદરતી ચિહ્‌નો વિનાનું, શરીર વિનાનું, નિરાકાર.

**ઉપશમ અવસ્થા =** સર્વે વૃત્તિઓ (મનની ને જીવની) સંકેલાઈ જાય તેવી સ્થિતિ.

**વચનામૃત - ૯**

**સંવત ૧૮૭૭ માગશર સુદિ- ૬ =** તા.૧૧-૧૨-૧૮૨૦, મંગળવાર.

**સ્તંબ પર્યંત =** તૃણ-જેને મૂળ કે થડ નથી એવું ઘાસ-સુધી. નીચલામાં નીચલી પાયરી સુધી.

**વચનામૃત - ૧૦**

**સંવત ૧૮૭૭ માગશર સુદિ- ૮ =** તા.૧૩-૧૨-૧૮૨૦, બુધવાર.

**અનુવર્તી =** અનુસરી, અનુકરણ કરી.

**વિષમપણું =** વિપરીતપણું, ખરાબ સમય, સરખું ન હોય તેવું.

**દોષની સેડ =** દોષની ઝીણી ધાર, સેર. દોષ અંગેની સૂક્ષ્મ વિચારધારા.

**द्युपतय एव ते न... =** બ્રહ્માદિક દેવો પણ તમારા મહિમાના પારને પામતા નથી કેમ કે અપાર છે, અરે ! તમે પણ તમારા મહિમાના અંતને પામતા નથી. શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ, અધ્યાય ૮૭, શ્લોક ૪૧.

**यश्च मूढतमो लोके यश्च =** જે ભક્ત મૂઢતમ (અતિશય અજ્ઞાની એટલે શાસ્ત્રનું જ્ઞાન નથી પણ ભગવાન અને તેમના ભક્તના વચનમાં દૃઢ વિશ્વાસથી તેમને ભજે) છે કે બુદ્ધિશાળી (ભગવાન યથાર્થ જ્ઞાનને સમજ્યો છે તે) છે તે મુક્તિને પામે છે, એ સિવાયના તો ભગવાનના સુખ વિનાના ક્લેશમાત્રને પામે છે. શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધ, અધ્યાય ૭, શ્લોક ૧૭.

**विषया विनिवर्त्तन्ते =** જે ઇંદ્રિયો દ્વારા વિષયો ગ્રહણ નથી કરતો તેના વિષયો તો ટળે ખરા, પણ તેમાં રાગ (રસ) રહી જાય છે, તે રામ ભગવાન મળે ત્યારે ટળી જાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૨, શ્લોક ૫૯.

**सत्त्वं यद् ब्रह्मदर्शनम् =** સત્વગુણ છે તે પરબ્રહ્મનું દર્શન કરાવનારો છે શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંદ, અધ્યાય ૨, શ્લોક ૨૪.

**संपत्ति =** સમૃદ્ધિ, ગુણોનો ઉત્કર્ષ.

**विद्याविद्ये मम तनू विद्ध्युद्धव =** હે ઉદ્ધવ! વિદ્યા

અને અવિદ્યા તે મારા શરીરભૂત છે, ને મારી માયામાંથી નિર્માણ થયેલી છે ને શરીરીઓને બંધન ને મુક્તિ કરનારી છે. શ્રીમદ ભાગવત એકાદશ સ્કંધ, અધ્યાય ૧૧, શ્લોક ૩.

**વચનામૃત - ૧૧**

**સંવત ૧૮૭૭ માગશર વદિ- ૮ =** તા.૨૭-૧૨-૧૮૨૦, ગુરુવાર.

**સદ્યસમાધિ =** તરત લાગી જાય તેવી સમાધિ.

**ઘોરતમ =** અતિ ભયાનક.

**સંસૃતિ =** જન્મ-મરણ.

**રગડ =** મહેનત, શ્રમ.

**વચનામૃત - ૧૨**

**સંવત ૧૮૭૭ માગશર વદિ- ૯ =** તા.૨૮-૧૨-૧૮૨૦, શુક્રવાર.

**પરદારા =** પારકી સ્ત્રી.

**ષટ્ઊર્મિ =** છ ઊર્મિ, મનનો છ પ્રકારનો આવેગ. શોક-મોહ, ભૂખ-તરસ અને જરા-મૃત્યુ.

**વચનામૃત - ૧૩**

**સંવત ૧૮૭૭ માગશર વદિ- ૧૦ =** તા.૩૦-૧૨-૧૮૨૦, રવિવાર.

**तत् सृष्टसृष्टसृष्टेषु... =** બ્રહ્માએ સર્જેલા મરીચિ આદિક તેમણે સર્જેલા દેવ-મનુષ્યો-તે સર્વેમાં એક નારાયણ ઋષિ વિના કયો પુરુષ છે. જેનું માયાથી મન આકર્ષણ ન થાય? સર્વ કોઈનું મન માયામાં આકર્ષાય જ. શ્રીમદ ભાગવત તૃતીય સ્કંધ, અધ્યાય ૩૧, શ્લોક ૩૭.

**एतदीशनमीशस्य..** = ભગવાનના એકાંતિક ભક્તોની બુદ્ધિ દેહના ગુણો સાથે નથી જોડાતી તો અંતર્યામી રૂપે રહ્યા જે ભગવાન તે જડચિત્ પ્રકૃતિના ગુણો સાથે જોડાતા નથી. શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ, અધ્યાય ૧૧, શ્લોક ૩૮.

**दैवी हि एषा गुणमयी...** = મારી ત્રિગુણાત્મિકા એવી જે માયા તે દુઃખે કરીને પણ તરાય એવી નથી, પણ જે મારો આશ્રય કરે છે તે પુરુષ તે માયાને તરી જાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૭, શ્લોક ૧૪.

**વિપર્યયપણું** = ગરબડ, અવ્યવસ્થા, ફેરફાર.

**मम साध्मर्यमागताः...** = મારા સાધર્મ્યપણાને પામેલા, મારા જેવાં ગુણ-લક્ષણવાળા થયેલા શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૪, શ્લોક ૨.

**સ્વરાટ થકા વિરાજમાન** = રાજાધિરાજ પણે વિરાજમાન.

**अपरिमिता ध्रुवास्तनुभृतो...** = હે ધ્રુવ! જીવો અનંત અને નિત્ય છે જો તે સર્વ જીવો ઈશ્વર થાય તો રક્ષણ કરવારૂપી નિયમ બને નહિ અને સર્વ જીવો ઈશ્વર ન થાય ને એક જ ઈશ્વર હોય તો  રક્ષણ કરવારૂપી નિયમ બને. શ્રીમદ્ ભાગવત, દશમસ્કંધ, અધ્યાય-૭, શ્લોક ૩૦.

**વેદસ્તુતિનું ગદ્ય** = જુઓ ગ.પ્ર.પ્ર.વ.૪૧નું વિવરણ.

**एकमेवाद्वितीय ब्रह्म...** = એક ને અદ્વિતીય એવું બ્રહ્મ છાંદોગ્ય, અ. ૬, ખં.૨-૧.

**વચનામૃત - ૧૪**

**સંવત ૧૮૭૭ માગશર વદિ- ૧૧** = તા.૩૧-૧૨-૧૮૨૦, સોમવાર.

**સુંસરો =** સોંસરો, એક છેડેથી બીજા છેડા સુધી, પાંસરું.

**न कुर्यात् कर्हिचित... =** અતિ ચંચળ સ્વભાવવાળું જે મન તેનો વિશ્વાસ ક્યારેય ન કરે. મનના વિશ્વાસથી ઘણા કાળથી સંપાદન કરેલું ઈશ્વરોનું તપ નાશ પામ્યું. વિશ્વાસુ પતિની વ્યભિચારિણી સ્ત્રી અન્ય વ્યભિચારી પુરુષને અવકાશ આપે છે તેમ મનનો વિશ્વાસ કરનાર યોગી કામ-ક્રોધ રૂપી શત્રુઓને અવકાશ આપે છે. શ્રીમદ્ ભાગવત પંચમ સ્કંધ, અધ્યાય ૬, શ્લોક ૩-૪.

**સુવાણ =** સવાણ, આરામ, સોબતનો આનંદ.

**સ્તબ્ધપણું =** થંભી જવું, દિગ્મૂઢ થયેલું.

**વચનામૃત - ૧૫**

**સંવત ૧૮૭૭ માગશર વદિ- ૧૩ =** તા.૨-૧-૧૮૨૧, બુધવાર.

**અધ્યાત્મ =** આંખ, કાન, વગેરે ઇંદ્રિયો.

**અધિભૂત =** ઇંદ્રિયોના સ્થાન- ગોલક.

**અધિદૈવ =** ઇંદ્રિયોના અધિષ્ઠાતા સૂર્ય વગેરે દેવતાઓ.

**બપોરિયા =** જેને સળગાવતાં બપોર જેવો પ્રકાશ આપે તેવી આતશબાજી.

**અક્ષિવિદ્યા =** જુઓ ગ.પ્ર.પ્ર.વ.૪૬નું વિવરણ.

**મુવાળા =** વાળ, કેશ, મોવાળા.

**ષટ્ સંપત્તિ =** શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન ને શ્રદ્ધા એ છે.

**त्यज धर्ममधर्म च... =** અર્થ આપેલ છે.

શ્રી મહાભારત, મોક્ષપર્વ, અધ્યાય ૩૩, શ્લોક ૪૦.

**પિંડીભાવ =** એકઠા કરીને તે ભાવે.

**સંસૃતિ =** જન્મ-મરણ.

**વચનામૃત - ૧૬**

**સંવત ૧૮૭૭ માગશર વદિ- ૧૪ =** તા.૩-૧-૧૮૨૧, ગુરુવાર.

**કુંઠિત =** રૂંધાયેલું, અટકી ગયેલું, બૂઠું.

**मदभयात् वाति वातो... =** મારા ભયથી વાયુ વાય છે, ને સૂર્ય તપે છે. શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધ, અધ્યાય ૨૫, શ્લોક ૪૨.

**પગકી પહેનિયા =** પગના પગરખાં.

**વચનામૃત - ૧૭**

**સંવત ૧૮૭૭ માગશર વદિ- ૩૦ =** તા.૪-૧-૧૮૨૧, શુક્રવાર.

**વિપરીતપણું =** તદ્દન ઊલટું.

**અનાદર =** તુચ્છપણું, અભાવ, અપ્રીતિ.

**બખેડો =** ઝઘડો, કજિયો.

**મોથ =** એક પ્રકારનું ઘાસ.

**વચનામૃત - ૧૮**

**સંવત ૧૮૭૭ પોષ સુદિ- ૧ =** તા.૫-૧-૧૮૨૧, શનિવાર.

**भुभारः क्षपितो येन तां... =** અર્થ આપેલો જ છે. શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ, અધ્યાય ૧૫, શ્લોક ૩૪-૩૫.

**કિરીટ =** મુગટ

**तेनैव रुपेण ... =** હે સહસ્રબાહો ! હે વિશ્વમૂર્તે! તેના

તે જ ચતુર્ભૂજરૂપે તમે થાઓ. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૧, શ્લોક ૪૬.

**अवजानंति मा मूढा... =** હું સર્વ જીવ પ્રાણીમાત્રનો મહાન ઈશ્વર છું છતાં મારા પરમભાવને ન જાણનારા મૂઢ જનો મને બીજા મનુષ્ય જેવો જાણીને મારો તિરસ્કાર કરે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૯, શ્લોક ૧૧.

# ૬. પંચાળા પ્રકરણ

**વચનામૃત - ૧**

**સંવત ૧૮૭૭ ફાગણ સુદિ- ૪ =** તા.૭-૩-૧૮૨૧, ગુરુવાર.

**પંચાળા =** સૌરાષ્ટ્ર વિસ્તારમાં જૂનાગઢથી દક્ષિણે આશરે ૭૦ કિલોમીટરને અંતરે આવેલું ગામ. ત્યાંના દરબાર ઝીણાભાઈ (હેમંતસિંહ) શ્રીજીમહારાજના અનન્ય સેવક હતા.

**ફેંટાનો પેચ =** પાઘડીનો આંટો.

**શાહુકાર =** ધનિક

**સડતાળાનાં રાંક =** ૧૮૪૭ની સંવતમાં પડેલા દુકાળના ગરીબ.

**પીંપરની ટેટી =** પીપળાના જેવા પીપરના ઝાડની પેપડીઓ.

**બ્રહસ્પતિ =** દેવોના ગુરુ

**વચનામૃત - ૨**

**સંવત ૧૮૭૭ ફાગણ સુદિ- ૭ =** તા.૧૦-૩-૧૮૨૧, રવિવાર.

**મોક્ષધર્મનું પુસ્તક =** એક શાસ્ત્રગ્રંથ.

**અવાંતર =** અંદર, ભાગરૂપે.

**વિશ્વ, તૈજસ ને પ્રાજ્ઞ =** જુઓ રહસ્યાર્થ પ્રશ્નોત્તર ૧.

**વ્યષ્ટિ દેહ =** વ્યક્તિગત દેહ.

**તદાત્મકપણા** = તેના એકાત્મપણાને, તદ્રુપપણે તદાકાર.

**यतो वाचो...=** જુઓ કા.પ્ર.વ.૧નું વિવરણ.

**सर्वं खलु इदं ब्रह्म...=** આ સર્વ જગત બ્રહ્મ-બ્રહ્માત્મક છે. છાંદોગ્ય ઉપનિષદ, અ.૩.ખં. ૧૪-૧ જુઓ.

ગ.પ્ર.પ્ર.વ.૭૧નું વિવરણ

**नेह नानास्ति किंचन...=** આ જગતમાં કોઈ પણ ભિન્ન (નાના) નથી સર્વ જગત બ્રહ્માત્મક છે. બૃહદારણ્ય ઉપનિષદ, અ.૪, બ્રા.૪, વા.૧૦.

**इदं हि विश्वं भगवानिवेतरो...=** ભગવાન થકી જગતની ઉત્પત્તિ આદિક થાય છે માટે જગત ભગવાન છે એમ કહેવાય છે, પણ ખરેખર તો ભગવાન વિશ્વથી વિલક્ષણ છે. શ્રીમદ્ ભાગવત, પ્રથમ અધ્યાય-૫, શ્લોક ૨૦.

**અચ્યુત, નિરંશ, નિર્વિકાર** = જુઓ રહસ્યાર્થ પ્રશ્નોત્તર ૨

**વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ** = જુઓ રહસ્યાર્થ પ્રશ્નોત્તર ૩.

**વ્યતિરિક્ત** = અલગ, જુદા.

**बह्मभूत प्रसन्नात्मा...=** જુઓ લો.પ્ર.વ.૭નું વિવરણ.

**आत्मारामाश्च मुनयो...=** સ્વરૂપને વિશે રમતાં અને જેમના હૃદયની ગ્રંથિઓ નાશ પામી છે એવા મુનિઓ ભગવાનને વિશે ફળનું અનુસંધાન રહિત નિષ્કામ ભક્તિ કરે છે. શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ, અધ્યાય-૭, શ્લોક ૧૦.

**परिनिष्ठितोऽपि नैर्गुण्ये...=** હે રાજર્ષે! ત્રિગુણાતીત

અક્ષરબ્રહ્મને વિશે આત્માના એકપણાના ભાવથી રહેલો જે હું તે ક્ષર-અક્ષર પુરુષથી શ્રેષ્ઠ કીર્તિવાળા શ્રીકૃષ્ણ તેમના ચરિત્રરૂપી લીલાથી આકર્ષણ થઈ ગયું છે. ચિત્ત જેનું એવો સતો આ શ્રીમદ્ ભાગવતને ભણ્યો. શ્રીમદ્ ભાગવત, દ્વિતીય સ્કંધ, અધ્યાય ૧, શ્લોક ૯.

**વચનામૃત - ૩**

**સંવત ૧૮૭૭ ફાગણ સુદિ- ૮ =** તા.૧૧-૩-૧૮૨૧, સોમવાર.

**ચોજાળી =** બહુ તર્ક-દલીલ-પ્રશ્ન કરે તેવી.

**સાંબ =** શ્રીકૃષ્ણ ભગવાનનો જાંબુવતીથી થયેલો પુત્ર.

**ખૂંતીને =** ખૂંચીને, ખૂંપીને.

**સંપત્તિ =** સમૃદ્ધિ, ગુણોનો ઉત્કર્ષ, ઐશ્વર્ય.

**નૈગુણ્યસ્થા રમન્તે =** નિર્ગુણ થયેલા મુક્તો પણ ભગવાનના ગુણનું કથન કરવું તેને વિશે રમ્યા કરે છે. શ્રીમદ્ ભાગવત્, દ્વિતીય સ્કંધ, અધ્યાય ૧, શ્લોક ૭.

**परिनिष्ठितोऽपि =** જુઓ પં.પ્ર.વ.૨નું વિવરણ.

**क्षेत्र-क्षेत्रज्ञ =** શરીર ને શરીરી એવો આત્મા.

**तेषां-ज्ञानी =** ચાર પ્રકારના ભક્તોમાં જ્ઞાની ભક્ત શ્રેષ્ઠ છે કેમ કે તે મારે વિશે જ સર્વથા જોડાયેલો છે ને એક મારે વિશે જ ભક્તિવાળો છે. જ્ઞાનીને હું જેટલો પ્રિય છું ને મને જ્ઞાની જેટલો પ્રિય છે તે કહી શકાતું નથી. બીજા ત્રણ પ્રકારના ભક્તો ઉદાર (ઉદાત્ત) છે, પણ જ્ઞાની તો મારો આત્મા એટલે આત્મવત્ પ્રિય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય ૭, શ્લોક ૧૭-૧૮. જુઓ. લો.પ્ર.વ.૭

**વચનામૃત - ૪**

**સંવત ૧૮૭૭ ફાગણ વદિ-૩ =** તા.૨૧-૩-૧૮૨૧, ગુરુવાર.

**અગોચર =** ઇંદ્રિયથી જાણી ન શકાય તેવું, ઇંદ્રિયાતીત.

**સાદૃશ્યપણું =** સરખાપણું, મળતાપણું, તુલ્યતા.

**अहं वैश्वानरो भूत्वा... =** હું વૈશ્વાનરરૂપ જઠરાગ્નિરૂપ) થઈને પ્રાણીઓના દેહને આશરીને રહેલો છું, ને પ્રાણ ને અપાન વાયુ વડે પ્રજ્વલિત થઈ ચાર પ્રકારના અન્નને પચાવું છું. શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૪.

**સુવાણ =** આરામ, સોબતનો આનંદ.

**છપાવી રાખવો =** છુપાવી રાખવો.

**तेवैनरुपेण चतुर्भजेन...=** હે સહસ્રમૂર્તિ! હે વિશ્વમૂર્તિ! આપ ચતુર્ભૂજરૂપ ધારણ કરો. શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૧૧, શ્લોક ૪૬. લો. પ્ર. વ. ૧૮.

**વચનામૃત - ૫**

**સંવત ૧૮૭૭ ફાગણ વદિ- ૮ =** તા.૨૭-૩-૧૮૨૧, બુધવાર

**વચનામૃત - ૬**

**સંવત ૧૮૭૭ ફાગણ વદિ- ૯ =** તા.૨૮-૩-૧૮૨૧, ગુરુવાર.

**पश्य मे पार्थ... =** જુઓ લો. પ્ર. વ. ૭નું વિવરણ

**यस्मात् क्षरम्... =** જુઓ લો. પ્ર. વ. ૭નું વિવરણ

**વચનામૃત - ૭**

**સંવત ૧૮૭૭ ફાગણ વદિ- ૧૧ =** તા.૨૯-૩-૧૮૨૧, શુક્રવાર.

**स वेद धातुः... =** જે ભક્ત નિષ્કપટ અવિચ્છિન્ન એવી અનુવૃત્તિથી ભગવાનના ચરણકમળને ભજે છે તે ભક્ત સર્વાધાર, અપરિમિત, ઐશ્વર્યવાળા, ચક્રપાણિ પરમાત્માની પદવી (માર્ગ)ને જાણે છે. શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ, અધ્યાય ૩, શ્લોક ૩૮.

**अमायया...=** માયાએ રહિત એવું ભગવાનનું સ્વરૂપ

**जन्माद्यस्य यतः...=** આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય જે પરંબ્રહ્મ પરમાત્માથી થાય છે. શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ, અધ્યાય ૧, શ્લોક ૧.

**यत्र त्रिसर्गो मृषा...=** જ્યાં માયાના ત્રણ ગુણનો સર્ગ ત્રિકાળમાં છે જ નહિ. (ઉપરના શ્લોકનું જ પદ)

**धाम्ना स्वेन सदा निरस्त कुहकम्...=** અર્થ આપેલો છે. (ઉપરના શ્લોકનો જ ભાગ છે.)

**अवजानंति मां मूढा...=** જુઓ લો. પ્ર. વ. ૧૮નું વિવરણ

**स ईक्षत...=** તે જુએ છે, એતરેયોપનિષદ, અ. ૧, ખં. ૧

**पुरुषेणात्म भूतेन...=** પુરુષોત્તમ ભગવાને, પુરુષ દ્વારા મહામાયાને વિશે વીર્ય જે ચૈતન્યશક્તિ તે ધારી. શ્રીમદ્ ભાગવત, તૃતીય સ્કંધ, અધ્યાય ૫, શ્લોક ૨૬.

# ૭. ગઢડા મધ્ય પ્રકરણ

**વચનામૃત - ૧**

**સંવત ૧૮૭૭ જેષ્ઠ સુદિ- ૧૫ =** તા.૧૫-૬-૧૮૨૧, શનિવાર

**પૂર્ણમાસી =** પૂનમ, પૂર્ણિમા

**વિભ્રાંતિ =** વિભ્રમ, મનની અસ્થિરતા, ભ્રાંતિ

**ફાળકો =** પોતાની ધરી ઉપર ફરતું ચક્ર, ચરખો, ચકડોળ

**મેર =** ફાળકાના બે ય છેડેના ભાગ

**ઠેબાં =** છેડાના બૂઠ્ઠા ટોચકાં, જે બહાર નીકળતા હોય છે

**કોરે =** તરફ

**આરું =** આર, ધરી, લોઢાની અણી

**ખૂંતીને =** ખૂંચીને, ખૂંપીને - (કોઈ પણ અણીદાર પદાર્થનું ખૂંચવું.)

**ફેલ્ય =** દોરાની સેર

**દઈને =** દૈવ

**ધ્યાયતો પુંસઃ =** વિષયોનું ધ્યાન કરનારા પુરુષને ફરીથી પણ વિષયોમાં સંગ અતિશય વૃદ્ધિ પામે છે. સંગમાંથી કામ ઉત્પન્ન થાય છે, કામમાંથી ક્રોધ થાય છે, ક્રોધમાંથી સંમોહ થાય છે, સંમોહથી સ્મૃતિ વિભ્રમ થાય છે, ને સ્મૃતિભ્રંશ થવાથી બુદ્ધિ નાશ થાય છે, ને બુદ્ધિ

નાશ થવાથી પ્રાણ નાશ થાય છે. એટલે ફરીથી પણ સંસારમાં નિમગ્ન થાય છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૨, શ્લોક ૬૨-૬૩

**समलोष्टाश्मकांचनः =** જેને કાંચન - સોનુ ને માટી, પથ્થરમાં સમાનતાનો ભાવ થઈ ગયેલો છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૧૪, શ્લોક ૨૪.

**प्रियो हि... =** મને તત્ત્વથી જાણનારા જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું ને મને તે જ્ઞાની અત્યંત પ્રિય છે, શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૭, શ્લોક ૧૭.

**આદર =** શરૂઆત, આરંભ

**अनेक जन्म =** જુઓ ગ. પ્ર. પ્ર. વ. ૧૫નું વિવરણ

**નરકચોરાશી =** પાપની સજા ભોગવવાના લોક તે નરક ને ચોરાશી લાખ જાતની યોનિઓમાં ફરી ફરીને જન્મ થવો તે ચોરાશી.

**ગલિતાર્થ =** નિચોડ, અર્ક, સમજવા યોગ્ય અર્થ

**વચનામૃત - ૨**

**સંવત ૧૮૭૮ શ્રાવણ સુદિ** - ૩ **=** તા.૧-૮-૧૮૨૧, ગુરુવાર

**કરાર =** દુઃખની શાંતિ, સાતા, રોગથી છુટકારો, આરામ

**સેર્ય =** ધારા, જમીનની અંદરના ઝરણાની ધાર, સરવાણી

**ઠેલી રાખે =** રોકી રાખવું

**ઠાલો થાય =** ખાલી થવું

**વચનામૃત - ૩**

**સંવત ૧૮૭૮ શ્રાવણ સુદિ** - ૪ **=** તા.૨-૮-૧૮૨૧, શુક્રવાર

**રસિક માર્ગ =** ભગવાન સાથે રસપૂર્વક મોજ - વિલાસ કર્યા હોય તેવો ભાવવાળો ભક્તિ માર્ગ

**લેશમાત્ર =** સહેજ પણ

**अन्य क्षेत्रे... =** જુઓ ગ. પ્ર. પ્ર. વ. ૧નું વિવરણ

**વચનામૃત - ૪**

**સંવત ૧૮૭૮ શ્રાવણ સુદિ - ૫ =** તા.૩-૮-૧૮૨૧, શનિવાર

**ઓછપ =** ઉણપ, ઓછાપણું

**વિષયનો લીધો લેવાય છે =** ભગવાનને પડ્યા મૂકીને વિષયમાં મોહ પામી જાય છે ને વિષય ભોગવવા માંડે છે

**વચનામૃત - ૫**

**સંવત ૧૮૭૮ શ્રાવણ સુદિ - ૭ =** તા.૫-૮-૧૮૨૧, સોમવાર

**પાજીપલાવની છાયા =** હલકા કે દુષ્ટ માણસો કે તેમને ચડાવનારાની સંગત- સોબત - અસરમાં આવી જવું.

**વચનામૃત - ૬**

**સંવત ૧૮૭૮ શ્રાવણ સુદિ-૮ =** તા.૬-૮-૧૮૨૧, મંગળવાર

**યવન =** મ્લેચ્છ જાતિના

**વિધિ-નિષેધ =** શાસ્ત્રની આજ્ઞા ને મનાઈ, અમુક કરવા - ન કરવા વિશેની શાસ્ત્રની આજ્ઞા

**પ્રતિપાદન =** સ્થાપન કરેલું, સમર્થન કરેલું, માન્ય કરેલું

**વચનામૃત - ૭**

**સંવત ૧૮૭૮ શ્રાવણ સુદિ - ૧૧ =** તા.૯-૮-૧૮૨૧, શુક્રવાર

**વચનામૃત - ૮**

**સંવત ૧૮૭૮ શ્રાવણ સુદિ - ૧૨ =** તા.૧૦-૮-૧૮૨૧, શનિવાર

**નાડિજંઘ =** એ નામનો એક દાનવ

**ઢોર લાંઘણ =** ઢોરને ઘરધણી કાંઈ નીરે નહિ અને ભૂખ્યું પડ્યું રહે તે પ્રકારની ભૂખ્યા પડી રહેવાની સ્થિતિ. સમજ્યા વિનાની લાંઘણ

**अनेक जन्म... =** જુઓ ગ. પ્ર. પ્ર. વ. ૧૫નું વિવરણ

**ममैवांशो जीवलोके =** અર્થ એ શ્લોક પછી આપેલ જ છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૭.

**વચનામૃત - ૯**

**સંવત ૧૮૭૮ શ્રાવણ સુદિ - ૧૪ =** તા.૧૨-૮-૧૮૨૧, સોમવાર

**सर्वधर्मान्... =** અર્થ આપેલ જ છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૮, શ્લોક ૬૬.

**स्वल्पमप्यस्य... =** અર્થ આપેલ જ છે. શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૨, શ્લોક ૪૦.

**न भूतो न भविष्यति =** નથી ભૂતકાળમાં સાંભળી, ન ભવિષ્યમાં સાંભળીશું.

**મૂર્તિમાન વાર્તા =** સાક્ષાત્, નક્કર-કોંક્રિટ વાત

**એકડમલ =** સાધુને જોડમાં (બે જણાએ જોડે) ચાલવા-રહેવાની આજ્ઞા છે, તેને બદલે એકલો રહે-ચાલે તે એકડમલ.

**વચનામૃત - ૧૦**

**સંવત ૧૮૭૮ શ્રાવણ વદિ - ૩ =** તા.૧૬-૮-૧૮૨૧, શુક્રવાર

**અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ =** તેની સમજ તે વચનામૃત -માં તરત જ આપેલ છે

**ખાંડવ વન =** દિલ્હીની દક્ષિણ દિશાએ પ્રાચીન ઇંદ્રપ્રસ્થ આસપાસનું એક વન (જંગલ), જે બાળી નાખ્યા પછી ત્યાં પાંડવો માટે ઇંદ્રપ્રસ્થ નામનું નગર વસાવ્યું હતું.

**અગ્નિને અજીર્ણ થયું હતું =** પોતાની શક્તિ અન્ય સૌના કરતાં વિશેષ માનવા લાગ્યા હતા ત્યારે.

**ટીંખળ =** અટકચાળા

**जन्मकर्म =** અર્થ આપેલ જ છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૪, શ્લોક ૯.

**વચનામૃત - ૧૧**

**સંવત ૧૮૭૮ શ્રાવણ વદિ - ૫ =** તા.૧૮-૮-૧૮૨૧, રવિવાર

**आमयो येन... =** હે સુવ્રત, જેમ (ઘી આદિક અતિ ભક્ષણ કરવાથી) જેનાથી જે રોગ થાય છે, તે જ પદાર્થ (દા. ત. તામ્રભસ્મમાં વાપરેલું ઘી) દવા-ઔષધરૂપે અપાય ત્યારે તે રોગને મટાડે છે. તેમ મનુષ્યની સર્વ ક્રિયાઓ સંસૃતિનું કારણ છે, પરંતુ તે જ ક્રિયાઓ જો ભગવાનની ભક્તિરૂપે કરેલી હોય તો તે જ મોક્ષદાયી થાય છે. શ્રીમદ્ ભાગવત્ પ્રથમ સ્કંધ, અધ્યાય ૫, શ્લોક ૩૩-૩૪.

**कर्मण्यकर्म... =** અર્થ તેમાં આપેલ જ છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૪, શ્લોક ૧૮.

**વચનામૃત - ૧૨**

**સંવત ૧૮૭૮ શ્રાવણ વદિ - ૬ =** તા.૧૯-૮-૧૮૨૧, સોમવાર

**નાદાર =** દેવાળિયું, હિંમત ગુમાવી બેઠેલું

**વચનામૃત - ૧૩**

**સંવત ૧૮૭૮ શ્રાવણ વદિ - ૩૦ =** તા.૨૭-૮-૧૮૨૧, મંગળવાર

**સોનામહોરની વાંસળી કેડે બાંધવી =** જૂના જમાનામાં નાણાં વ્યવહારમાં નોટનું ચલણ ન હતું, સોનાના સિક્કા - સોનામહોરનું ચલણ હતું. બહારગામ જવું હોય ત્યારે સોનામહોરની ગોળાઈ જેટલી ગોળાઈ વાળી કપડાની કોથળી (જેને 'વાંસળી' કહેતા)માં તે સોનામહોર મૂકી કેડે બાંધી જતા, જેથી, સાચવવી ઉંચકવી સહેલી પડે.

**પૂંછલેલ ઢોર =** પૂંછડેથી ઉપાડવું પડે એવું નબળું ઢોર

**કાગદી લીંબુ =** લીંબુની એક સારી રસવાળી, પાતળી છાલવાળી જાત

**न तद्भासयते... =** જે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશ કરી શકતા નથી. જે ધામને પામીને પુનરાવૃત્તિને પામતા નથી (પાછા સંસારમાં આવવું પડતું નથી) તે મારું પરમધામ છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૫, શ્લોક ૬.

**વચનામૃત - ૧૪**

**સંવત ૧૮૭૮ ભાદરવા સુદિ - ૧ =** તા.૨૮-૮-૧૮૨૧, બુધવાર

**નિરુત્થાનપણે =** જેમાં કોઈ સંશય - સંકલ્પ ઊભો જ ન થતો હોય તે રીતે.

**વચનામૃત - ૧૫**

**સંવત ૧૮૭૮ ભાદરવા સુદિ - ૨ =** તા.૨૯-૮-૧૮૨૧, ગુરુવાર

**છાયામાં દબાય નહિ =** કોઈની અસર નીચે ન આવે, કોઈનાથી અંજાઈ જાય નહિ.

**કોણેય =** કોઈનાથી ય

**વચનામૃત - ૧૬**

**સંવત ૧૮૭૮ ભાદરવા સુદિ - ૧૦ =** તા.૭-૯-૧૮૨૧, શનિવાર

**બકતરરૂપ =** સૈનિક વગેરેને પહેરવાનું લોઢાના તારનું રક્ષણાત્મક સાધન તે બખ્તર, કવચ, વર્મ - તે રૂપ

**ઠા રહે નહિ =** મનનું ઠેકાણું - સ્થિરપણું ન રહેવું.

**કરી =** ચરી, પરહેજી, માંદગીમાં ખાવા-પીવા ઉપરની મર્યાદા

**अनेक जन्म... =** જુઓ ગ. પ્ર. પ્ર. વ. ૧૫નું વિવરણ

**श्रध्धावान्... =** અર્થ આપેલો જ છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૪, શ્લોક ૩૯.

**વચનામૃત - ૧૭**

**સંવત ૧૮૭૮ આસો વદિ - ૧૧ =** તા.૨૧-૧૦-૧૮૨૧, સોમવાર

**ચૂંથણું =** નિરર્થક છણાવટ, ચર્ચા

**सर्वधर्मान्... =** જુઓ ગ. મ. પ્ર. વ. ૯નું વિવરણ, ગ. પ્ર. પ્ર. વ. ૪૭નું વિવરણ

**રાસ પંચાધ્યાયી =** શ્રીમદ્ ભાગવત્ પુરાણમાં વર્ણવેલ શ્રીકૃષ્ણ ભગવાનના રાસનું વર્ણન કે જે પાંચ અધ્યાયોમાં વર્ણવેલ છે.

**વચનામૃત - ૧૮**

**સંવત ૧૮૭૮ માગશર વદિ - ૬ =** તા.૧૪-૧૨-૧૮૨૧, શનિવાર

**ભગવાનની કોરનો =** ભગવાન તરફનો, ભગવાન માટેનો

**વચનામૃત - ૧૯**

**સંવત ૧૮૭૮ માગશર વદિ - ૧૪ =** તા.૨૩-૧૨-૧૮૨૧, સોમવાર

**વચનામૃત - ૨૦**

**સંવત ૧૮૭૮ પોષ વદિ - ૧૪ =** તા.૨૨-૧-૧૮૨૨, બુધવાર

**या निशा सर्व... =** જુઓ ગ. પ્ર. પ્ર. વ. ૫૦નું વિવરણ.

**વચનામૃત - ૨૧**

**સંવત ૧૮૭૮ ફાગણ સુદિ - ૧૫ =** તા.૭-૩-૧૮૨૨, શુક્રવાર

**કંઠદેશ =** માણસ ઊંઘી ગયો હોય ત્યારે તેના પ્રાણ કંઠમાં સ્થિર થાય તો તેને સ્વપ્ન આવે, ને સ્વપ્નમાં અનંત જાતની સૃષ્ટિ દેખાય. કંઠમાં વિશુદ્ધ ચક્ર આવેલું છે.

**શિશુમાર ચક્ર =** આકાશમાં ઉત્તર ધ્રૂવનો તારો દેખાય છે તે તારા સહિત સાત તારાનો સમૂહ છે (જે નાના સપ્તર્ષિ તરીકે ઓળખાય છે) તે. તે તારાનો સમૂહ ધ્રૂવના તારાને કેન્દ્રમાં રાખીને ફરે છે.

**વચનામૃત - ૨૨**

**સંવત ૧૮૭૮ ફાગણ વદિ - ૧૦ =** તા.૧૯-૩-૧૮૨૨, મંગળવાર

**કરડાં વર્તમાન =** જે પાળવા અઘરાં પડે તેવા નિયમો

**બ્રાહ્મણોની ચોરાશી =** બ્રાહ્મણોની ૮૪ જ્ઞાતિઓને એટલે સમસ્ત બ્રાહ્મણોને જમાડવા.

**ગણેશધોળકાની રાયણો =** ધોળકાથી બગોદરાની વચ્ચે કોઠ ગામની નજીક ગણપતિના સ્થાનની જગ્યા છે. જે ગણેશધોળકા નામે ઓળખાય છે, તેની પાસે તે સમયમાં રાયણના ઝાડ ઘણાં હતાં ત્યાં. (હાલ તો ત્યાં ખેતર છે, ને આ જગ્યાએ પ્રસાદીરૂપે સ્મૃતિચિહ્ન રૂપે છત્રી કરી ચરણારવિંદ પધરાવેલા છે.)

**વચનામૃત - ૨૩**

**સંવત ૧૮૭૮ જેષ્ઠ સુદિ - ૧૧ =** તા.૩૧-૫-૧૮૨૨, શનિવાર

**લૂક =** ઉનાળાની ગરમ હવાની અસર

**હિમ =** શિયાળાની અતિશય ઠંડીમાં વનસ્પતિ બાળી નાખે તેવો ઠાર કે ઓસ.

**વચનામૃત - ૨૪**

**સંવત ૧૮૭૯ શ્રાવણ સુદિ - ૮ =** તા.૨૬-૭-૧૮૨૨, શનિવાર

**સિધ્ધ, ચારણ, વિદ્યાધર, ગંધર્વ, દેવતા =** દેવના અંશરૂપ જુદી જુદી જાતિઓ - કક્ષાઓ

**વચનામૃત - ૨૫**

**સંવત ૧૮૭૯ શ્રાવણ વદિ - ૬ =** તા.૮-૮-૧૮૨૨, શુક્રવાર

**ટેલ-ચાકરી =** સેવા - ચાકરી (બદલાની આશા વિનાની)

**પિતરાઈ દાવો =** પોતાનો હક્ક, મિલકત - સંપત્તિ

મેળવવા માટે પિતરાઈ ભાઈઓમાં થતો દાવો.

**બરોબરિયાપણું =** સરખે - સરખાપણું

**વચનામૃત - ૨૬**

**સંવત ૧૮૭૯ માગશર સુદિ - ૧૧ =** તા.૨૯-૮-૧૮૨૨, ગુરુવાર

**વચનામૃત - ૨૭**

**સંવત ૧૮૭૯ કાર્તિક સુદિ - ૧૧ =** ૨૫-૧૧-૧૮૨૨, મંગળવાર

**દુબાણો હોય =** તેને દુઃખ થયું હોય

**દુખ્યો =** દુઃખ લગાડ્યું, દુખવ્યો

**વચનામૃત - ૨૮**

**સંવત ૧૮૭૯ ફાગણ સુદિ - ૨ =** તા.૧૩-૨-૧૮૨૩, શુક્રવાર

**વચનામૃત - ૨૯**

**સંવત ૧૮૭૯ ફાગણ સુદિ - ૮ =** તા.૧૮-૨-૧૮૨૩, બુધવાર

**અવરાઈ ગયો હોય =** ઘેરી લેવું, વીંટી વળવું, ઢાંકી દેવું, છાઈ દેવું - તે.

**વચનામૃત - ૩૦**

**સંવત ૧૮૭૯ દ્વિતીય ચૈત્ર સુદિ - ૯ =** તા.૧૯-૪-૧૮૨૩, રવિવાર

**વચનામૃત - ૩૧**

**સંવત ૧૮૮૦ શ્રાવણ સુદિ - ૪ =** તા.૧૦-૮-૧૮૨૩, સોમવાર

**વ્યષ્ટિ પુરુષ =** સમષ્ટિ - સૃષ્ટિને વિષેના કોઈ પણ પુરુષ

**વચનામૃત - ૩૨**

**સંવત ૧૮૮૦ શ્રાવણ સુદિ - ૫ =** તા.૧૮-૮-૧૮૨૩, મંગળવાર

**પાલવવું =** પલ્લવિત થવું, નવાં કૂંપળ આવવાં, વધવું

**વચનામૃત - ૩૩**

**સંવત ૧૮૮૦ શ્રાવણ વદિ-૧૩ =** તા.૩-૯-૧૮૨૩, ગુરુવાર

**કોણેય =** કોઈએ પણ

**ધૂંસરી, ઊધ્ય, માંચડો =** ગાડાંના જુદા જુદા ભાગ.

બળદની કાંધ ઉપર ગાડું ખેંચવા બંધાતું લાકડું તે ધૂંસરી, ગામમાં માણસ બેસે છે કે માલ મૂકવામાં આવે છે, તે જગ્યા તે ઓછાડ. ઓછાડની આગળનાં બહાર તાણેલાં બે લાકડાં તે ઊધ્ય, ગાડાંની ધરી ઉપરનો કાંઠલો તે માંચડો, વગેરે.

**મોકળી =** સ્વતંત્ર, છૂટું

**વચનામૃત - ૩૪**

**સંવત ૧૮૮૦ ભાદરવા સુદિ - ૧ =** તા.૫-૯-૧૮૨૩, શનિવાર

**વચનામૃત - ૩૫**

**સંવત ૧૮૮૦ ભાદરવા સુદિ - ૧૧ =** તા.૧૬-૯-૧૮૨૩, બુધવાર

**વચનામૃત - ૩૬**

**સંવત ૧૮૮૦ ભાદરવા સુદિ - ૧૫ =** તા.૨૦-૯-૧૮૨૩, રવિવાર

**પુત્રકળત્રાદિક =** પુત્ર અને સ્ત્રી, વગેરે

**વચનામૃત - ૩૭**

**સંવત ૧૮૮૦ ભાદરવા વદિ - ૧ =** તા.૨૧-૯-૧૮૨૩, સોમવાર

**વચનામૃત - ૩૮**

**સંવત ૧૮૮૦ ભાદરવા વદિ - ૬ =** તા.૨૬-૯-૧૮૨૩, શનિવાર

**વચનામૃત - ૩૯**

**સંવત ૧૮૮૦ ભાદરવા વદિ - ૧૦ =** તા.૨૯-૯-૧૮૨૩, મંગળવાર

**સુવાણ =** સોબતનો આનંદ

**परिनिष्ठितोऽपि... =** જુઓ પંચાળા પ્ર. વ. ૨નું વિવરણ

**વચનામૃત - ૪૦**

**સંવત ૧૮૮૦ આસો વદિ - ૩ =** તા.૨૨-૧૦-૧૮૨૩, ગુરુવાર

**વચનામૃત - ૪૧**

**સંવત ૧૮૮૦ કાર્તિક વદિ - ૧૧ =** તા.૨૮-૧૧-૧૮૨૩, શનિવાર

**વચનામૃત - ૪૨**

**સંવત ૧૮૮૦ માગશર વદિ - ૧૨ =** તા.૨૯-૧૨-૧૮૨૩, મંગળવાર

**દશે દિશું કળાય છે =** દશે ય દિશાઓ (ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, વાયવ્ય, નૈઋત્ય, અગ્નિ, ઈશાન, ઉપર ને નીચે) જોવામાં આવે છે.

**અષ્ટાવરણ =** આઠ આવરણ (પૃથ્વી, જળ, તેજ, વાયુ,

આકાશ, અહંકાર, મહતત્ત્વ, પ્રકૃતિ - એમ આઠ આવરણ છે.)

**વચનામૃત - ૪૩**

**સંવત ૧૮૮૦ પોષ સુદિ - ૪ =** તા.૫-૧-૧૮૨૪, મંગળવાર

**અયોધ્યાવાસીને ઘેર =** રામપ્રતાપભાઈ તથા ઈચ્છારામભાઈ ગઢડામાં જે જગ્યાએ ઉતર્યા હતા તે ઘરે.

**સત્તારૂપે =** પોતે આત્મા છે તેવા આત્મભાવે - આત્મસત્તારૂપે

**શૂન્ય સમતા =** ભગવાનના સ્વરૂપના સુખ સિવાય કોઈ પણ જાતની ઇચ્છા - ઘાટ - સંકલ્પ જેને વર્તતા નથી તેવા, કેવળ આત્મસત્તારૂપે રહેલા.

**સજાતિ =** એ જ વર્ગનું - સમૂહનું.

**વિજાતિ =** ભિન્ન, અલગ

**વચનામૃત - ૪૪**

**સંવત ૧૮૮૦ પોષ સુદિ - ૮ =** તા.૯-૧-૧૮૨૪, શનિવાર

**મોરે =** અગાઉ, પહેલાં, મોખરે

**કાળનેમી =** એ નામનો એક દાનવ

**વચનામૃત - ૪૫**

**સંવત ૧૮૮૦ પોષ વદિ - ૧ =** તા.૧૭-૧-૧૮૨૪, રવિવાર

**અયોધ્યાવાસી =** જુઓ ગ. મ. પ્ર. વ. ૪૩નું વિવરણ

**પાળા =** પાર્ષદ, સફેદ લૂગડાંધારી ત્યાગી, જે સ્ત્રી સંગાથે બોલી શકે ને દ્રવ્યની લેવડ-દેવડ કરી શકે.

**દશ ઇંદ્રિયો, દશ પ્રાણ =** જુઓ ગ. પ્ર. પ્ર. વ. ૧૨નું વિવરણ

**મધ્યલોક =** મૃત્યુલોક

**અધોગતિ =** પાતાળ

**વચનામૃત - ૪૬**

**સંવત ૧૮૮૦ પોષ વદિ - ૧૧ =** તા.૨૬-૧-૧૮૨૪, મંગળવાર

**હાણ્ય-વૃદ્ધિ =** હાણ્ય એટલે નુકસાન, હાનિ, વૃદ્ધિ એ પ્રગતિ - વિકાસ, ચડતી, અભ્યુદય

**ખરખરો =** શોક

**યક્ષ =** દેવયોનીના પુરુષ, કુબેરના અનુચરોનો વર્ગ, ઉપદેવ

**વચનામૃત - ૪૭**

**સંવત ૧૮૮૦ મહા વદિ - ૧૦ =** તા.૨૪-૨-૧૮૨૪, બુધવાર

**ઝાડે ફરવા ગયા =** મળત્યાગ કરવા ગયા

**પાયખાનુ =** સંડાસ, પાયખાનામાં મળને એકઠો થવા દેવામાં આવે છે

**વચનામૃત - ૪૮**

**સંવત ૧૮૮૦ મહા વદિ - ૧૪ =** તા.૨૮-૨-૧૮૨૪, રવિવાર

**વચનામૃત - ૪૯**

**સંવત ૧૮૮૦ ફાગણ સુદિ - ૨ =** તા.૧-૩-૧૮૨૪, મંગળવાર

**કલ્પ =** ચાર અબજ ને બત્રીસ કરોડ વર્ષનો

સમયગાળો, બ્રહ્માનો દિવસ (ને તેવડી જ લાંબી રાત્રી)

**આધુનિક =** (ખોટી સમજણવાળા) (સાચો - સનાતન, અભિપ્રાય ન જાણનારા), હાલના, હમણાંના સમયના, અર્વાચીન

**વચનામૃત - ૫૦**

**સંવત ૧૮૮૦ ચૈત્ર વદિ - ૨ =** તા.૧૫-૪-૧૮૨૪, શુક્રવાર

**જગતની કોરનો =** જગત તરફનો, જગત પરત્વેનો.

**વચનામૃત - ૫૧**

**સંવત ૧૮૮૦ ચૈત્ર વદિ - ૯ =** તા.૨૨-૪-૧૮૨૪, શુક્રવાર

**વચનામૃત - ૫૨**

**સંવત ૧૮૮૦ ચૈત્ર વદિ - ૧૧ =** તા.૨૪-૪-૧૮૨૪, રવિવાર

**ચાળે ચડી જવું નહિ =** અન્ય કોઈ કરતું હોય તે પ્રમાણે, સમજણ વિના, નકલ કરવા માંડવી નહિ.

**વચનામૃત - ૫૩**

**સંવત ૧૮૮૦ વૈશાખ સુદિ - ૫ =** તા.૩-૫-૧૮૨૪, મંગળવાર

**વચનામૃત - ૫૪**

**સંવત ૧૮૮૦ જેષ્ઠ સુદિ - ૭ =** તા.૩-૬-૧૮૨૪, શુક્રવાર

**यस्यात्मबुद्धिः... =** આનો અર્થ રહસ્યાર્થમાં આપેલ છે. શ્રીમદ્ ભાગવત્ દશમ્ સ્કંધ, અધ્યાય ૮૪, શ્લોક ૧૩.

**વચનામૃત - ૫૫**

**સંવત ૧૮૮૦ જેષ્ઠ સુદિ - ૧૧ =** તા.૭-૬-૧૮૨૪, મંગળવાર

**નવાનગરનું મોળિયું =** જામનગર પાસેના નવાનગર ગામમાં બનાવેલું કસબી કપડું.

**મુવાળા =** વાળ, કેશ

**એકપાડમાં =** એક જગ્યાએ

**સાડા સોળવલું કંચન =** અણિશુદ્ધ સોનું, જુઓ ગ. પ્ર. પ્ર. વ. ૫૬નું વિવરણ

**પારસી કરીને =** બીજાને સમજ ન પડે તેવી સાંકેતિક શબ્દોમાં થતી વાતચીત

**તાવી તાવીને =** તપાવી ગરમ કરીને

**ગાળીને કાઢી નાખવું =** ભેગ ભળેલો હોય તે કાઢી શુદ્ધ કરી તારવવું.

**વચનામૃત - ૫૬**

**સંવત ૧૮૮૧ અષાઢ સુદિ - ૫ =** તા.૧-૭-૧૮૨૪, શુક્રવાર

**સુધુ નકારું =** સાવ નકામું, નિરર્થક, ખપમાં ન આવે તેવું.

**વચનામૃત - ૫૭**

**સંવત ૧૮૮૧ અષાઢ સુદિ ૬ =** તા.૨-૭-૧૮૨૪, શનિવાર

**વૃથા ભ્રાંતિ =** વ્યર્થ, મિથ્યા ભ્રમણા - આભાસ

**પાસંગ =** ત્રાજવાના બંને પાસાં સરખાં રાખવા માટે એક બાજુ મૂકાતું વજન, ધડો. નહીવત્ વજન

**મિનડિયો =** ઢોંગી, બિલાડીની પેઠે એકી ટસે ધ્યાનમાં બેસી, વખત આવ્યે ઉંદર મારનારની જેવો.

**ગાંઠે ધન =** પોતાના કબજામાં રહેલું પોતાની માલિકીનું

ધન, પોતે કપડાંમાં મૂકીને ગાંઠ મારી પોતાની પાસે રાખેલું ધન

**વચનામૃત - ૫૮**

**સંવત ૧૮૮૧ શ્રાવણ સુદિ - ૪ =** તા.૨૯-૭-૧૮૨૪, શુક્રવાર

**પુષ્ટિ =** પોષણ, સમર્થન, ઉત્તેજન

**ભાષા =** બોલાતી ભાષા પ્રાકૃત ભાષા, લોક સામાન્યમાં સંસ્કૃત ભાષા સિવાયની વપરાતી દેશ - ભાષા.

**વચનામૃત - ૫૯**

**સંવત ૧૮૮૧ શ્રાવણ સુદિ - ૧૨ =** તા.૬-૮-૧૮૨૪, શનિવાર

**આંટી =** વાંધો, અંટસ, ગાંઠ પડી જાય તેવી ગૂંચવણ

**વચનામૃત - ૬૦**

**સંવત ૧૮૮૧ શ્રાવણ વદિ - ૪ =** તા.૧૩-૮-૧૮૨૪, શનિવાર

**ડંસ બેસવો =** મન ઉપર અસર થઈ જવી.

**પોતાની સારપ રાખવા સારુ =** પોતે સારો છે એવું દેખાડવા માટે.

**ડારો કર્યો =** ડરાવવા પ્રયત્ન કર્યો.

**દુબે =** દુઃખવે, દુઃખી કરે

**વચનામૃત - ૬૧**

**સંવત ૧૮૮૧ શ્રાવણ વદિ - ૭ =** તા.૧૭-૮-૧૮૨૪, બુધવાર

**વાંસે બેસે =** પછવાડે, પાછળ બેસે

**સતી =** ભગવાન શંકરના પત્ની ઉમા, જે ફરી હિમાલયના પુત્રી પાર્વતી નામે થયાં.

**વચનામૃત - ૬૨**

**સંવત ૧૮૮૧ માગશર સુદિ - ૨ =** તા.૨૨-૧૧-૧૮૨૪, મંગળવાર

**સંસારની વિટમણા =** સંસાર વ્યવહારની માથાફોડ, માથાકૂટ, મુશ્કેલી, હરકત, સંતાપ

**ઇંદ્રિયોના ગોલક =** ઇંદ્રિયોને રહેવાનું સ્થાન, ઇંદ્રિયોનું અધિષ્ઠાન

**વાસનાલિંગ દેહ =** સૂક્ષ્મ ને કારણ શરીર

**લક્ષાવધિ =** અનેક, ભારે મોટી સંખ્યામાં, અસંખ્ય

**વચનામૃત - ૬૩**

**સંવત ૧૮૮૧ માગશર વદિ - ૨ =** તા.૮-૧૨-૧૮૨૪, ગુરુવાર

**અગણોતેરાની સાલ =** સંવત ૧૮૬૯નું વર્ષ

**વચનામૃત - ૬૪**

**સંવત ૧૮૮૧ પોષ સુદિ - ૭ =** તા.૨૭-૧૨-૧૮૨૪, મંગળવાર

**માયાના ઉદરમાં જીવ =** જેનું સર્જન હજી થયું નથી તેવા જગતમાં આવનારા જીવો માયાના ગર્ભમાં પડી રહ્યા હોય છે તે.

**યોગમાયા =** ભગવાનની વિશિષ્ટ શક્તિ જે જગતના સર્જનના કામમાં લાગે છે.

**છળિયા =** છળ કરનારા

**પ્રશ્નનું સમાધાન =** પ્રશ્નની પતાવટ, કોઈ પ્રશ્નનો

તર્કથી સિદ્ધાંતને અનુકૂળ અર્થ કાઢી પ્રશ્ન નિપટાવવો.

**વચનામૃત - ૬૫**

**સંવત ૧૮૮૧ પોષ સુદિ - ૧૧ =** તા.૧-૧-૧૮૨૫, રવિવાર

**અખતરડાયા =** દોઢ ડાહ્યા, શબ્દના અર્થને અવળા લઈ પોતાની જાતને ડાહ્યા માનનારા.

**ભોજન - વ્યંજન =** મિઠાઈ - શાકભાજી વગેરે

**લવણ =** મીઠું, નમક, લૂણ, ખારાશ

**વચનામૃત - ૬૬**

**સંવત ૧૮૮૧ પોષ વદિ - ૧ =** તા.૫-૧-૧૮૨૫, ગુરુવાર

**ચમક પાણ =** લોહચુંબક

**સાઈદી =** સાક્ષી, સાહેદી, નજરે જોનાર તરીકેની જુબાની

**મુંમાં =** મારામાં

**વચનામૃત - ૬૭**

**સંવત ૧૮૮૧ મહા વદિ - ૩ =** તા.૬-૨-૧૮૨૫, સોમવાર

**મું જેવા =** મારા જેવા.

# ૮. વરતાલ પ્રકરણ

**વચનામૃત - ૧**

**સંવત ૧૮૮૨ કાર્તિક સુદિ - ૧૧ =** તા.૨૧-૧૧-૧૮૨૫, મંગળવાર

**વરતાલ =** અમદાવાદથી વડોદરા જતાં નડિયાદથી વીસ કિલોમીટરે આવેલું ગામ, જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી લક્ષ્મીનારાયણ દેવનું મોટું મંદિર બંધાવી સ્વહસ્તે મૂર્તિપ્રતિષ્ઠા કરેલી છે, પોતે વારંવાર વરતાલ પધારતા.

**ગોમતીજીને કાંઠે =** ગામથી ઉત્તર દિશામાં તળાવ છે જે ગોમતી તળાવના નામે ઓળખાય છે, તેને કાંઠે.

**अत्र सर्गो विसर्गश्च =** શ્રીમદ્ ભાગવતના દ્વિતીય સ્કંધના અધ્યાય ૧૦નો શ્લોક ૧. ભગવાનનું સ્વરૂપ નવ લક્ષણે જાણવું, તે નવ લક્ષણો: ૧. સર્ગ એટલે મહતત્ત્વથી માંડીને પૃથ્વી તત્ત્વ સુધીના તત્ત્વોની ઉત્પત્તિ કે જે વૈરાટપુરુષની ઉત્પત્તિ બતાવે છે.

૨. વિસર્ગ એટલે વૈરાજપુરુષમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ કરેલી સૃષ્ટિ.

૩. સ્થાન એટલે ભગવાનની સર્વથી ઊંચી સ્થિતિ.

૪. પોષણ એટલે જગતનું પોષણ-રક્ષણરૂપી ભગવાનનો અનુગ્રહ.

૫. ઊતય એટલે કર્મવાસના.

૬. મન્વંતર (કથા) એટલે મન્વંતરે એ પાળી બતાવેલો સધ્ધર્મ.

૭. ઈશાનુકથા એટલે ભગવાનના અવતાર ચરિત્રોની તથા મુક્તોની કથા.

૮. નિરોધ એટલે જીવસમુદાયનું પોતપોતાની કર્મશક્તિઓની સાથે સૂક્ષ્માવસ્થામાં રહેવું તે.

૯. મુક્તિ એટલે બંધન મુક્તિમાં રહેવું તે.

આ નવ લક્ષણે કરીને ભગવાનનું આશ્રયરૂપ સ્વરૂપ જાણવામાં આવે છે.

**વચનામૃત - ૨**

**સંવત ૧૮૮૨ કાર્તિક સુદિ - ૧૩ =** તા.૨૩-૧૧-૧૮૨૫, ગુરુવાર

**તાસતાનો સુરવાળ =** ચળકતા રેશમી કાપડનો સુરવાળ.

**નારાયણપરા વેદા =** વેદો નારાયણનું જ પ્રતિપાદન કરે છે, ઇંદ્રાદિક દેવો નારાયણના અંગથી જ ઉત્પન્ન થયેલા છે, સ્વર્ગ આદિ લોકોના નારાયણ જ સ્વામી છે, યજ્ઞો નારાયણનું જ આરાધન કરે છે, તે જ રીતે યોગ, તપ, જ્ઞાન અને ગતિ એ સર્વે નારાયણ પર છે. શ્રીમદ્ ભાગવતના દ્વિતીય સ્કંધના અધ્યાય ૫નો શ્લોક ૧૫-૧૬.

**વાસુદેવપરા વેદા =** વેદો, યજ્ઞ, યોગ, ક્રિયા, જ્ઞાન, તપ, ધર્મ ને ગતિ તે વાસુદેવ પર જ છે. શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધના અધ્યાય ૨ના શ્લોક ૨૮-૨૯.

**વચનામૃત - ૩**

**સંવત ૧૮૮૨ કાર્તિક વદિ - ૧૧ =** તા.૬-૧૨-૧૮૨૫, બુધવાર

**વડવાનળ અગ્નિ =** સમુદ્રમાં રહેલો અગ્નિ, સમુદ્રના તળિયામાં રહેલી ગરમી, તે સમુદ્રના જળે છંટાઈ ઓલાવાને બદલે પ્રજ્વળ્યા કરે છે, સમુદ્રનું જળ તે અગ્નિથી શોષાય છે. વડવા (= ઘોડી) + અનલ (= અગ્નિ)

**વચનામૃત - ૪**

**સંવત ૧૮૮૨ માગશર સુદિ - ૧૦ =** તા.૧૯-૧૨-૧૮૨૫, મંગળવાર

**વચનામૃત - ૫**

**સંવત ૧૮૮૨ માગશર વદિ** - **૪ =** તા.૨૯-૧૨-૧૮૨૫, શુક્રવાર

**વાંકડાં પ્રશ્ન =** વાંકુ, ન સમજાય તેવું તે વાંકડું, તેવા અઘરા પ્રશ્નો.

**ઉસીકું =** ઓશીકું, તકિયો.

**दैवी ह्येषा गुणमयी =** દુ:ખે કરીને પણ ન તરાય તેવી જે મારી ગુણમયી માયા છે, તેને જે પુરુષ મને પામે છે તે તરે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૭, શ્લોક ૧૪. જુઓ લો. પ્ર.વ.૧૩.

**सर्वर्मान् परित्यज्य =** જુઓ ગ.મ.પ્ર.વ.૯નું વિવરણ.

**કળાઈ આવે =** જણાઈ આવે, દેખાઈ આવે.

**ભીડો =** અતિશય ગિરદી, સખત ભીંસ, ઠઠ, ભરાવો.

**વચનામૃત - ૬**

**સંવત ૧૮૮૨ માગશર વદિ** - **૧૧ =** તા.૪-૧-૧૮૨૬, ગુરુવાર

**દુર્ભિક્ષ વર્ષ =** દુકાળનું વર્ષ.

**લક્ષાવધિ =** અસંખ્ય, અનેક.

**વચનામૃત - ૭**

**સંવત ૧૮૮૨ માગશર વદિ - ૧૪ =** તા.૭-૧-૧૮૨૬, રવિવાર.

**ધામ્ના સ્વેન =** જુઓ પં.પ્ર.વ.૭નું વિવરણ.

**વચનામૃત - ૮**

**સંવત ૧૮૮૨ પોષ સુદિ - ૪ =** તા.૧૨-૧-૧૮૨૬, શુક્રવાર

**વચનામૃત - ૯**

**સંવત ૧૮૮૨ પોષ સુદિ - ૮ =** તા.૧૬-૧-૧૮૨૬, મંગળવાર

**વચનામૃત - ૧૦**

**સંવત ૧૮૮૨ પોષ સુદિ - ૧૧ =** તા.૧૯-૧-૧૮૨૬, શુક્રવાર

**ભાદરણના કોઈક પાટીદાર =** ભગુભાઈ.

**સામ, દામ, દંડ, ભેદ =** સમજાવીને સમાધાનપૂર્વક કામ કાઢી લેવાનો પ્રકાર તે સામ, ધન આપીને વશ કરવા તે દામ, શિક્ષારૂપે દંડ દઈ વશ કરવું તે દંડ ને દુશ્મનના પક્ષમાં ફૂટ પાડી તેનું બળ તોડવું તે ભેદ. આ ચાર પ્રકારની રાજનીતિ કહેવાય છે.

**મૃગયા =** શિકાર કરવો.

**વચનામૃત - ૧૧**

**સંવત ૧૮૮૨ પોષ સુદિ - ૧૫ =** તા.૨૩-૧-૧૮૨૬, મંગળવાર

**વચનામૃત - ૧૨**

**સંવત ૧૮૮૨ પોષ વદિ - ૧૧ =** તા.૨૫-૧-૧૮૨૬, ગુરુવાર

**अहो अमी देववरामरार्चितं =** દેવવર અમરોએ પૂજેલા તમારા ચરણારવિંદને આ વૃક્ષો પુષ્પ ફળ, આદિક પૂજા સાધન લઈને પોતાની શિખા એટલે અગ્રભાગથી તમોને પ્રણામ કરે છે જેથી જે અજ્ઞાન (તમ)ને કારણે તેમને વૃક્ષ તરીકે જન્મ થયો છે તે અજ્ઞાન નાશ પામે. શ્રીમદ્ ભાગવત, દશમ સ્કંધ, અધ્યાય ૧૫, શ્લોક ૫.

**વચનામૃત - ૧૩**

**સંવત ૧૮૮૨ પોષ વદિ - ૭ =** તા.૩૦-૧-૧૮૨૬, મંગળવાર

**ભાદરણના પાટીદાર =** ભગુભાઈ.

**વચનામૃત - ૧૪**

**સંવત ૧૮૮૨ પોષ વદિ - ૯ =** તા.૧-૨-૧૮૨૬, ગુરુવાર.

**વચનામૃત - ૧૫**

**સંવત ૧૮૮૨ પોષ વદિ - ૧૧ =** તા.૩-૨-૧૮૨૬, શનિવાર.

**વચનામૃત - ૧૬**

**સંવત ૧૮૮૨ પોષ વદિ - ૧૩ =** તા.૪-૨-૧૮૨૬, રવિવાર.

**મદ =** ખુમારી, ગર્વ.

**વચનામૃત - ૧૭**

**સંવત ૧૮૮૨ પોષ વદિ - ૩૦ =** તા.૬-૨-૧૮૨૬, મંગળવાર.

**જીવિતવ્ય =** જીવન, જિંદગી.

**ઉન્મત્ત =** ગાંડું, ઘેલું.

**વચનામૃત - ૧૮**

**સંવત ૧૮૮૨ મહા સુદિ - ૧ =** તા.૭-૨-૧૮૨૬, બુધવાર.

**जन्म कर्म च मे =** જુઓ ગ.મ.પ્ર.વ.૧૦નું વિવરણ

**વચનામૃત - ૧૯**

**સંવત ૧૮૮૨ મહા સુદિ - ૨ =** તા.૮-૨-૧૮૨૬, ગુરુવાર.

**કાકવિષ્ટા =** કાગડાનું ચરક, અતિ તુચ્છ પદાર્થ.

**વચનામૃત - ૨૦**

**સંવત ૧૮૮૨ મહા સુદિ - ૩ =** તા.૧૦-૨-૧૮૨૬, શનિવાર.

**ઇંદ્રિયોની વૃત્તિ લોમ થઈ =** ઇંદ્રિયોની વૃત્તિ વિષયોમાં જોડાઈ. (લોમ થવું એટલે જોડાવું, પ્રતિલોમ થવું એટલે નીકળી જવું, નોખું પડવું)

# ૯. અમદાવાદ પ્રકરણ

**વચનામૃત - ૧**

**સંવત ૧૮૮૨ મહા વદિ - ૧૧ =** તા.૪-૩-૧૮૨૬, રવિવાર.

**વચનામૃત - ૨**

**સંવત ૧૮૮૨ ફાગણ સુદિ - ૧૧ =** તા.૨૦-૩-૧૮૨૬, મંગળવાર.

**ઉપાધિ =** આપદા, સંકટ, મર્યાદા, પોતાના શુદ્ધ સ્વરૂપમાં ફેરફાર કરનાર કારણરૂપ સંબંધ.

**વચનામૃત - ૩**

**સંવત ૧૮૮૨ ફાગણ વદિ - ૨ =** તા.૨૫-૩-૧૮૨૬, રવિવાર.

**વચનામૃત - ૪**

**સંવત ૧૮૮૨ ફાગણ વદિ - ૩ =** તા.૨૬-૩-૧૮૨૬, સોમવાર.

**સરભ =** શરભ = આઠ પગવાળું (કાલ્પનિક) બળવાન પ્રાણી, આ પ્રાણી હિમાલયમાં વધતું હોય એમ મનાય છે. એ સિંહથી પણ વધારે બળવાન કહેવાય છે.

**નૈષ્કર્મ્ય કર્મ =** કર્મ કરતાં છતાં પણ તે જ્યારે ન કર્યાં જેવાં જ થાય. એટલે તેના પાપપુણ્યનું બંધન કર્તાને સ્પર્શે નહિ તેવા નૈષ્કાર્ય કર્મ.

**આરોપણ કરવું =** એક વસ્તુના ગુણદોષ બીજામાં લાગુ

કરવા. ભ્રાંતિ, ખોટું જ્ઞાન કરવું.

**પરિણામપણું =** રૂપાંતર થવાનો સ્વભાવ.

**વચનામૃત - ૫**

**સંવત ૧૮૮૨ ફાગણ વદિ - ૪ =** તા.૨૭-૩-૧૮૨૬, મંગળવાર.

**વચનામૃત - ૬**

**સંવત ૧૮૮૨ ફાગણ વદિ - ૬ =** તા.૨૯-૩-૧૮૨૬, ગુરુવાર.

**વચનામૃત - ૭**

**સંવત ૧૮૮૨ ફાગણ વદિ - ૭ =** તા.૩૦-૩-૧૮૨૬, શુક્રવાર.

**મન વ્યભિચારને ન પામે =** મન આડું-અવળું ડોલે નહિ, ભગવાનના નિશ્ચયમાં ડગમગાટ થાય નહિ.

**આધુનિક ઈશ્વર =** જુઓ રહસ્યાર્થ પ્રશ્ન ૧.

**વચનામૃત - ૮**

**સંવત ૧૮૮૨ ફાગણ વદિ - ૮ =** તા.૩૧-૩-૧૮૨૬, શનિવાર.

# ૧૦. અશ્લાલી પ્રકરણ

**સંવત ૧૮૮૨ ચૈત્ર સુદિ - ૨ =** તા.૯-૪-૧૮૨૬ સોમવાર.

**અશ્લાલી =** અમદાવાદથી આશરે ૧૫ કિલોમીટરે આવેલું નાનું ગામ, જે જેતલપુર જતાં રસ્તામાં આવે છે.

# ૧૧. જેતલપુર પ્રકરણ

**વચનામૃત - ૧**

**સંવત ૧૮૮૨ ચૈત્ર સુદિ - ૩ =** તા.૧૦-૪-૧૮૨૬, મંગળવાર.

**જેતલપુર =** અમદાવાદથી આશરે ૨૦ કિલોમીટરે આવેલું ગામ. શ્રીજીમહારાજે અહીં ઘણી લીલાઓ કરી છે.

**સામ્યાવસ્થા =** સમ સ્થિતિ. ભગવાનનું જ્ઞાન થયા પછી જ આ અવસ્થા પ્રાપ્ત થાય છે.

**આપોપુ =** પોતાપણું, આત્મભાવ, હુંપદ, આત્મત્વ.

**વચનામૃત - ૨**

**સંવત ૧૮૮૨ ચૈત્ર સુદિ - ૩ =** તા.૧૦-૪-૧૮૨૬, મંગળવાર.

(વચનામૃત - ૧ સવારનું છે, આ તે જ દિવસે સાંજનું છે.)

**યતિ =** જિતાત્મા, યોગી, જતિ.

**વચનામૃત - ૩**

**સંવત ૧૮૮૨ ચૈત્ર સુદિ - ૪ =** તા.૧૧-૪-૧૮૨૬, બુધવાર. (વહેલી સવારે)

**વૈરાગ્યની અવધિ =** વૈરાગ્યની છેલ્લી ટોચ, છેડો, હદ, સીમા.

**વચનામૃત - ૪**

**સંવત ૧૮૮૨ ચૈત્ર સુદિ - ૪ =** તા.૧૧-૪-૧૮૨૬,

બુધવાર. (બપોર પછી)

**ષડ્ ઊર્મિ =** જન્મ, મરણ, ભૂખ-તરસ, હર્ષ-શોક અથવા ઘડપણ, મરણ, ભૂખ-તરસ, શોક-મોહ અથવા ભૂખ-તરસ, ટાઢ-ગરમી, હર્ષ-શોક રૂપી મનના છ આવેગો.

**વચનામૃત - ૫**

**સંવત ૧૮૮૨ ચૈત્ર સુદિ - ૫ =** તા.૧૨-૪-૧૮૨૬, ગુરુવાર.

**કસર =** ખોટ

**બરકત =** સિદ્ધિ, લાભ, ફાયદો, સમૃદ્ધિ.

**બીજા જાર =** વ્યભિચારી પુરુષ

**સોતા =** સહિત.

# ૧૨. ગઢડા છેલ્લું પ્રકરણ

**વચનામૃત - ૧**

**સંવત ૧૮૮૨ વૈશાખ વદિ - ૧૧ =** તા.૧-૬-૧૮૨૬, શુક્રવાર.

**ચાળાચૂંથવા માંડવું =** ઢોંગ કરીને સારી વસ્તુ ભોગવવાનું મન રહી ગયું તે ભોગવવા વલખા મારવા તે. વિવિધ પ્રકારની વાસનાઓના ભોગ માટે સંયમહિન થઈ પ્રયત્ન કરવો.

**વચનામૃત - ૨**

**સંવત ૧૮૮૨ જેષ્ઠ સુદિ - ૬ =** તા.૧૧-૬-૧૮૨૬, સોમવાર.

**જગતનું પ્રધાનપણું =** જગતનું મુખ્યપણું.

**સુખના સિંધુ =** સુખના સમુદ્ર.

**સત્સંગ થાતાં વાંત =** સત્સંગ થયો કે તરત-તે સમયે.

**પુષ્ટિ =** વૃદ્ધિ, પોષણ.

**વિભ્રાંત =** જુઓ રહસ્યાર્થમાં પ્રશ્નોત્તર ૨.

**વિક્ષેપ =** વિઘ્ન, અડચણ, હરકત, અટકાવ.

**વચનામૃત - ૩**

**સંવત ૧૮૮૩ અષાઢ વદિ - ૧ =** તા.૨૦-૭-૧૮૨૬, શુક્રવાર

**परिनिष्ठितोऽपि =** જુઓ પં.પ્ર.વ.૨નું વિવરણ.

**नित्यं विष्णुजनः प्रियः =** જેને સદા વિષ્ણુજન-વૈષ્ણવ-

સત્સંગી પ્રિય છે તેવા. શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધના અધ્યાય ૭ના શ્લોક ૧૧નો ભાગ.

**आत्मारामश्च मुनयो =** શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ, અધ્યાય ૭નો શ્લોક ૧૦નો ભાગ જુઓ પં.પ્ર.વ.૨નું વિવરણ.

**प्रायेण मुनयो राजन् =** સ્વસ્વરૂપને વિશે રમતા (આત્મારામ) અને જેમના હૃદયની ગ્રંથિઓ નાશ પામી છે. એવા મુનિયો પણ ભગવાનને વિશે નિષ્કામ ભક્તિ કરે છે. શ્રીમદ્ ભાગવત દ્વિતીય સ્કંધ, અધ્યાય ૧, શ્લોક ૭.

**ब्रह्मभूतः प्रसन्नात्मा =** જુઓ લો.પ્ર.વ.૭નું વિવરણ.

**વચનામૃત - ૪**

**સંવત ૧૮૮૩ શ્રાવણ સુદિ - ૩ =** તા.૬-૮-૧૮૨૬, સોમવાર.

**બાધિતાનુવૃત્તિ = બાધિત (=** અસંગત ઠરેલું, અટકાવેલું) **+** અનુવૃત્તિ. જે પદાર્થને અંતરમાંથી અસત્ય કરી નાંખ્યા હોય તેની પાછી સ્મૃતિ થઈ આવે તે બાધિતાનુવૃત્તિ છે. કોઈ માણસ મૂછો રાખતો હોય ને વારે વારે મૂછ ઉપર હાથ ફેરવતો હોય, તે કોઈ કારણસર મૂછો કઢાવી નાખે, તો ય આદતને કારણે તેનો હાથ મૂછ ઉપર જતો રહેશે, જે તેની બાધિત અનુવૃત્તિને કારણે જાય છે, મૂછો નથી તો ય હાથ ફરે છે.

**કલત્ર =** સ્ત્રી, પત્ની, કુંટુંબ, પરિવાર.

**બરલ્યા જેવું બોલાય =** નિદ્રામાં-સુષુપ્તિમાં બકવું, લવવું, લવારો કરવો.

**બરલે છે =** નિદ્રામાં બોલે છે.

**વચનામૃત - ૫**

**સંવત ૧૮૮૩ ભાદરવા સુદિ - ૧૧ =** તા.૧૨-૯-૧૯૨૬ બુધવાર.

**यन्नामधेय-श्रवणानुकीर्तनात् =** હે ભગવાન્! કદાચિત પણ જે તમારા નામનું શ્રવણ કીર્તન કરવાથી તથા તમોને પ્રણામ કરવાથી તથા તમારું સ્મરણ કરવાથી શ્વપચ પણ તત્કાળ પવિત્ર થાય છે. (ને યજ્ઞ કરવાને માટે લાયક થાય છે) તો તમારા દર્શનથી પવિત્ર થાય અને કૃતાર્થ થાય તેમાં શું કહેવું?

આ એક આશ્ચર્યની વાત છે કે, જે શ્વપચના પણ જિહ્વાગ્રમાં તમારું નામ વર્તે છે તે શ્વપચ પણ તમારા નામોચ્ચારણથી તમારી ભક્તિએ રહિત એવા કર્મઠોથી શ્રેષ્ઠ થાય છે, વળી જે જનોએ તમારું નામ ઊચ્ચારણ કર્યું છે તેમણે જ તપ કર્યું છે, તેમણે જ યજ્ઞ કર્યો છે, તેમણે જ તીર્થમાં સ્નાન કર્યું છે, તે જ સદાચારવાળા છે, તેમણે જ વેદનો અભ્યાસ કર્યો છે, એમ જાણવું. શ્રીમદ્ ભાગવત, તૃતીય સ્કંધ, અધ્યાય ૩૩, શ્લોક ૬-૭

**मद्भयाद्वाति वातोऽयं =** જુઓ લો.પ્ર.વ.૧૬નું વિવરણ.

**વચનામૃત - ૬**

**સંવત ૧૮૮૩ ભાદરવા વદિ - ૫ =** તા.૨૧-૯-૧૮૨૬, ગુરુવાર.

**વચનામૃત - ૭**

**સંવત ૧૮૮૩ ભાદરવા વદિ - ૬ =** તા.૨૨-૯-૧૮૨૬, શુક્રવાર.

**વજ્ર =**ભાંગે, તૂટે, વળે કે ખંડિત થાય નહિ એવી ધાતુ.

**વચનામૃત - ૮**

**સંવત ૧૮૮૩ ભાદરવા વદિ - ૯ =** તા.૨૫-૯-૧૮૨૬, સોમવાર.

**બેપરવાઈ થઈ જવાય =** જેની પરવા-ગરજ ન હોય તેવા થઈ જવાય.

**વચનામૃત - ૯**

**સંવત ૧૮૮૩ આસો સુદિ - ૧૧ =** તા.૧૧-૧૦-૧૮૨૬ ગુરુવાર.

**જાણપણું =** સજાગપણું, ચતુરાઈ, CONSCIOUSNESS, AWARENESS.

**પણિયારી =** પનિહારી, પન-ઘટ ઉપરથી પાણી લાવનારી સ્ત્રી.

**સુરત રાખે =** યાદ, સ્મરણ, ધ્યાન, નજર, સરત રાખે.

**ગાફલ =** અસાવધ, બે-ખબર, પ્રમાદી, ગફલત કરનાર.

**ચોરચકાર =** ચોર, વગેરે.

**વચનામૃત - ૧૦**

**સંવત ૧૮૮૩ આસો વદિ - ૧૨ =** તા.૨૮-૧૦-૧૮૨૬, રવિવાર.

**સમાશ્રય =** આશરો, શરણ ભાવ, વિશ્વાસ.

**વચનામૃત - ૧૧**

**સંવત ૧૮૮૪ અષાઢ સુદિ - ૩ =** તા.૨૭-૬-૧૮૨૭, ગુરુવાર.

**વચનામૃત - ૧૨**

**સંવત ૧૮૮૪ અષાઢ વદિ - ૮ =** તા.૧૬-૭-૧૮૨૭, મંગળવાર.

**કરામત =** યુક્તિ, ચતુરાઈ, ચમત્કાર, કામ કરવાની આવડત, કામ કરવાની ખૂબી.

**વૃંદળ =** વૃહદંલ, ઉર્વશીના શાપથી નપુંસકપણાને પામેલો અર્જુન રાજકુમારી ઉત્તરાને નૃત્ય શીખવવા વૃહન્નરા કે વૃહન્નલા એવું નામ ધારણ કરી વિરાટ રાજાને ત્યાં એક વર્ષ ગુપ્ત રહ્યા. એ વૃહન્નલા શબ્દ ઉપરથી વૃહંદલ, વૃંદલ, વૃંદળ, વંડળ, વ્યંડળ વગેરે શબ્દો થયા.

**વચનામૃત - ૧૩**

**સંવત ૧૮૮૪ અષાઢ વદિ - ૯ =** તા.૧૭-૭-૧૮૨૭, બુધવાર

**વચનામૃત - ૧૪**

**સંવત ૧૮૮૪ અષાઢ વદિ - ૧૧ =** તા.૧૯-૭-૧૮૨૭, શુક્રવાર.

**કાયથ =** કાયસ્થ, એ નામની જાતિનો પુરુષ.

**લંબકર્ણ =** ગધેડો.

**સિંગડિયો વછનાગ =** જુઓ ગ.પ્ર.પ્ર.વ.૬૨નું વિવરણ.

**સંકરપણું =** ભેળસેળ, શિથિલતા, ગોટાળો.

**વચનામૃત - ૧૫**

**સંવત ૧૮૮૪ અષાઢ વદિ - ૧૩ =** તા.૨૧-૭-૧૮૨૭, રવિવાર

**પરાભવ =** પરાજય, હારી જવું, જિતાઈ જવું.

**પાટો ગોઠવો =** પાટો અનુકૂળ આવવો.

**વચનામૃત - ૧૬**

**સંવત ૧૮૮૪ અષાઢ વદિ - ૩૦ =** તા.૨૩-૭-૧૮૨૭, મંગળવાર.

**તાલેવર =** પૈસાદાર, ધનિક, શાહુકાર.

**પરુણા =** પરોણા, મહેમાન, અતિથિ

**વચનામૃત - ૧૭**

**સંવત ૧૮૮૪ શ્રાવણ સુદિ - ૬ =** તા.૩૦-૭-૧૮૨૭, મંગળવાર.

**વચનામૃત - ૧૮**

**સંવત ૧૮૮૪ શ્રાવણ વદિ - ૧૦ =** તા.૧૭-૮-૧૮૨૭, શનિવાર

**કમાન ખેંચતો આળસી જાય =** કમાન ખેંચતા અટકી જવું, થંભી જવું.

**વચનામૃત - ૧૯**

**સંવત ૧૮૮૪ શ્રાવણ વદિ - ૧૩ =** તા.૨૦-૮-૧૮૨૭, મંગળવાર.

**અવિદ્યારૂપ =** અજ્ઞાન, ભ્રમ, માયા, વિપરીત જ્ઞાન- તે અવિદ્યા. માયાના ભ્રમથી માયામાં લપેટાવાના તર્ક બાંધવા તે.

**વચનામૃત - ૨૦**

**સંવત ૧૮૮૪ શ્રાવણ વદિ - ૩૦ =** તા.૨૨-૮-૧૮૨૭, ગુરુવાર

**ક્ષોભ =** મનની વ્યગ્રતા, વ્યાકુળપણું, વિચળપણું, ખળભળાટ.

**વચનામૃત - ૨૧**

**સંવત ૧૮૮૪ ભાદરવા સુદિ - ૯ =** તા.૩૧-૮-૧૮૨૭, શનિવાર

**ગ્લાનિ =** હાનિ, શિથિલતા, અનુત્સાહ, કરમાવું, નિસ્તેજપણું.

**ઓશિયાળો =** આશ્રય, ઉપકાર કે ગરજને લીધે પરાધીન કે દબાયેલું, આભારી, ગરજુ, દેવાદાર.

**વચનામૃત - ૨૨**

**સંવત ૧૮૮૪ ભાદરવા વદિ - ૪ =** તા.૯-૯-૧૮૨૭, સોમવાર

**વચનામૃત - ૨૩**

**સંવત ૧૮૮૫ આસો સુદિ - ૧૫ =** તા.૨૨-૧૦-૧૮૨૮, ગુરુવાર

**મળિયાગર ચંદન =** ચંદનની ઘણી જાતો છે, તેમાં મલયાગર અથવા શ્રીખંડ એટલે સફેદ ચંદનને અસલી ચંદન માનવામાં આવે છે.

**રેટો =** પહેરવા કે ઓઢવાનો કિનખાબ અથવા જરી ભરેલ રેશમી કે સુતરાઉ કાપડનો કટકો.

**ભક્ષ્ય,ભોજ્ય, લેહ્ય, ચોષ્ય =** અન્ન ચાર પ્રકારના છે: ભક્ષ્ય = જે દાંત વડે ચૂરેચૂરા કરીને ખવાય છે તે, ભોજ્ય = દાંતના ઉપયોગ વિના જીભથી જમાય તે ભોજ્ય. દા.ત. દાળ, દૂધપાક વગેરે.

**લેહ્ય =** ચાટીને ખાવાનો પદાર્થ દા.ત. મધ.

**ચોષ્ય =** ચૂસીને ખવાય તેવો ખોરાક.

**વચનામૃત - ૨૪**

**સંવત ૧૮૮૫ આસો વદિ - ૧૨ =** તા.૪-૧૧-૧૮૨૮, બુધવાર

**यानास्थाय नरो राजन् =** શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં જનકરાજાને નવ યોગેશ્વર વચ્ચેનો સંવાદ.

**प्रसंगमजरं पाश =** જુઓ ગ.પ્ર.પ્ર.વ.૫૪નું વિવરણ.

**यस्यात्म बुद्धिः =** જુઓ ગ.મ.પ્ર.વ.૫૪નું વિવરણ.

**દેહગેહાદિક =** દેહ, ઘર વગેરે.

**વચનના ડંક મારવા =** વચન-વાણીથી ડંખ મારવા, ઝેરી જંતુ કરડે ને જે પીડા થાય તે ડંખ, એવા વચન કહેવા કે જેનાથી ઘણી પીડા થાય.

**વચનામૃત - ૨૫**

**સંવત ૧૮૮૫ કાર્તિક સુદિ - ૧૦ =** તા.૧૬-૧૧-૧૮૨૮, સોમવાર.

**રંચમાત્ર =** સહેજ, થોડું, જરા, રજ, લગીર, અલ્પ.

**રતિવા =** રતીભાર, રતિ જેટલું, જરાક, થોડું, અલ્પ (કીમતી ધાતુ જોખવાનું તોલાથી નાનું એક વજન, ચણોઠીભાર વજન)

**વચનામૃત - ૨૬**

**સંવત ૧૮૮૫ કાર્તિક સુદિ - ૧૧ =** તા.૧૭-૧૧-૧૮૨૮, મંગળવાર.

**વચનામૃત - ૨૭**

**સંવત ૧૮૮૫ કાર્તિક સુદિ - ૧૫ =** તા.૨૧-૧૧-૧૮૨૮, શનિવાર

**વચનામૃત - ૨૮**

**સંવત ૧૮૮૫ કાર્તિક વદિ - ૧ =** તા.૨૨-૧૧-૧૮૨૮, રવિવાર

**द्युपतय एव ते न =** જુઓ લો.પ્ર.વ.૧૦નું વિવરણ.

**જનરલ સાહેબ =** સેનાનો ઉપરી અધિકારી, સેનાનાયક, અંગ્રેજ લશ્કરનો ઉપરી અધિકારી.

**હમેલિયો =** ચપરાસી, પટાવાળો, સિપાઈ, સંદેશો લઈ જનાર, કાસદ.

**आसामहो चरणरेणु =** અહો! કોઈથી પણ ત્યાગ ન થઈ શકે એવા સંબંધી જનો અને આર્યોના ધર્મમાર્ગનો ત્યાગ કરીને, ગોપીઓએ વેદોએ પણ ગોતવા યોગ્ય એવી મુકુંદ ભગવાનની પદવીને ભજતી હતી. તે આ ગોપીઓના ચરણરજના સ્પર્શવાળી વૃંદાવનમાં રહેલી, ગુલ્મ, લતા, ઔષધી, વગેરે મધ્યે હું પણ કોઈક થાઉં (એટલે કોઈક તૃણરૂપે ગોપીઓના ચરણરેણુના સ્પર્શને યોગ્ય હું થાઉં)! શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ, અધ્યાય ૪૭, શ્લોક ૬૧.

**अहो! भाग्यमहो! भाग्यं नंदगोप =** પરમાનંદરૂપ, સનાતન, પૂર્ણબ્રહ્મ એવા શ્રીકૃષ્ણ ભગવાન જેમના મિત્રરૂપે રહ્યા છે માટે નંદગોપ વ્રજવાસીઓના અહોભાગ્ય, અહોભાગ્ય છે, તેમના ભાગ્યનું વર્ણન થઈ શકે તેમ નથી. શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ અધ્યાય ૧૪, શ્લોક ૩૨.

**વચનામૃત - ૨૯**

**સંવત ૧૮૮૫ પોષ સુદિ - ૨ =** તા.૭-૧-૧૮૨૯, ગુરુવાર

**વચનામૃત - ૩૦**

**સંવત ૧૮૮૫ પોષ સુદિ - ૧૫ =** તા.૧૯-૧-૧૮૨૯, મંગળવાર

**વચનામૃત - ૩૧**

**સંવત ૧૮૮૫ મહા સુદિ - ૪ =** તા.૭-૨-૧૮૨૯, રવિવાર.

**સાદશ્યપણું =** સરખાપણું, સમાનતા, આબેહૂબ, મળતાપણું.

**પ્રતિલોમપણે =** અવળા કે ઉલટા ક્રમે, ઉલટી દિશાનું. દા.ત. અનુલોમ વૃત્તિ એટલે બાહ્યવૃત્તિ અને પ્રતિલોમવૃત્તિ એટલે અંતરવૃત્તિ.

**અંગૂષ્ઠ માત્ર પરિમાણ =** અંગૂઠાના જેવડી, અંગૂઠાના માપ જેવડી.

**વચનામૃત - ૩૨**

**સંવત ૧૮૮૫ મહા સુદિ - ૫ =** તા.૮-૨-૧૮૨૯, સોમવાર.

**विषयाविनिवर्तंते =** ઇંદ્રિયો દ્વારા વિષયો ગ્રહણ ન કરવાવાળાના ફક્ત વિષયો નિવૃત્તિ પામે છે. પરંતુ તે વિષયોમાંથી રાગ-રસ-નિવૃત્ત થતાં નથી, એ તો પરમાત્માનો સાક્ષાત્કાર થાય ત્યારે જ રાગ નિવૃત્તિ પામે છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૨, શ્લોક ૫૯, (લો.પ્ર.વ.૧૦)

**ગોવર્ધન જેવો સમાધિનિષ્ઠ =** માંગરોળના શેઠ ગોવર્ધનભાઈ જે શ્રીજીકૃપાથી સમાધિનિષ્ઠ દશાને પામ્યા હતા.

**ઠામુકા =** તમામ, મુદ્દલ, તદ્દન, બિલકુલ, તળિયાઝાટક.

**ઉપવાસનો ખાંગો =** ખન્ એટલે ખોદવું, તે ઉપરથી ખાંગ તે ખાડો. ઉપવાસ કર્યો હોય તેનાથી પેટમાં ખાડો પડી ગયો હોય, તેથી બીજે દિવસે વધારે પડતું ખાવું, ખાડો ભરી દેવા વધારાનું ખાવું.

**વચનામૃત - ૩૩**

**સંવત ૧૮૮૫ ફાગણ સુદિ - ૧૧ =** તા.૧૬-૩-૧૮૨૯, મંગળવાર.

**ऋषिं नारायणमृते =** જુઓ લો.પ્ર.વ.૧૩નું વિવરણ.

**येऽन्ये स्वतः परिहृतादपि =** તમારા થકી બીજા જીવો છે તે પોતે ત્યાગ કરેલા વિષય સેવનથી પણ ભય પામે છે. શ્રીમદ્ ભાગવત, એકાદશ, સ્કંધ, અધ્યાય ૬, શ્લોક ૧૭.

**વચનામૃત - ૩૪**

**સંવત ૧૮૮૫ ચૈત્ર સુદિ - ૩ =** તા.૬-૪-૧૮૨૯, મંગળવાર.

**વચનામૃત - ૩૫**

**સંવત ૧૮૮૫ ચૈત્ર સુદિ - ૯ =** તા.૧૨-૪-૧૮૨૯, સોમવાર.

**વચનામૃત - ૩૬**

**સંવત ૧૮૮૫ વૈશાખ સુદિ - ૧ =** તા.૪-૫-૧૮૨૯, મંગળવાર.

**વચનામૃત - ૩૭**

**સંવત ૧૮૮૫ વૈશાખ સુદિ - ૩ =** તા.૬-૫-૧૮૨૯, ગુરુવાર

**લખેશરી શાહુકાર =** જેની પાસે લાખો રૂપિયા હોય તેવો ધનવાન, લખપતિ, લક્ષાધિપતિ, લાખ રૂપિયાનો ધણી.

**ખડધાન =** ઘાસની માફક ખેડ્યા કે વાવ્યા વિના થતું ધાન્ય, જેમ કે સામો, હલકી જાતનું ધાન્ય.

**क्षेत्रज्ञं यापि मां =** હે અર્જુન! સર્વ ક્ષેત્રમાં મને ક્ષેત્રજ્ઞ જાણ. શ્રીમદ્ ભાગવદ્ગીતા, અધ્યાય ૧૩, શ્લોક ૨.

**વચનામૃત - ૩૮**

**સંવત ૧૮૮૫ વૈશાખ સુદિ - ૧૪ =** તા.૧૭-૫-૧૮૨૯, સોમવાર.

**વચનામૃત - ૩૯**

**સંવત ૧૮૮૫ અષાઢ વદિ - ૧૦ =** તા.૨૫-૭-૧૮૨૯, રવિવાર.

(૧૮૮૬ની સંવત અષાઢ માસથી શરૂ થઈ, તે પછી તરત તે જ માસનું આ છેલ્લું વચનામૃત - છે. ત્યાર બાદ શ્રી હરિજીના વચનામૃત - સંગ્રહિત થયા નથી. તે પછી દિવાળી આવી, હોળી આવી ને ચૈત્ર માસમાં શ્રીહરિજીને ૪૯મું વર્ષ બેઠું, પછી જેષ્ઠ માસની સુદિ - ૧૦ને દિવસે શ્રીહરિજી અંતર્ધાન થયા) તે જેષ્ઠ માસ ઉતરતા ૧૮૮૬ની સંવત પૂરી થઈ.)

**द्युप तय एव =** જુઓ લો.પ્ર.વ.૧૦નું વિવરણ.

**વિશલ્યકરણી ઔષધિ =** શલ્ય (બાણ) રહિત કરે તેવી ઔષધિ, મૃતસંજીવની જેવી એ નામની ઔષધિ.

**વમન =** ઊલટી થવી.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે--

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

સર્વજીવહિતાવહ
બ્રહ્મયજ્ઞના
૨૫
વર્ષ
રજત પર્વે અમૃત સમીપે
૧૯૮૧ - ૨૦૦૬

ભગવાન જેના પર રાજી હોય તેની જ કસોટી કરે છે.

કસોટી કરનાર કોણ છે?

પછી ભલેને કરે, કસોટીમાંથી તારશે પણ તે જ,

તેવી દૃઢતા રાખવી.

- પૂજ્યશ્રી નારાયણભાઈ